સુવિચાર

''રસ્તો ચાલે નહીં, એ રસ્તો જ બતાવે. ચાલવું તો આપણે જ પડે છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૧૧/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

અમરેલી એકસપ્રેસ

www.amreliexpress.com

શુભ દીપાવલી

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ



શિવ ફરસાણ (લાઠીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો વદ-૧૫ વર્ષ : ૧૭ અંક : ૨૭૭

સમગ્ર પંથકમાં કલાપ્રેમીઓમાં ''દિપોત્સવી પર્વે'' છવાયો ખૂશીનો માહોલ

મૈ વાહ : અમરેલીમાં ૧૪ કરોડનાં ખર્ચે બનશે ટાઉન હોલ

ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાનાં વિકાસ કાર્યોની યાદીમાં વધુ એક સિધ્ધિ જોડાઈ

વરસડા રોડ ઉપર ટેકનીકલ સ્કૂલનાં વિશાળ પટાંગણમાં આધુનિક સુવિધાસભર ટાઉન હોલનું કરાશે નિર્માણ

ટાઉન હોલનું નિર્માણ થવાથી નાટકો, કવિ સંમેલન, મ્યુઝિકલ નાઈટ સહિતનાં કાર્યક્રમો યોજાશે

આગામી થોડા જ દિવસોમાં વહીવટી પ્રક્રિયા પૂર્ણ થશે : નિર્માણ કાર્ય કરાશે શરૂ



અમરેલી, તા. ૭

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરને આધુનિક સુવિધા મળી રહે તે માટે દિવસ–રાત સતત મહેનત કરતાં યુવા ધારાસભ્ય અને રાજ્યનાં ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાનાં પ્રયત્નોથી શહેરમાં ૧૪ કરોડ રૂપિયાનાં ખર્ચે અતી આધુનિક સુવિધાસભર ટાઉન હોલનું નિર્માણ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ અંગે ઉર્જા રાજ્યમંત્રી

અનુસંધાન પાના ૧૨ ઉપર



લાઠીનાં ધુકણીયા ગામ નજીક ટ્રેકટર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં પત્નીની નજર સામે પતિનું મોત

બાઈક ઉપર રહેલ બાળકને પણ ઈજા પહોંચી

અમરેલી, તા. ૭

લાઠી તાલુકાના ધુકણીયા ગામે રહેતા નિલેશભાઈ ઘુસાભાઈ રાઠોડ નામના યુવકના ભાઈ મરણ જનાર પ્રવિણભાઈ ઘુસાભાઈ રાઠોડ તથા તેમના પત્નિ રૂપલબેન પ્રવિણભાઈ રાઠોડ તથા તેમનો પુત્ર દેવાંશુ સાથે તા. ૫ ના સાંજના આશરે ૫ વાગ્યા આસપાસ મોટર સાયકલ લઈને જતા હતા. ત્યારે મરણ જનાર પોતાનુ મોટર સાયકલ ચલાવતા હોય

અનુસંધાન પાના ૧૨ ઉપર







ધનતેરસનાં પાવન દિવસે જમીન દસ્તાવેજનું કાર્ય સંપન્ન થયું

અમરેલીમાં રૂપિયા ૧૦.૮૯ કરોડનાં ખર્ચે લેઉવા પટેલ સમાજનું ભવન બનશે

સમાજ ભવનનાં નિર્માણ માટે સહકારી અગ્રણી દિલીપ સંઘાણી પરિવારનું રૂપિયા ૩.૭૧ કરોડનું અનુદાન

સાવરકુંડલા માર્ગ ઉપર ૧૬ વિઘા જમીનમાં બનનાર ભવન સામાજિક, શૈક્ષણિક સહિતની પ્રવૃત્તિઓનું માધ્યમ બનશે

ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયાની ઉપસ્થિતિમાં દસ્તાવેજનું કાર્ય પૂર્ણ

લેઉવા પટેલ સમાજનાં પ્રમુખ ડી.કે. રૈયાણી સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા









અમરેલી, તા. ૭

અમરેલી લેઉવા પટેલ સમાજ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે જેમાં અમરેલી શહેરનાં સાવરકુંડલા રોડ પર અદ્યતન લેઉવા પટેલ સમાજ ભવનનું નિર્માણ કરવામાં આવનાર છે. જેના માટે ૧૬ વિઘા જમીનનો દસ્તાવેજ ધનતેરસમાં પાવન પર્વે કરવામાં આવ્યો હતો, આજ મીનની કિંમત રૂા. ૧૦.૮૯ કરોડ છે. સમાજ ભવનના નિર્માણ માટે દિલીપ સંઘાણી પરિવાર તરફથી રૂા. ૩.૭૧ કરોડનું દાન આપવામાં આવેલ છે. સમાજના આગેવાનો અને દાતાઓના સહયોગથી અમરેલીમાં આધુનિક સુવિધાઓથી સજજ ભવન નિર્માણ કાર્ય ટૂંક સમયમાં જશરૂ કરવામાં આવશે. ધનતેરસના શુભ દિવસે જમીન દસ્તાવેજ પ્રસંગે સમાજના મોભી ઈકકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ઉર્જા રાજયમ્રી કૌશિકભાઈ વેકરિયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, લેઉવા પટેલ સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી, વસંતભાઈ મોવલીયા, કાળુભાઈ ભંડેરી, કાંતિભાઈ વઘાસીયા, મુકેશભાઈ સંઘાણી, મનિષભાઈ સંઘાણી, દિનેશભાઈ ભુવા, એમ.કે. સાવલીયા, રમેશભાઈ કાથરોટીયા સહિત સમાજના અગ્રણીઓ–આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દિલીપ સંઘાણીએ લેઉવા પટેલ સમાજ ભવનના આયોજન અને તેની વિશેષતાઓ અંગે આગેવાનો વિગતવાર ચર્ચા કરી માહિતગાર કર્યા હતા. સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી અને કાળુભાઈ ભંડેરીએ સમાજ ભવનની આવશ્કયતા અને તેની ઉપયોગીતા તેમજ અત્યાર સુધીની કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ રજુ કરવામાં આવેલ. ઉપસ્થિત તમામ આગેવાનોનું શબ્દોથી સ્વાગત રાજેશભાઈ માંગરોળીયાએ કરેલ. આ ભવન નિર્માણથી સામાજીક, શૈક્ષણિક અને વિવિધ સામુહિક પ્રવૃત્તિઓ માટે પ્રદાન બનશે. ધનતેરસના પવિત્ર દિવસે જમીન દસ્તાવેજ પ્રક્રિયા પૂર્ણ પૂર્ણ થતાં સમાજનાં આગેવાનો અને લોકોમાં આનંદની લાગણી પ્રસરી છે. ટૂંક સમયમાં નિર્માણ કાર્ય શરૂ થવાની જાહેરાત સાથે સમાજ ભવનનાં સ્વપ્ન સાકાર થવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયુ હોવાનું સમાજની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

''રાજદિપ એન્ટરપ્રાઈઝ''નાં બેનરતળે

લાઠીનાં ચાવંડ ગામ નજીક લાયસન્સ વગર જવલનશીલ પેટ્રોલીયમનું થતું વેચાણ ઝડપાયુ

મામલતદાર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાઈ

અમરેલી, તા. ૭

બાબરા ગામે રહેતા અને લાઠી તાલુકાના ચાવંડ ગામે રાજદિપ એન્ટરપ્રાઈઝ નામે વ્યવસાય કરતાં અમનખા દિલાવરખા ભોજવાણી નામના આરોપીએ લાઠી તાલુકાના ચાવંડ ગામથી આગળ પેરામાઉન્ટ હોટલ પાસે આવેલ ''રાજદિપ એન્ટરપ્રાઈઝ'' ખાતે ગત તા. ૨૪/૩/૨૬ના રોજ બપોરના સમયે સક્ષમ સત્તાધિકારીની જરૂરી મંજૂરી તથા લાયસન્સ મેળવ્યા વગર બાયોપ્રોડકટના નામે માણસોની જીંદગી જોખમમાં મુકાય અને બેદરકારીથી સળગી ઉઠે તેવા જવલનશીલ પેટ્રોલિયમ પદાર્થની અનધિકૃત રીતે ખરીદી, વેચાણ અને સંગ્રહ કરી સોલ્વન્ટ રેફીનેટ એન્ડ સ્લોપ (એકવીઝીશન સેલ સ્ટોરેજ એન્ડ પ્રિવેન્શન યુઝ ઈન ઓટો મોબાઈલ) ઓર્ડર–૨૦૦૦ તથા મોટર સ્પીરીટ અને હાઈસ્પીડ ડીઝલ (રેગ્યુલેશન એન્ડ પ્રીવેન્શન ઓફ માલ પ્રેકટીસ) ઓર્ડર–૨૦૦૫ તથા પેટ્રોલીયમ એકટ–૧૯૩૪ અને પેટ્રોલિયમ રૂલ્સ–૨૦૦૦ની જોગવાઈઓનો ભંગ કરી તેમજ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ની કલમ–૩, ૭ તથા ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ ૨૮૭ મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.સી. ડાભીને એએસઆઈ તરીકે પ્રમોશન

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને પોતાની કર્તવ્યનિષ્ઠા તેમજ ડ્યુટી પ્રત્યેની ઈમાનદારી માટે જાણીતા હેડ કોન્સ્ટેબલ બી.સી. ડાભીને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (એએસઆઈ) તરીકે બઢતી (પ્રમોશન) મળતા પોલીસ બેડામાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.

ડાભીને આ નવું પદ મળવા પર પોલીસ પરિવાર અને સ્ટાફ દ્વારા હર્ષોલ્લાસ સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે સિકયુરિટી ગાર્ડ અમિતગીરી ગોસ્વામી તેમજ પોલીસ પરિવારના આગેવાન દકુભાઈ જોષી દ્વારા વિશેષ ઉપસ્થિત રહીને બી.સી. ડાભીને પુષ્પગુચ્છ અર્પણ કરી અને મોં મીઠું કરાવીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સાથી કર્મચારીઓની આ શુભકામનાઓ સ્વીકારતા બી.સી. ડાભીએ સહુનો આભાર વ્યકત કર્યો હતો અને આગામી સમયમાં પણ પોતાની ફરજ વધુ નિષ્ઠા અને જવાબદારીપૂર્વક નિભાવવા માટે કટિબદ્ધતા દાખવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ નવનિયુકત એએસઆઈ ડાભીને ઉજજવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આદુ-મરચાથી ભરપુર
રપે. વાટીદાળના ખમણ
તેમજ રપે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૬૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA
The call of the BLUE
My Style My Vibe
NEW Fascino 125 Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ
ફરસાણ
(ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મશળો.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

આ તહેવાર સુખ, સંપત્તિ, આયુષ્ય, સલામતિ, સૌભાગ્ય, સમૃધ્ધિ અને સદભાવનાની અવિરત જ્યોત આપના જીવનમાં પ્રગતિ રહે અને આપનો પરિવાર સંપૂર્ણ વૈભવથી પરિપૂર્ણ થાય એવી શુભેચ્છા.....

સેવા સહકાર સંગઠન

"એક પગલું ધ્યેય તરફ..."

શ્રી અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી

(રજી.નં.એ.એમ.આર/સે.(૨) ૩૬૫૭૩/૨૦૧૭ તા. ૧૬/૦૧/૨૦૧૭

નારાયણ પ્લાઝા કોમ્પ્લેક્ષ, બીજો માળ, ભીડભંજન મંદિર સામે, સહકાર ભવન, અમરેલી ફોન : ૦૨૭૯૨-૨૨૩૦૨૩

શ્રીમતિ રેખાબેન એન. માવદીયા-ચેરમેનશ્રી

શ્રી રમેશભાઈ એન. ખોરાસીયા-વાઈસ ચેરમેનશ્રી

શ્રી અંકુરભાઈ એન. માવદીયા-મેનેજીંગ ડીરેકટરશ્રી

શ્રી જીતેન્દ્રભાઈ જે. મહેતા-જનરલ મેનેજરશ્રી

શ્રી અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી

નારાયણ પ્લાઝા કોમ્પ્લેક્ષ, બીજો માળ, ભીડભંજન મંદિર સામે, સહકાર ભવન, અમરેલી ફોન : ૦૨૭૯૨-૨૨૩૦૨૩

શુભ દીપાવલી એવમ્ નુતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

આ શુભ દિવાળી પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

શ્રી હરી એસ્ટેટ

SHREE HARI Estate Agency

Home, Shope, Plot & Agriculture Property Broker

નિલેષભાઈ સેદાણી Mo. 98793 24624

ગર્વેશભાઈ સેદાણી Mo. 99241 19195

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી તેમજ પંજાબી મળશે...

॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥

પંજાબી ચાઈનીઝ

કાઠિયાવાડી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે

શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩

કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

Happy Diwali FESTIVAL OF LIGHTS

આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના ભવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રી પ્રહલાદ સોલંકી

પ્રમુખશ્રી : સાંઇધામ ચેરીટેબલ ટ્રસ્ટ - અમરેલી

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

Happy Diwali FESTIVAL OF LIGHTS

આ શુભદિવાળી પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

શ્રી રવુભાઈ ખુમાણ

પૂર્વ મહામંત્રી : જીલ્લા ભાજપ અમરેલી

પૂર્વ પ્રમુખ : નગરપાલિકા- રાજુલા

સદસ્યશ્રી : નગરપાલિકા - રાજુલા

ડિરેકટરશ્રી : નાગરિક બેન્ક રાજુલા

નામ નોંધાવવા માટે (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી

કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D)

ડો. આર.ડી. ઘોડાસરા (M.S)

ડો. રૂચિતા જેઠવા (M.D)

ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)

અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ

ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬

ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

naari HOSPITAL હોસ્પિટલ

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

naarihospitalamreli@gmail.com

Aikyam એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ

ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..

ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.

કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ

મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..

:: લક્ષણો ::

- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુધ્ધિ બાળકોની સારવાર
- ચિંતા - ટેન્શન
- માથાનો દુઃખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા

સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.

Mo. 97370 28181 | Ph. 02792-224224

મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

Hero

આવ્યો તહેવાર હીરો પર સવાર

દિવાળી આવી, ઓફરો લાવી!

ખુશીઓના દીવા પ્રગટાવો, નવી Hero ઘરે લાવો!

110 CC SCOOTERS DESTINI 110 | PLEASURE કેશ ડિસ્કાઉન્ટ ₹2,100*

DESTINI 125 કેશ ડિસ્કાઉન્ટ ₹2,500*

એકસચેન્જ બોનસ ₹5,000*

મર્યાદિત સમય માટે

Navnit Hero

ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

Krishna DINING HALL

કિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહલાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬

જયદીપ પટેલ : મો. ૯૮૭૬૬ ૯૪૦૦૧

: હેડ ઓફિસ :

કિષ્ના કેટરર્સ

કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

નિલકંઠ જ્વેલર્સ®

આજે દીવાળીની શુકનવંતી ખરીદી કરવા પધારો

ઇનામોની વણઝાર

રૂ. ૧૦,૦૦૦ ના ખરીદી પર ગ્રાહકોને ચાંદીની ખરીદી પર ૫૦૧ ઇનામો

નિલકંઠ જ્વેલર્સ

નિલકંઠ જ્વેલર્સ

નિલકંઠ જ્વેલર્સ Exclusive Silver Jewellery Showroom

નિલકંઠ જેમ્સ

તા. ૦૧-જુન, ૨૦૨૬ થી તા. ૧૫-ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી

63 56 56 0000

અમરેલી માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧ Mo. 96013 98981 Mo. 98250 91721

રાજકોટ પેલેસ રોડ, ભગવતી ફાસ્ટ ફુડની સામે, રાજકોટ- ૩૬૫ ૬૦૧ Mo. 95375 25000

શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી.

રજી.નં.સે.શ.૩૬૭૫૩/૧૦

બગસરા / અમરેલી / વિસાવદર / ડુંકાવાવ / ભેસાણ / ચુડા / ભાલગામ / ધારી / અમદાવાદ / જુનાગઢ / મેંદરડા

દિવાળી સાજ નૂતન વર્ષ

નવા વર્ષનું નવું પરોઢ, લાવે આશાના સોનેરી કિરણ,

ઝગમગતા દીવડાનાં દિવ્ય પ્રકાશથી ઝળહળે આપનું આંગણું,

સુખ, શાંતિને અખૂટ સમૃધ્ધિનું સદાય બને એ સરનામું !

આપને અને આપના પરિવારને પ્રકાશના મહાપર્વ દિવાળી અને નૂતન વર્ષની અંતઃકરણપૂર્વક હાર્દિક શુભકામનાઓ.

શુભેચ્છક

શ્રી જયસુખભાઈ ગોંડલિયા એમ.ડી.શ્રી

શ્રીઅનિલભાઈ વેકરિયા ચેરમેનશ્રી

શ્રી દિપકભાઈ આંબલિયા મંત્રીશ્રી

શ્રી દિવ્યેશભાઈ વેકરિયા વાઈસ ચેરમેનશ્રી

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ

SHYAM Caterers

સ્પે. ગુજરાતી થાળી

શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)

શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ

શીંગતેલમાં રજવાડી ઉંધીયુ

અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ

The King of catcring service

અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૬૭૮૩

જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૬૫

સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM

WE ARE HIRING

JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Namkeen Sales HOD - 1
- Liaisonig Officer - 2
- Sales & Marketing Officer - 3 (ice cream/milk/namkeen)
- Cashier - 2
- Sales Co - Ordinator - 7
- Business Development Manager - 1
- Franchise Development Manager - 1
- Junior Accountant - 2
- Billing Operator - 2
- Telecaller - 1
- Reporting Manager - 2
- HR - Recruiter - 1

Only Male Candidates With Experience May Apply.

Location : Amreli, Gujarat.

hrsopl1987com

+91 95109 59957

APPLY NOW

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

ગુજકોમાસોલ - ગામડાનો ઘબકાર

વૈવિધ્યકરણ અને મૂલ્યવર્ધન

બનાના ફાઈબર પ્લાન્ટ

ખાતર વિતરણ - ખાતર કંપની

ખાતર વિતરણ

બિયારણ વિતરણ - બિયારણ પ્રોસેસીંગ પ્લાન્ટ

બિયારણ પ્રોસેસીંગ પ્લાન્ટ

અનાજ વિભાગ

જંતુ દવા વિભાગ

ખેત ઉત્પાદનની ખરીદી

સ્ટોરેજ વ્યવસ્થા - ૨ લાખ મે.ટનની સ્ટોરેજ ક્ષમતા

પ્રોસેસીંગ યુનિટ - રાઈસ મીલ - પલ્સ મીલ - ઓઈલ મીલ - બિયારણ પ્રોસેસીંગ યુનિટ

બીપીન પટેલ (ગોતા) વાઈસ ચેરમેન

દિલીપ સંઘાણી ચેરમેન

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિ.

દિવાળીનાં તહેવાર ઉપર દારૂની હેરફેર વધી

બાબરામાંથી ઈકો કારમાંથી વિદેશી દારૂની ૨૨૫ બોટલ સાથે આરોપીની અટકાયત

કાર, દારૂ સહિત રૂપિયા ૨.૮૮ લાખનો મુદ્દામાલ જબ્બે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરા શહેરમાં દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત બાબરા પોલીસની સર્વેલન્સ ટીમે દરેડ રોડ પર ઈંટોના ભઠ્ઠા પાસે ઊભેલી એક ગ્રે કલરની ઈકો કારમાંથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂની ૨૨૫ બોટલો ઝડપી પાડી એક શખ્સને ઝડપી પાડયો હતો. પોલીસે દારૂ અને વાહન સહિત કુલ રૂા. ૨,૮૮,૨૫૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગર રેન્જનાં આઈ.જી.પી. આર.વી. અસારી તથા અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા જિલ્લામાં દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી સફળ કાર્યવાહી કરવા સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લાઠી વિભાગનાં નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતાનાં માર્ગદર્શન હેઠળ બાબરા પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. એસુરાની રાહબરીમાં બાબરા પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ વિજયસિંહ ચારડીયા તથા ભરતભાઈ મકવાણાને મળેલી સંયુક્ત બાતમીનાં આધારે દરેડ રોડ પર ઈંટોના ભઠ્ઠા પાસે ઊભેલી ગ્રે કલરની ઈકો કારની તપાસ કરવામાં આવી હતી. કારની ડ્રાઈવર સીટ પાછળ રાખેલી બે મોટી પ્લાસ્ટિકની થેલીઓ ખોલીને તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂની London Pride Premium Whiskyની ૧૮૦ એમ.એલ.ની કુલ ૨૨૫ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂા. ૩૮,૨૫૦ થાય છે.

પોલીસે રૂા. ૨.૫૦ લાખની ઈકો કાર સહિત કુલ રૂા. ૨,૮૮,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન નારાયણ ઉર્ફે નરેશ જોહરીલાલ મોહનિયા (ઉ.વ. ૨૮), ધંધો મજૂરી, મૂળ રહે. મધ્યપ્રદેશ અને હાલ બાબરા દરેડ રોડ વિનુભાઈની વાડીએ રહેતા શખ્સને ઝડપી પાડી ગુજરાત પ્રોહિબિશન એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સફળ કામગીરી બાબરા પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. ઔસુરાની રાહબરી હેઠળ એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી, એ.એસ.આઈ. રાજભા વાઘેલા, એ.એસ.આઈ. અનોપસિંહ સોલંકી, હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ કોતર, પોલીસ કોન્સ્ટેબલ જગદીશભાઈ રામાણી, ગોકળભાઈ રાતડીયા, વિજયસિંહ ચારડીયા તથા ભારતભાઈ મકવાણા સહિતની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

બાબરા પોલીસની આ કાર્યવાહીથી શહેરમાં ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિઓ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

સવારે ૯ કલાકે ૨ બાળકો રમતા હોય દીપડો આવી પહોંચ્યો

અમરેલીનાં સણોસરામાં શ્રમિક પરિવારનાં ૮ વર્ષિય બાળકને દીપડાએ મોતને ઘાટ ઉતાર્યો

બનાવની જાણ થતાં ગ્રામજનો ઘટના સ્થળે દોડી ગયા : વન તંત્રને જાણ કરાઈ





અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં દીપડાનો આતંક હવે હદ વટાવી રહ્યો હોય તેમ એક પછી એક હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે. ધારી તાલુકાના નાગધ્રા અને દેવળા ગામમાં બે બાળકોને ગંભીર ઈજાના બનાવ બાદ આજે વધુ એક ઘટના ઘટી છે. જેમાં અમરેલી તાલુકાના સણોસરા ગામની સીમમાં દીપડાએ વધુ એક માસૂમ બાળકને નિશાન બનાવી ફાડી ખાતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ અને અરેરાટી વ્યાપી ગઈ છે. ખેતરમાં કપાસના પાક વચ્ચે રમતા પરપ્રાંતીય ખેતમજૂર પરિવારના માત્ર આઠ વર્ષના બાળક પર દીપડાએ અચાનક હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારતાં પરિવાર ઉપર આભ તૂટી પડયું છે.

આ બનાવમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલી તાલુકાના સણોસરા ગામની સીમ વિસ્તારમાં પરપ્રાંતીય ખેતમજૂર પરિવારનો આઠ વર્ષીય સાહિલ હરેશભાઈ નામનો બાળક કપાસના ખેતરમાં રમતો હતો. ત્યારે જ અચાનક દીપડો બાળક ઉપર ત્રાટકયો હતો અને બાળક પર જીવલેણ હુમલો કર્યો હતો. દીપડાના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા બાળકનું કરૂણ મોત નિપજયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતાં સ્થાનિક વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતક બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમની કાર્યવાહી માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ વનવિભાગ દ્વારા હુમલો કરનાર દીપડાને પાંજરે પૂરવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક જ અઠવાડિયાના સમયગાળામાં અમરેલી જિલ્લામાં દીપડાના હુમલાની આ ત્રીજી ઘટના સામે આવી છે. અગાઉ ધારી તાલુકાના નાગધ્રા અને દેવળા ગામની સીમમાં દીપડાના હુમલામાં બે બાળકોને ગંભીર ઈજા થયાની ઘટનાઓ બની હતી અને હવે અમરેલી તાલુકાના સણોસરામાં આઠ વર્ષના બાળકનો ભોગ લેવાતાં વન્ય પ્રાણીના વધતા હુમલાઓ સામે ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

એક તરફ ખેતરોમાં પાક લણવાની મોસમ અને બીજી તરફ દીપડાના જીવલેણ હુમલાઓએ ખેતમજૂર પરિવારો અને ગ્રામજનોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વનવિભાગ દ્વારા દીપડાને વહેલીતકે પાંજરે પૂરી વધુ કોઈ નિર્દોષનો ભોગ ન લેવાય તે માટે અસરકારક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

સગીરા અને તેની માતાને અવારનવાર ધમકી આપી સગીરા સાથે દુષ્કર્મ કર્યું

બાબરામાં ૧૪ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ કરવાનાં ગુન્હામાં પોલીસ વિભાગનાં કર્મચારીને ૨૦ વર્ષની સજા

અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં આકરી સજા ફટકારાઈ

અમરેલી, તા. ૭

બાબરા ગામે રહેતી એક ૧૪ વર્ષની સગીરાને બાબરા ગામે પોલીસ ખાતમાં નોકરી કરતા આરોપીએ ગત તા. ૨૯/૫/૨૫ ના ચાર માસ પહેલાંથી આ સગીરા ભોગ બનનારને તથા તેણીના મમ્મીને હેરાન કરવાની અવારનવાર ધમકીઓ આપી ભોગ બનનાર સાથે અવાર નવાર સ્નેપ ચેટમાં વાતચીત કરી તથા ભોગ બનનારનું અપહરણ કરી લઈ જઈ સગીરાના શરીર સાથે અડપલા કરી તથા આરોપીએ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ એક વખત શરીર સંબધ બાંધી બળાત્કાર કરી ભોગ બનનારની જાતીય સતામણી કરી તથા જાતીય હુમલો કરેલ. જે અંગે ભોગ બનનારે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. આ અંગેનો કેસ અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની દલીલ અને આધાર પુરાવાના આધારે સ્પે.કોર્ટના જજ દ્વારા આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૨) (એ) (૧), ૬૪(૨)(આઈ), ૬૫ (૧), ૭૫, ૭૫(૨), ૩૫૧(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૦, ૧૨ માં દોષિત ઠરાવી ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૮,૦૦૦ના દંડની સજાનો હુકમ કરેલ છે.

બાબરા ગામે રહેતી એક ૧૪ વર્ષની સગીરાને શિહોર તાલુકાના દેવગાણા ગામના વતની અને હાલ બાબરા ગામે દાનેવનગર સોસાયટીમાં વિવેકભાઈ ભટ્ટના મકાનમાં રહેતા આરોપી રવિરાજસિંહ પૃથ્વીરાજસિંહ ચૌહાણ નામના આરોપીએ ગત તા. ૨૯/૫/૨૫ ના ચાર માસ પહેલાંથી આ સગીરા ભોગ બનનારને તથા તેણીના મમ્મીને હેરાન કરવાની અવારનવાર ધમકીઓ આપી ભોગ બનનાર સાથે અવાર નવાર સ્નેપ ચેટમાં વાતચીત કરી તથા ભોગ બનનારનું અપહરણ કરી લઈ જઈ સગીરાના શરીર સાથે અડપલા કરી તથા આરોપીએ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ એક વખત શરીર સંબધ બાંધી બળાત્કાર કરી ભોગ બનનારની જાતીય સતામણી કરી તથા જાતીય હુમલો કરેલ જે અંગે ભોગ બનનારે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલ અને આધાર પુરાવાના આધારે સ્પે. કોર્ટના જજ દ્વારા આરોપી રવિરાજસિંહ પૃથ્વીરાજસિંહ ચૌહાણને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(એ) (૧), ૬૪(૨)(આઈ), ૬૫(૧), ૭૫, ૭૫(૨), ૩૫૧(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૦, ૧૨ માં દોષિત ઠરાવી ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૮,૦૦૦ના દંડની સજાનો હુકમ કરેલ છે.

''દિપોત્સવી પર્વ''ની ઉજવણી વચ્ચે

ખાંભા પંથકમાં ઉનાથી ૩૬ કિ.મી. દૂર ભૂકંપનાં ૨ આંચકા નોંધાયા

સાંજે ૬:૦૮ અને ૬:૧૧ મિનિટે આવ્યા આંચકા

અમરેલી, તા. ૭

ખાંભા પંથકમાં ઉનાથી ૩૬ કિ.મી. દૂરનાં વિસ્તારમાં "દિપોત્સવી પર્વે'' સાંજનાં ૬:૦૮ અને ૬:૧૧ મિનિટે ભૂકંપનાં ૨ આંચકા સૌએ અનુભવ્યા છે.

સીસ્મોલોજી વિભાગે પણ ભૂકંપનાં આંચકા અંગે પુષ્ટિ આપે અને ભૂકંપનો આંચકો ૨.૫ની તિવ્રતાનો હોવાથી નુકસાનનાં કોઈ સમાચાર નથી.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ગીર પૂર્વ વનવિભાગ એકશન મોડમાં

દિવાળીના તહેવારો દરમિયાન ગેરકાયદે 'લાયન શો' કરનારાઓની હવે ખેર નથી

અલગ–અલગ ટીમો દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ



અમરેલી, તા. ૭

દિવાળીના તહેવારોમાં મુંબઈ, સુરત, અમદાવાદ સહીત વસતા લોકો વતન તરફ આવી રહ્યા છે, ત્યારે તેમાંથી કેટલાક લોકો ગેરકાયદેસર લાઈન શો સહીતની ગેરકાયદેસર પ્રવૃતિઓ ના કરે તે માટે થઈ તથા વન્ય પ્રાણીઓની સુરક્ષા અને ગેરકાયદેસર રીતે યોજાતા 'લાયન શો પર અંકુશ મૂકવા માટે ગીર પૂર્વ વનવિભાગ એકશન મોડમાં આવી ગયું છે.

દિવાળીના તહેવારો દરમિયાન સિંહ દર્શનના નામે વન્યપ્રાણીઓને પરેશાન કરવાની કે તેમને એક સ્થળે ભેગા કરીને ગેરકાયદેસર રીતે લાયન શો યોજવાની પ્રવૃત્તિઓ અટકાવવા વનવિભાગ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

દિવાળીના તહેવારોમાં બહારગામ વસતા અનેક લોકો વતનમાં આવતા હોય છે. આ સમયગાળા દરમિયાન ગીર વિસ્તાર અને આસપાસના રેવન્યુ વિસ્તારોમાં સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓની અવરજવર પણ વધતી હોવાથી કેટલાક લોકો દ્વારા વન્યપ્રાણીઓના દર્શન માટેનિયમોનો ભંગ થવાની શકયતા રહે છે. આવી પ્રવૃત્તિઓને અટકાવવા ગીર પૂર્વ વનવિભાગ દ્વારા અલગ–અલગ પેટ્રોલિંગ ટીમોને સક્રિય કરવામાં આવી છે.

ખાસ કરીને ગેરકાયદેસર લાયન શો પર નજર રાખવા માટે વનવિભાગે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટીમો દ્વારા ગીર પૂર્વના સમગ્ર વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. જંગલ વિસ્તાર ઉપરાંત રેવન્યુ વિસ્તારમાં પણ વન્ય પ્રાણીઓની હિલચાલ અને તેમની આસપાસ થતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

વનવિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, વન્ય પ્રાણીઓને જંગલ કે રેવન્યુ વિસ્તારમાં કોઈપણ પ્રકારની ખલેલ પહોંચાડવી, તેમને ઘેરી લેવા, ખોરાક કે અન્ય પ્રલોભન આપીને એક સ્થળે ભેગા કરવા અથવા ગેરકાયદેસર રીતે લાયન શો યોજવો એ ગંભીર ગુનો છે. આવી પ્રવૃત્તિ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે ગીર પૂર્વ વનવિભાગ, ધારીના એ.સી.એફ. એસ.આર. વાણીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે વન્યપ્રાણીઓની સુરક્ષા વનવિભાગની પ્રાથમિકતા છે. દિવાળીના તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને વન્યપ્રાણીઓને કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે માટે પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. તેમજ સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરીને સમગ્ર વિસ્તારમાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.આમ, દિવાળીના તહેવારોમાં સિંહ દર્શનના નામે વન્ય પ્રાણીઓને હેરાન કરનારા તત્વો સામે ગીર પૂર્વ વનવિભાગે લાલ આંખ કરી છે અને ગેરકાયદેસર લાયન શો યોજનારાઓને રોકવા માટે વનતંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

જિલ્લાનાં લાખો પરિવારોનું દિવાળી પર્વે વતન તરફ પ્રયાણ

સુરતથી અમરેલી તરફ આવતી ખાનગી અને સરકારી બસોમાં ભારે ભીડ : વતનપ્રેમી છલકાયા

૬૨ વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પર્વને લઈને વતનપ્રેમીઓ આવી પહોંચ્યા



અમરેલી, તા. ૭

દિવાળીના પર્વે વતનની માટીની મહેક અને પરિવારજનો સાથે તહેવાર મનાવવાની આતુરતા કંઈક અલગ જ હોય છે. રોજગાર–વ્યવસાય અર્થે સુરત સહિતના શહેરોમાં વસવાટ કરતા અમરેલી જિલ્લાના હજારો પરિવારો દિવાળીની ઉજવણી કરવા અલગ અલગ વાહન મારફતે પોતાના વતન ભણી પરત ફરી રહ્યા છે. તેમ છતાં પણ અમરેલી એસ.ટી. ડેપોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને સુરતથી અમરેલી આવતી એસ.ટી. બસોમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળતાં અમરેલી સહિત જિલ્લાના એસ.ટી. ડેપો મુસાફરોથી ઉભરાઈ રહ્યા છે.

દિવાળીના તહેવારો દરમિયાન વતન પરત ફરતા મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે અમરેલી એસ.ટી. ડિવિઝન દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સુરતથી અમરેલી આવનારા મુસાફરોની સંખ્યા વધુ હોવાથી અમરેલી ડિવિઝનની ૬૦થી વધુ વધારાની બસો સુરત તરફ દોડાવવામાં આવી રહી છે. આ ઉપરાંત અમરેલીમાં રોજગાર–વ્યવસાય અર્થે વસવાટ કરતા દાહોદ અને ગોધરા પંથકના લોકો પણ દિવાળી પર્વે પોતાના વતન જતા હોવાથી તેમને પણ એસ.ટી. બસ સેવાનો લાભ મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલીથી સુરત જતી એસ.ટી. બસો દાહોદ અને ગોધરા થઈને ખાસ જવા ખાસ સૂચના આપવામાં આવતા આ દાહોદ અને ગોધરા વિસ્તારના મુસાફરોને પણ તેનો લાભ મળી રહ્યો છે. આમ, અમરેલીના મુસાફરોની સાથે દાહોદ–ગોધરા તરફના લોકો માટે પણ એસ.ટી. નિગમની આ વ્યવસ્થા દિવાળીના પર્વે આશીર્વાદરૂપ બની છે.

બીજી તરફ આજે અમરેલી સહિત જિલ્લાના વિવિધ એસ.ટી. ડેપોમાં સુરતથી મુસાફરોને ભરીને આવતી બસોના ખડકલાં જોવા મળ્યા હતા. મુસાફરોને તેમના સ્થાને પહોંચાડયા બાદ કેટલીક બસોને તાત્કાલિક પરત રવાના કરવામાં આવી રહી હતી. તેમ છતાં અમરેલી બસ પોર્ટ પર બસોની અવર જવર અને પાર્કિંગનો પ્રશ્ન ઊભો થયો હતો. પરિસ્થિતિ એવી સર્જાઈ હતી કે, મુસાફરોને ઉતારીને પરત જવા તૈયાર બસોને પણ બસ પોર્ટમાં પાર્ક કરવા માટે પૂરતી જગ્યા મળી રહી નહોતી.

અહીં નોંધનીય છે કે, અમરેલીમાં નવું બસ પોર્ટ બનાવવામાં આવ્યા બાદ પણ તહેવારોના સિવાયના દિવસોમાં પણ શેડયૂલ મુજબની બસો ઊભી રાખવા માટે જગ્યાનો અભાવ વર્તાઈ રહ્યો છે. ત્યારે દિવાળીના તહેવારોમાં વધારાની બસો દોડાવવાની જરૂરિયાત ઊભી થતાં બસ પોર્ટની ક્ષમતા અને પાર્કિંગ વ્યવસ્થાનો પ્રશ્ન ફરી એકવાર સપાટી પર આવ્યો છે.

એક તરફ વતન પરત ફરતા પરિવારોમાં દિવાળીની ખુશી અને ઉત્સાહ છલકાઈ રહ્યો છે, તો બીજી તરફ એસ.ટી. ડેપોમાં ઉમટેલી મુસાફરોની ભીડ અને બસોના ખડકલાં તહેવારોમાં જાહેર પરિવહન વ્યવસ્થા પર વધેલા ભારણની ચાડી ખાઈ રહ્યા છે.

''શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ''

દીપો નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર, લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર,
અમારી શુભકામનાઓ કરો સ્વીકાર, શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...

શુભેચ્છક

ગાયત્રી સંસ્કાર વિદ્યાલય | માતા પિતાનું ઘર વૃધ્ધાશ્રમ | સંસ્કૃત શકિત ગુરૂકુળ
હરીબા મહિલા કોલેજ | શિવ બાલાશ્રમ | રક્ષા શકિત સ્કૂલ
શ્રી રામ હોસ્પીટલ | શ્રી કૃષ્ણ ગૌશાળા | અબ્દુલ કલામ યંગ વુમન સાયન્સ સેન્ટર



ગાયત્રી સંસ્કાર ધામ
ઘારી રોડ, ચલાલા,
તા.ઘારી, જિ.અમરેલી.

પુ.સંતશ્રી ડો.રતિદાદા
(સંસ્થાના શિલ્પી)



શ્રી મહેશભાઈ મહેતા
ડાયરેકટરશ્રી (ભારત ભૂષણ)

''શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ''

નવું વર્ષ આપ સૌને સુખ, શાંતિ, સમૃધ્ધિ અને સ્વાસ્થ્યરૂપી નિવડે અને આપ
પ્રગતિનાં તમામ શિખરો સર કરો એવી નવા વર્ષની શુભેચ્છાઓ.... 'જય નાગનાથ'





શ્રી ડી. કે. રૈયાણી

કેયુર ડી. રૈયાણી – દર્શન ડી. રૈયાણી
હોટલ દર્શન – દર્શન હાઇટ્સ
: અમરેલી :

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન

દીપાવલી નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર, લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર,અમારી
શુભકામનાઓ કરો સ્વીકાર,શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...



શુભેચ્છક

શ્રી મધુરમ્ કન્સ્ટ્રકશન
(ઈન્ડીયા) લી.
જુનાગઢ

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન

પ્રકાશના આ પર્વે, તમારૂ જીવન સુખ,
સમૃધ્ધિ અને સફળતાના દિપોથી
ઝગમગી ઉઠે એજ અભ્યર્થના...

: શુભેચ્છક



નટરાજ રોડ લાઈન્સ
આશાપુરા ટ્રાન્સપોર્ટ કું.
અમરેલી – રાજકોટ – ભાવનગર

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન

દીપાવલી નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર, લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર,અમારી
શુભકામનાઓ કરો સ્વીકાર,શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...

:: શુભેચ્છક ::

IndoAsia COPPER LIMITED | IndoAsia AGROTECH FERTILIZERS LIMITED

VILL : LUNSAPR, TA-JAFRABAD, DIST.: AMRELI-365540-GUJARAT (INDIA)

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન

આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને
વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :



કલેરીટી ફિનવેસ્ટ
૭, પહેલા માળે, મેગામોલ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
શૈલષભાઇ કોટેચા મો. ૯૩૭૭૪ ૪૮૬૪૪
ચિત કોટેચા મો. ૯૪૦૯૦ ૭૭૩૫૫

SINCE 1987
CLARITY FINVEST
Right Ideas For Your Money
Investment & Insurance

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન



આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ
તમને અને તમારા પરિવારના જીવનને
વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક
શુભકામનાઓ.....

: શુભેચ્છક : શ્રી જનક તળાવીયા
ધારાસભ્યશ્રી
લાઠી–બાબરા મત વિસ્તાર

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન



Happy Diwali

ભારત જન વિજ્ઞાન જાથા ગુજરાત રાજય



જયંત બી. પંડયા
એડવોકેટ



હર્ષા જે. પંડયા
એડવોકેટ



આકાશ જે. પંડયા
એડવોકેટ

રાજયમાં આર્થિક નબળાને કાયદાકિય માર્ગદર્શન (રાજકોટ-અમદાવાદ)

અમદાવાદ ઓફિસ
૯, રાજયોગ કોમ્પ્લેક્ષ, હોટેલ યુનિટી સામે,
સોલા ભાગવત કોસ રોડ પાસે, આર.સી. ટેકનિકલ રોડ,
ઘટલોડિયા, અમદાવાદ
મો.નં. ૯૦૮૧૮૧૬૬૮૯

ગુજરાત હાઈકોર્ટ

રાજકોટ ઓફિસ
'જય વિજ્ઞાન', ૧-જીવનગર, બ્રહ્મસમાજ પાસે,
કનૈયા ચોક, રૈયા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭
ફોન : ૦૨૮૧ - ૨૫૭૩૬૮૯
મો.નં. ૯૮૨૫૨ ૧૬૬૮૯ - ૯૪૨૬૯ ૮૦૯૫૫

અયોધ્યામાં દીપોત્સવની ભવ્ય ઉજવણી

અયોધ્યામાં ૩૦ લાખ માટીના દીવાઓથી ઝળહળી ઊઠી રામનગરી

સરયૂ ઘાટ સહિત અયોધ્યાના વિવિધ સ્થળોએ દીવાઓ પ્રગટાવાયા : ઉજવણીમાં મુખ્યમંત્રી યોગી ઉપસ્થિત રહ્યા

અયોધ્યા, તા.૭

દિવાળીના પાવન અવસરે ભગવાન શ્રીરામની નગરી અયોધ્યામાં ભવ્ય દીપોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવાર, ૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ સમગ્ર રામનગરી ૩૦ લાખ માટીના દીવાઓના પ્રકાશથી ઝળહળી ઊઠી હતી. સરયૂ ઘાટ સહિત અયોધ્યાના વિવિધ સ્થળોએ દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. આ ભવ્ય ઉજવણીમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દિવાળીના પર્વ નિમિત્તે અયોધ્યામાં દીપોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. લાખો માટીના દીવાઓ પ્રગટાવાતાં સમગ્ર શહેરમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને સરયૂ નદીના ઘાટ પર દીવાઓની રોશનીએ અદભૂત દૃશ્ય સર્જ્યું હતું. આ ભવ્ય નજારો જોવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ અયોધ્યા પહોંચ્યા હતા.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શનિવારે અયોધ્યા પહોંચ્યા હતા. દીપોત્સવના કાર્યક્રમમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ અયોધ્યાએ ફરીથી પોતાની સાંસ્કૃતિક ઓળખ અને ગૌરવ પ્રાપ્ત કર્યું છે. તેમણે જણાવ્યું કે એક સમય હતો જ્યારે અયોધ્યાને ઉપેક્ષિત રાખવામાં આવી હતી, પરંતુ આજે આ જ અયોધ્યા ત્રેતાયુગની યાદ અપાવે તે રીતે જીવંત બની રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતાના સંબોધનમાં ભગવાન શ્રીરામના મહત્ત્વ અંગે જણાવ્યું હતું કે શ્રીરામની ચેતના એ ભારતની ચેતના છે. તેમણે કહ્યું કે શ્રીરામ ભારતની સંસ્કૃતિ, સંસ્કાર અને આત્મસન્માનનું પ્રતીક છે. અયોધ્યાના કણકણમાં ભગવાન શ્રીરામનો વાસ છે. તેમણે ૧૪ વર્ષના વનવાસ બાદ ભગવાન શ્રીરામ અયોધ્યા પરત ફર્યા ત્યારે થયેલી ઉજવણીની યાદ અપાવતાં આજના દીપોત્સવને પણ ઐતિહાસિક ગણાવ્યો હતો. યોગી આદિત્યનાથે અયોધ્યામાં થયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે હવે અયોધ્યા સ્માર્ટ સિટી તરીકે વિકસિત થઈ રહી છે.

તેમણે ધર્મપથ, ભક્તિપથ અને શ્રીરામ પથ જેવા માર્ગોનો ઉલ્લેખ કરીને કહ્યું કે આ માર્ગો આજે દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને આકર્ષિત કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, અયોધ્યામાં માળખાકીય સુવિધાઓ અને વિકાસકાર્યોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. મુખ્યમંત્રી યોગીએ પોતાના ભાષણમાં રામ મંદિર સાથે જોડાયેલા લાંબા સંઘર્ષ અને કારસેવકોના બલિદાનનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે અનેક પડકારો વચ્ચે રામભક્તોએ પોતાની આસ્થા જાળવી રાખી હતી. આજે અયોધ્યા ફરીથી પોતાના ધાર્મિક અને સાંસ્કૃતિક ગૌરવને ઉજાગર કરી રહી છે. દિવાળીના અવસરે યોજાયેલા આ દીપોત્સવે અયોધ્યાને રોશનીથી ઝળહળાવી દીધી હતી. ૩૦ લાખ માટીના દીવાઓ, સરયૂ ઘાટની સુંદર સજાવટ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે રામનગરીમાં ઉત્સવની અનોખી છટા જોવા મળી હતી. આ દીપોત્સવ માત્ર પ્રકાશનો તહેવાર નહીં, પરંતુ ભગવાન શ્રીરામ પ્રત્યેની આસ્થા, ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતીક બની રહ્યો હતો.

યુદ્ધના કાટમાળમાંથી આશાનું નવું કિરણ

ગાઝાના એન્જિનિયરે ભંગારમાંથી પવનચક્કીઓ બનાવી વીજળી પેદા કરી

જૂના વાયરો, ધાતુના ટુકડા અને સ્કૂટરની મોટરથી હજારો વિસ્થાપિત પરિવારોને મળી વીજળી સુવિધા

નવી દિલ્હી, તા.૭

ચારેબાજુ વિનાશ અને નિરાશા વ્યાપેલી હોય એવા માહોલમાં પણ ઘણીવાર માનવીય હિંમત અને બુદ્ધિ નવો રસ્તો શોધી જ લેતી હોય છે. આવું જ કંઈક યુદ્ધગ્રસ્ત ગાઝામાં જોવા મળી રહ્યું છે, જ્યાં બોમ્બમારાથી સર્જાયેલા કાટમાળ અને ભંગારમાંથી એક આશાનું કિરણ પેદા થયું છે. અહીંના એક એન્જિનિયરે સાબિત કર્યું છે કે જો મક્કમ ઈચ્છાશક્તિ હોય તો ભંગારમાંથી પણ રોશની સર્જી શકાય છે. ગાઝાના ખાન યુનિસ અને અલ-મવાસીમાં હજારો વિસ્થાપિતો શિબિરોમાં જીવી રહ્યા છે. જીવનની મૂળભૂત જરૂરતો પણ માંડ પૂરી થતી હોય એવા સ્થળે એક એન્જિનિયરે કાટમાળ અને ભંગારમાંથી વિન્ડ ટર્બાઈન એટલે કે પવનચક્કીઓ બનાવી કાઢી છે, જે લોકોને વીજળી પૂરી પાડી રહી છે.આ કમાલ ૬૦ વર્ષના કમાલ અલ-દબારી નામના એન્જિનિયરિંગના પૂર્વ વિદ્યાર્થીએ કર્યો છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ શરૂ થયેલા યુદ્ધને હવે ૩ વર્ષ વીતી ગયા છે. વર્લ્ડ બેંકના ડેટા મુજબ, એપ્રિલ ૨૦૨૬ સુધીમાં ગાઝાની ૯૦ ટકાથી વધુ વીજ ઉત્પાદન અને વિતરણ ક્ષમતા નાશ પામી હતી. રસ્તા પર ઈઝરાયલનું કડક નિયંત્રણ હોવાથી રાહત સામગ્રી અને વેપારી પુરવઠો બહુ ઓછી માત્રામાં ગાઝા પહોંચે છે, જેનાથી જીવનજરૂરી વસ્તુઓના ભાવો આસમાને પહોંચ્યા છે.વીજળી મેળવવા માટે અગાઉ કમાલ સોલર પેનલ વાપરતા હતા અને સૂર્યની દિશા પ્રમાણે તેને વારંવાર ફેરવતા રહેતા હતા. પરંતુ હવે એક સોલર પેનલની કિંમત ઓછામાં ઓછી ૧૫૦૦૦ શેકેલ (અંદાજે ૫૦૦૦ ડોલર) થઈ ગઈ છે, જે ગાઝાના મોટાભાગના લોકો માટે ખરીદવી અશક્ય છે. છેલ્લા ૩ વર્ષથી કોઈ કામ કે આવક ન હોવાથી કમાલને પવન ઊર્જાનો ઉપયોગ કરવાનો વિચાર આવ્યો.તેમણે કાટમાળમાંથી જૂના વાયરો, ધાતુના ટુકડા અને સામાન્ય ઓજારો ભેગા કર્યા. પવનચક્કીના પાંખિયાં (બ્લેડ્સ) પાણીની જૂની ટાંકીઓને કાપીને બનાવ્યા. વીજળી ઉત્પન્ન કરવા માટે જૂના સ્કૂટરની મોટરનો ઉપયોગ કર્યો. પવનથી આ પાંખિયાં ફરે છે, ત્યારે મોટર ચાલે છે અને વીજળી પેદા થાય છે.આ નાનકડી શોધે તંબુઓમાં રહેતા પરિવારો માટે મોટી સુવિધા ઊભી કરી છે. પવનચક્કીથી મળતી વીજળીનો ઉપયોગ ફોન ચાર્જ કરવા, લાઈટ અને પંખા ચલાવવા માટે થાય છે. ગાઝામાં દવાઓ અને આરોગ્ય સુવિધાઓ મળવી મુશ્કેલ છે, એવામાં આ વીજળી તબીબી સાધનો ચલાવવામાં પણ જીવનરક્ષક સાબિત થઈ રહી છે. બાળકોને શ્વાસ લેવા માટે નેબ્યુલાઈઝરની (દવા શ્વાસમાં લેવા માટે વપરાતું ઉપકરણ) જરૂર પડે ત્યારે પણ આ વીજળી જ કામ આવે છે.યુદ્ધ દરમિયાન ગાઝાના લગભગ તમામ રહેવાસીઓ ઓછામાં ઓછા એક વખત વિસ્થાપિત થયા છે. હાલમાં ઈઝરાયલ અડધાથી વધુ પ્રદેશ પર નિયંત્રણ ધરાવે છે. મોટા ભાગના લોકો હવે હમાસના શાસન હેઠળના નાના વિસ્તારોમાં રહે છે. અછતના સમયમાં કમાલ અલ-દબારી દ્વારા થયેલી આ શોધ અત્યંત કીમતી સાબિત થઈ છે, કેમ કે આ પવનચક્કી માત્ર વીજળી જ નથી આપતી, પણ લોકોને પોતાના ઘરે પાછા ફરવાની અને આ મુશ્કેલ સમયમાં ટકી રહેવાની હિંમત પણ પૂરી પાડી રહી છે.

મુન્દ્રા પોર્ટ પર DRIનું મોટું ઓપરેશન

અખાતી દેશોથી આવેલા ૧૮ શંકાસ્પદ કન્ટેનર અટકાવ્યા

પ્રાથમિક તપાસ દરમિયાન ત્રણ કન્ટેનરમાંથી કરોડો રૂપિયાની ઇમ્પોર્ટેડ સિગારેટનો જથ્થો મળી આવતાં તપાસ એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે

કચ્છ,તા.૭

ગુજરાતના મુન્દ્રા પોર્ટ પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા દાણચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ગુપ્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. અખાતી દેશોમાંથી આયાત કરવામાં આવેલા ૧૮ શંકાસ્પદ કન્ટેનરોને DRIના અધિકારીઓએ અટકાવી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસ દરમિયાન ત્રણ કન્ટેનરમાંથી કરોડો રૂપિયાની ઈમ્પોર્ટેડ સિગારેટનો જથ્થો મળી આવતાં તપાસ એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે.

DRIને બાતમી મળી હતી કે કેટલાક આયાતકારો કસ્ટમ વિભાગમાં બિલ ઓફ એન્ટ્રી સહિતના જરૂરી દસ્તાવેજો રજૂ કરીને સામાન્ય માલસામાનની આયાત દર્શાવે છે. જોકે, વાસ્તવમાં કન્ટેનરમાં અન્ય માલની આડમાં વિદેશી સિગારેટ છુપાવીને લાવવામાં આવે છે. આ બાતમીના આધારે DRIએ મુન્દ્રા પોર્ટ પર પહોંચેલા શંકાસ્પદ કન્ટેનરોનું ક્લિયરન્સ અટકાવી તપાસ શરૂ કરી હતી.તપાસ દરમિયાન અત્યાર સુધીમાં ત્રણ કન્ટેનરમાંથી ઈમ્પોર્ટેડ સિગારેટનો મોટો જથ્થો મળી આવ્યો છે. બાકીના કન્ટેનરોની તપાસ હજુ ચાલુ હોવાથી જપ્ત થનારા જથ્થા અને તેની કિંમતમાં વધારો થવાની શક્યતા છે.

આ સમગ્ર કૌભાંડમાં માત્ર આયાતકારો જ નહીં, પરંતુ કસ્ટમ હાઉસ એજન્ટોની ભૂમિકા પણ તપાસના દાયરામાં આવી છે. પ્રાથમિક તપાસમાં સિગારેટ અને સોપારીની દાણચોરી સાથે સંકળાયેલી ગેંગ સક્રિય હોવાની વિગતો સામે આવી છે.

મળતી માહિતી મુજબ, આ શંકાસ્પદ કન્ટેનરો મુન્દ્રા પોર્ટથી દિલ્હી સ્થિત તુઘલકાબાદ મોકલવાના હતા. જોકે, માલ આગળ પહોંચે તે પહેલાં જ DRIએ કાર્યવાહી કરીને દાણચોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. આ કેસમાં અમદાવાદ અને દિલ્હીના બે શખ્સોની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

મુન્દ્રા પોર્ટ પરથી અગાઉ પણ ઈ-સિગારેટ અને ચીનથી આયાત કરાયેલા પ્રતિબંધિત ફટાકડાનો જથ્થો ઝડપાયો હતો. હવે ફરી એકવાર ઈમ્પોર્ટેડ સિગારેટની દાણચોરીનો મામલો સામે આવતાં તપાસ એજન્સીઓ સતર્ક બની છે.હાલમાં બાકીના કન્ટેનરો ખોલીને તપાસવાની કામગીરી ચાલી રહી છે. અગાઉ કેટલાં કન્ટેનરો મારફતે આ રીતે દાણચોરી કરવામાં આવી હતી, આ નેટવર્કમાં અન્ય કોણ-કોણ સામેલ છે અને સમગ્ર કૌભાંડની કિંમત કેટલી છે તે અંગે DRI વધુ તપાસ કરી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ દાણચોરીના મોટા નેટવર્ક અંગે વધુ ખુલાસા થવાની શક્યતા છે.

બાળકોની સલામતી સાથે ચેડાં નહીં ચાલે

શાળાના ધાબા પર રમતગમતને મંજૂરી સામે વાલીઓમાં રોષ

ઓલ ગુજરાત વાલી મંડળે મુખ્યમંત્રીને પત્ર લખી પરિપત્ર પાછો ખેંચવાની કરી માંગ

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરની ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને ધાબા પર રમતગમત કરાવવાના શિક્ષણ વિભાગના નિર્ણયને લઈને વિવાદ ઊભો થયો છે. શાળાઓમાં પૂરતા મેદાનો ઉપલબ્ધ ન હોવાની સ્થિતિમાં ટેરેસનો રમતગમત માટે ઉપયોગ કરવાની મંજૂરી સામે ઓલ ગુજરાત વાલી મંડળે ભારે નારાજગી વ્યક્ત કરી છે. વાલી મંડળનું કહેવું છે કે બાળકોની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું જોખમ સ્વીકારી શકાય નહીં.

ઓલ ગુજરાત વાલી મંડળ દ્વારા આ મુદ્દે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. વાલી મંડળે વિદ્યાર્થીઓના હિત અને સલામતીને ધ્યાનમાં રાખીને ધાબા પર રમતગમતને મંજૂરી આપતો પરિપત્ર તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી છે.

વાલી મંડળના મતે, શાળાના ધાબા પર મોટી સંખ્યામાં બાળકો રમતગમત કરે ત્યારે અકસ્માતનું જોખમ ઊભું થઈ શકે છે. ખાસ કરીને ઊંચાઈ પર આવેલા સ્થળે રમતગમત દરમિયાન બાળક લપસી જાય, પડી જાય અથવા કોઈ અન્ય અઘટિત ઘટના બને તો ગંભીર પરિણામો આવી શકે છે.

વિદ્યાર્થીઓની સલામતી માટે વાલી મંડળે ખાનગી શાળાઓમાં સુરક્ષાના નિયમોનું કડક પાલન કરાવવાની માંગ કરી છે. શાળાઓ પાસે ફાયર NOC, RTE અને ગુજરાત એજ્યુકેશન બોર્ડના જરૂરી સુરક્ષા ધોરણોનું પાલન કરાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત, તમામ ખાનગી શાળાઓ પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા Structural Stability Certificate BU Permissionની ચકાસણી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. શાળાની ઈમારત વિદ્યાર્થીઓના ઉપયોગ માટે સલામત છે કે નહીં તેની ખાતરી કર્યા બાદ જ કોઈ વધારાની પ્રવૃત્તિને મંજૂરી આપવી જોઈએ તેવી વાલી મંડળની રજૂઆત છે.

વાલીઓએ અગાઉ શાળાઓમાં બનેલી વિવિધ દુર્ઘટનાઓનો ઉલ્લેખ કરીને બાળકોની સુરક્ષાને લઈને સવાલો ઉઠાવ્યા છે. જો ધાબા પર રમતગમત દરમિયાન કોઈ અકસ્માત સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે તે અંગે પણ વાલી મંડળે પ્રશ્નો કર્યા છે.

વાલીઓનું કહેવું છે કે રમતગમત બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે, પરંતુ તેના માટે સલામતીના ધોરણો સાથે કોઈ સમાધાન થવું જોઈએ નહીં. પૂરતી સુરક્ષા વ્યવસ્થા વિના ધાબા પર રમતગમત કરાવવાનો નિર્ણય જોખમી સાબિત થઈ શકે છે.

વાલી મંડળે શિક્ષણ વિભાગને આ મુદ્દે પુનર્વિચાર કરવાની અપીલ કરી છે. જો સરકાર દ્વારા યોગ્ય ખુલાસો કરવામાં નહીં આવે અથવા નિર્ણયમાં જરૂરી ફેરફાર નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

હાલ સમગ્ર મુદ્દે વાલીઓમાં ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓને રમતગમતની સુવિધા મળે તે જરૂરી છે, પરંતુ તેની સાથે શાળાની ઈમારતની મજબૂતાઈ, સુરક્ષા વ્યવસ્થા અને નિયમોના પાલનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જરૂરી બની છે.

સોશિયલ મીડિયા પર આતંકી સંગઠનનો જવાબદારીનો દાવો

ગાઝિયાબાદની વસુંધરા પોલીસ ચોકીમાં પ્રચંડ વિસ્ફોટ

વિસ્ફોટથી પોલીસ ચોકીની બારીઓના કાચ તૂટ્યા, દીવાલમાં પડી તિરાડો; ડિલિવરી બોય ઘાયલ, ફોરેન્સિક ટીમે પુરાવા એકત્ર કર્યા

ગાઝિયાબાદ, તા.૭

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં શુક્રવારે રાત્રે વસુંધરા પોલીસ ચોકીમાં જોરદાર વિસ્ફોટ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે પોલીસ ચોકીની બે બારીઓના કાચ તૂટી ગયા હતા અને એક દીવાલમાં તિરાડો પડી હતી. ઘટનામાં એક ડિલિવરી બોય ઘાયલ થયો હતો. બીજી તરફ, સોશિયલ મીડિયા પર તહરીક-ઉલ-મુજાહિદીન હિન્દુસ્તાન નામના સંગઠને વિસ્ફોટની જવાબદારી લીધી હોવાનો દાવો સામે આવ્યો છે. જોકે, પોલીસે આ દાવાની હજુ સુધી પુષ્ટિ કરી નથી.

મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે લગભગ ૯ વાગ્યે વસુંધરા પોલીસ ચોકીના પાછળના ભાગમાં આ વિસ્ફોટ થયો હતો. આ સ્થળે પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલા વાહનો રાખવામાં આવે છે. વિસ્ફોટ સમયે પોલીસ ચોકીમાં એક સબ-ઈન્સ્પેક્ટર અને પાર્સલ આપવા પહોંચેલો ડિલિવરી બોય હાજર હતા. વિસ્ફોટમાં ડિલિવરી બોયને ઈજા થતાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને ફોરેન્સિક નિષ્ણાતોની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે સ્થળ પરથી વિવિધ પુરાવા અને નમૂના એકત્ર કર્યા છે, જેને વધુ તપાસ માટે આગ્રા મોકલવામાં આવ્યા છે. ઈન્દિરાપુરમના એસીપી સૂર્યબલી મૌર્યના જણાવ્યા અનુસાર, વિસ્ફોટનું ચોક્કસ કારણ સંપૂર્ણ તપાસ બાદ જ જાણી શકાશે. પોલીસ તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં વિસ્ફોટ એર કન્ડિશનરના કોમ્પ્રેસરને કારણે થયો હોવાનું સામે આવ્યું નથી. આથી પોલીસે તપાસનો વ્યાપ વધારી દીધો છે. પોલીસ ચોકી જેવા સંવેદનશીલ સ્થળે વિસ્ફોટ થતાં સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ સવાલો ઊભા થયા છે.

આ ઘટનાની તપાસમાં પોલીસ સામે વધુ એક પડકાર ઊભો થયો છે. વસુંધરા પોલીસ ચોકીની આસપાસના વિસ્તારમાં CCTV કેમેરા ન હોવાની માહિતી સામે આવી છે. પોલીસ ચોકીના મુખ્ય દરવાજા પર લગાવવામાં આવેલા કેમેરામાં ઘટનાને લગતા કોઈ ફૂટેજ રેકોર્ડ થયા છે કે નહીં તે પણ સ્પષ્ટ થયું નથી. પરિણામે, વિસ્ફોટ પહેલાં અને ત્યારબાદની ગતિવિધિઓની માહિતી મેળવવા પોલીસને મુશ્કેલી પડી શકે છે.

વિસ્ફોટ બાદ સોશિયલ મીડિયા પર Ghazi 2 નામના X એકાઉન્ટ પરથી એક પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટમાં તહરીક-ઉલ-મુજાહિદીન હિન્દુસ્તાન નામના સંગઠને વસુંધરા પોલીસ ચોકીમાં થયેલા વિસ્ફોટની જવાબદારી લીધી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

જોકે, આ પોસ્ટની સત્યતા અને તેમાં કરવામાં આવેલા દાવાની વિશ્વસનીયતા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પોલીસ પોસ્ટ કોણે કરી, તેની પાછળનો હેતુ શું છે અને ઉલ્લેખિત સંગઠનની ખરેખર કોઈ સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ કરી રહી છે.

અમિતાભ બચ્ચનની અચાનક તબિયત લથડી

કૌન બનેગા કરોડપતિનું શૂટિંગ એક અઠવાડિયાથી બંધ, મેકર્સે બદલ્યો પ્લાન

જૂના એપિસોડનું પ્રસારણ, તબિયતમાં સુધારો થશે તો આવતા અઠવાડિયે ફરી શરૂ થઈ શકે છે શૂટિંગ

મુંબઈ,તા.૭

બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચનને લઈને ચાહકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. લોકપ્રિય ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ' (KBC)ના હોસ્ટ અમિતાભ બચ્ચનની તબિયત સારી ન હોવાના અહેવાલ છે. તેમની તબિયતને ધ્યાનમાં રાખીને શોના મેકર્સે હાલ પૂરતું નવા એપિસોડનું શૂટિંગ અટકાવી દીધું છે. છેલ્લા એક અઠવાડિયાથી શૂટિંગ બંધ હોવાનું મીડિયા અહેવાલોમાં જણાવાયું છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમિતાભ બચ્ચન છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની પોસ્ટમાં ડોક્ટરે થોડા સમય માટે આરામ કરવાની સલાહ આપી હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત પોતાના બ્લોગમાં તેમણે રાત્રે ઊંઘ ન આવવાની સમસ્યા વિશે પણ વાત કરી હતી.

શૂટિંગ અટકતાં ચેનલ દ્વારા દિવાળી સ્પેશિયલ વીક અંતર્ગત અગાઉ શૂટ કરવામાં આવેલા એપિસોડનું પુનઃપ્રસારણ કરવામાં આવી રહ્યું છે. આ એપિસોડમાં બોલિવૂડના જાણીતા કલાકારો મહેમાન તરીકે પહોંચ્યા હતા. અહેવાલો અનુસાર, KBCનો છેલ્લો મોટો સેલિબ્રિટી એપિસોડ રણબીર કપૂર, સાઈ પલ્લવી અને રવિ દુબે સાથે શૂટ કરવામાં આવ્યો હતો. ત્રણેય કલાકારો પોતાની આગામી ફિલ્મ 'રામાયણ'ના પ્રમોશન માટે KBCના સેટ પર પહોંચ્યા હતા.

આ એપિસોડ ફિલ્મની રિલિઝની આસપાસ ટેલિકાસ્ટ કરવાનું આયોજન હતું. જોકે, અમિતાભ બચ્ચનની તબિયતને કારણે મેકર્સે આયોજનમાં ફેરફાર કર્યો હતો અને દિવાળી સ્પેશિયલ વીકની શરૂઆત આ એપિસોડથી કરવામાં આવી હતી.

મીડિયા રિપોર્ટ્સમાં સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે જો અમિતાભ બચ્ચનની તબિયતમાં સુધારો થશે તો આવતા અઠવાડિયાથી KBCનું શૂટિંગ ફરી શરૂ થઈ શકે છે.

જોકે, શૂટિંગ ક્યારે શરૂ થશે તેનો અંતિમ નિર્ણય તેમની તબિયત પર નિર્ભર રહેશે.

અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં કામ પર ધીમે ધીમે પાછા ફરવા અને ચાહકો સાથેના જોડાણ અંગે પણ વાત કરી હતી. તેમણે લખ્યું હતું કે તેઓ ધીમે ધીમે પોતાની દિનચર્યા અને કામ તરફ પાછા ફરી રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રોજિંદી જિંદગીથી થોડા સમય માટે દૂર રહીએ ત્યારે ફરી એ જ દિનચર્યામાં પાછા ફરવું અલગ અનુભવ કરાવે છે. ક્યારેક ચશ્મો, મોબાઈલ ક્યાં મૂક્યો છે અથવા થોડા કલાકો પહેલાં શું કામ કર્યું હતું તે પણ યાદ રહેતું નથી, પરંતુ સ્કૂલના આઠમા ધોરણના દિવસો આજે પણ યાદ છે.

રૂ. ૬૫૦ કરોડના પ્રોજેક્ટની જીતુ વાઘાણીની જાહેરાત

ભાવનગરમાં બનશે સૌરાષ્ટ્રનો સૌથી મોટો મેગા ઓવરબ્રિજ

આ બ્રિજના નિર્માણથી નારી ચોકડી અને વરતેજ તરફના માર્ગો પર સર્જાતી ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા છે

ભાવનગર,તા.૭

ભાવનગર શહેરના વિકાસને નવી ગતિ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગરમાં ટ્રાફિકની સમસ્યામાંથી નાગરિકોને મુક્તિ અપાવવા માટે સૌરાષ્ટ્રનો સૌથી મોટો અને આધુનિક મેગા ઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે મોટી જાહેરાત કરી છે.ભાવનગરના પ્રવેશદ્વાર ગણાતી નારી ચોકડીથી શરૂ થઈને વરતેજ સુધી પહોંચતા આ મેગા ઓવરબ્રિજના નિર્માણ પાછળ અંદાજે રૂ. ૬૫૦ કરોડનો ખર્ચ થવાનો છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ઓનલાઈન ટેન્ડર પણ બહાર પાડી દેવામાં આવ્યું છે. આ બ્રિજના નિર્માણથી નારી ચોકડી અને વરતેજ તરફના માર્ગો પર સર્જાતી ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા છે.

આ પ્રોજેક્ટને સાકાર કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી, રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ તેમજ ભાવનગર મહાનગરપાલિકા સંયુક્ત રીતે કામગીરી કરશે. ત્રણેય સંસ્થાઓના સહયોગથી આ આધુનિક બ્રિજનું નિર્માણ કરવામાં આવશે.

ભાવનગરના ઔદ્યોગિક વિસ્તાર કુંભારવાડામાં પણ નાગરિકો માટે રાહતના સમાચાર છે. લાંબા સમયથી કુંભારવાડા રેલવે ફાટક પર ઓવરબ્રિજ બનાવવાની માગણી કરવામાં આવી રહી હતી. અગાઉ અંડરપાસ બનાવવામાં આવ્યો હોવા છતાં ટ્રાફિકની સમસ્યા યથાવત રહેતાં હવે અહીં નવો ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લેવાયો છે.

મંત્રી જીતુ વાઘાણીએ સ્થાનિક પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર સાથે સ્થળની મુલાકાત લઈને પ્રોજેક્ટ અંગે ચર્ચા કરી હતી. વાહનચાલકો સરળતાથી બ્રિજ પર ચઢી અને ઉતરી શકે તે માટે બે ભાગમાં દ્વિ-માર્ગીય ડિઝાઈન તૈયાર કરવામાં આવશે. આ બંને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ભાવનગરના નાગરિકો, વેપારીઓ, શ્રમજીવીઓ અને દૈનિક મુસાફરોને ટ્રાફિકમાંથી મોટી રાહત મળશે. સાથે જ સમય અને ઈંધણની બચત થશે તથા શહેરની કનેક્ટિવિટીમાં પણ સુધારો થશે.

ગંગોત્રીમાં ગંભીર અકસ્માતનો ભોગ બન્યા હતા

સુરતના વેદાંત પટેલની મદદે આવ્યા સાંસદ મુકેશ દલાલ

ઋષિકેશની AIIMS હોસ્પિટલમાં વેદાંતની હાલત નાજુક; સાંસદે સંબંધિત તંત્ર સમક્ષ કરી રજૂઆત

સુરત, તા.૭

ઉત્તરાખંડના ગંગોત્રી ખાતે ગંભીર અકસ્માતનો ભોગ બનેલા સુરતના યુવાન વેદાંત અશોકભાઈ પટેલની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા બાદ તેમને ઋષિકેશની AIIMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. આ મુશ્કેલ પરિસ્થિતિમાં સુરતના સાંસદ મુકેશ દલાલ વેદાંત પટેલની મદદે આવ્યા છે અને તેમને શ્રેષ્ઠ તબીબી સારવાર તથા જરૂરી સહાય મળી રહે તે માટે સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

મળતી વિગતો અનુસાર, સુરત-૨૪ મતવિસ્તારના રહેવાસી વેદાંત અશોકભાઈ પટેલ ગંગોત્રી ખાતે અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માત બાદ તેમની સ્થિતિ નાજુક બનતાં તેમને વધુ સારવાર માટે ઋષિકેશની AIIMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની ટીમ તેમની સારવાર કરી રહી છે.

વેદાંત પટેલની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને સુરતના સાંસદ મુકેશ દલાલે આ મામલે હસ્તક્ષેપ કર્યો છે. તેમણે સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરીને વેદાંતને શ્રેષ્ઠ ઉપલબ્ધ તબીબી સુવિધાઓ પૂરી પાડવા અને તેમની સારવારમાં કોઈ વિલંબ ન થાય તે માટે જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે.

અન્ય રાજ્યમાં ગંભીર અકસ્માત સર્જાતાં વેદાંતના પરિવારજનો મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સાંસદ દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ વેદાંતને યોગ્ય સારવાર અને જરૂરી તબીબી સહાય ઝડપથી મળી રહે તેવી આશા પરિવારજનો અને શુભેચ્છકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ સૌની નજર વેદાંતના સ્વાસ્થ્યમાં સુધારો થાય તેના પર ટકેલી છે.

૭ કાર રસ્તા પર ઊભી રાખી કરી ઉજવણી

અમદાવાદમાં ભાજપના હોદ્દેદારે જ ઉડાવ્યા ટ્રાફિકના નિયમોના ધજાગરા

જાહેરમાં કારના બોનેટ પર કેક કાપી જન્મદિવસની ઉજવણી, પોલીસ આવતાં જ તમામ ફરાર

અમદાવાદ,તા.૭

અમદાવાદમાં જાહેર રસ્તા પર જન્મદિવસની ઉજવણીના નામે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવાનો કિસ્સો સામે આવ્યો છે. શહેરના નરોડા વિસ્તારમાં ભાજપના હોદ્દેદારની હાજરીમાં જાહેર રોડ પર કાર ઊભી રાખીને બોનેટ પર કેક કાપી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઘટનાને કારણે ટ્રાફિકમાં અડચણ ઊભી થતાં નરોડા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ગત ૫ નવેમ્બરની રાત્રે કિશોર ઠાકોર નામના વ્યક્તિના જન્મદિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે નરોડા વિસ્તારમાં આવેલા ૧૦૮ કોલ સેન્ટરની સામેના જાહેર રસ્તા પર એકસાથે સાત કાર ઊભી રાખવામાં આવી હતી.

આ દરમિયાન કેટલીક કારના બોનેટ પર કેક મૂકીને જાહેરમાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. રસ્તા પર આ રીતે વાહનો ઊભાં રાખવાને કારણે અન્ય વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી. સાથે જ રસ્તા પર ગંદકી પણ ફેલાઈ હતી.

જાહેર રસ્તા પર ટ્રાફિકને અડચણરૂપ બને તેવી ઉજવણીની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જોકે, પોલીસને જોઈને ઉજવણીમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને અનેક લોકો પોતાની કાર લઈને સ્થળ પરથી રવાના થઈ ગયા હતા.

આ સમગ્ર ઘટનામાં સરદારનગર ભાજપ યુવા મોરચાના મહામંત્રી રમેશ ભરવાડ ઉર્ફે બાંભા પણ હાજર હોવાની વિગતો સામે આવી છે. GJ ૧૮ EC ૮૫ નંબરની ફોર્ચ્યુનર કારના માલિક તરીકે પણ તેમનું નામ સામે આવ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

નરોડા પોલીસે આ મામલે જાહેર રસ્તા પર ટ્રાફિકમાં અડચણ ઊભી કરવા, સ્વચ્છતાના નિયમોનો ભંગ કરવા અને લોકોની સલામતી જોખમમાં મૂકવા સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કિશોર ઠાકોર સહિત છ કારમાલિકો સામે ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જાહેર રસ્તા પર ઉજવણીના નામે ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાના આ બનાવે ફરી એકવાર શહેરમાં જાહેર સલામતી અને કાયદાના પાલન અંગે ચર્ચા જગાવી છે.

શુભ દીપાવલી = એવમ્ = નૂતન વર્ષાભિનંદન

Happy Diwali

દીપો નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર,
લક્ષ્મીજ્ઞ વિરાજે આપને ક્ષર,અમારી શુભકામનાઓ કરો સ્વીકાર,
શુભ દિપાવલી એવમૂ નૂતન વર્ષાભિનંદન...

એક શુભેચ્છક

દિપાવલી અને નપા વર્ષના વર્ષાભિનંદન

Happy Diwali

શુભેચ્છક

આ દિવાળી આપ સૌના જીવનમાં દિવ્યરૂપી નવો પ્રકાશ ફેલાવે અને નવું વર્ષ આપના જીવનમાં નવી તકો, સફળતા અને સમૃધ્ધિ લાવે એવી પ્રભુ શ્રી રામ પાસે પ્રાર્થના...

શ્રી સમૃદ્ધિ નાગરિક શરફી સહકારી મંડળી લી. અમરેલી

બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ

શ્રી મંથન ધર્મેશભાઈ કાછડીયા
શ્રી ભનુભાઈ મધુભાઈ ચોવટીયા
શ્રી કમલેશકુમાર લાલજીભાઈ જીયાણી
શ્રી ભરતભાઈ મધુભાઈ બાવીશી
શ્રી વિજયભાઈ કાળુભાઈ કાછડીયા
શ્રી અતુલભાઈ શામજીભાઈ રાદડીયા
શ્રી જયસુખભાઈ નનુભાઈ ઠુંમ્મર
શ્રી હિરેનભાઈ ચતુરભાઈ કાછડીયા
શ્રી વિકલભાઈ વિરજીભાઈ માદલીયા
શ્રી પુનાભાઈ મગનભાઈ ગજેરા
ડો.જયંતિભાઈ દયાળભાઈ ઠુંમાણી
શ્રીમતિ જયાબેન મધુભાઈ ગેલાણી
શ્રી વિજયભાઈ રમેશભાઈ ભાલાળા
શ્રી સતિષગીરી ભાવગીરી ગૌસ્વામી
શ્રી મોહનભાઈ મુળજીભાઈ ભંડેરી
શ્રી પિયુષભાઈ નારણભાઈ કાછડીયા



શ્રી નારણભાઈ કાછડીયા
ચેરમેનશ્રી/પૂર્વ સાંસદશ્રી

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

Happy Diwali
FESTIVAL OF LIGHTS

તમને અને તમારા સંપૂર્ણ પરિવારને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છા પ્રકાશનું આ પર્વ આપના જીવનમાં આનંદ, સુખ અને શાંતિ લાવે એવી ભગવાનને પ્રાર્થના..

શ્રી રામદેવસિંહ પી. ગોહિલ

પૂર્વ મહામંત્રી શહેર ભાજપ - સાવરકુંડલા
પ્રમુખ : ગુજરાત રાજપૂત યુવા સંઘ
પ્રમુખ : અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા
પ્રમુખ : ભારતીય માનવ અધિકાર એસોસિએશન અમરેલી જિલ્લા
: સાવરકુંડલા :



શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

દીપો નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર,
લક્ષ્મીજ્ઞ વિરાજે આપને ક્ષર,અમારી શુભકામનાઓ કરો સ્વીકાર,
શુભ દિપાવલી એવમૂ નૂતન વર્ષાભિનંદન...

Happy Diwali
FESTIVAL OF LIGHTS

: શુભેચ્છક :

અમરેલી મિત્ર મંડળ અમરેલી

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

વડીલોના રહે આશીર્વાદ સદા થાય ખુશીઓનો વરસાદ, કરીએ નમન પ્રભુને
આપ્યે અમને પ્રતિસાદ, પિતે શુભમય આપનું વર્ષા પ્રભુને પ્રાર્થના એવા આપ્યે
આશીર્વાદ આપને અને આપના પરિવારને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

: શુભેચ્છક :

શ્રી હિંમતભાઈ સોળીયા (પ્રમુખ)
શ્રી રાજુભાઈ શીયાણી (ઉપપ્રમુખ)
શ્રી દિપકભાઈ મહેતા (ઉપપ્રમુખ)
શ્રી દયાળભાઈ સંઘાણી (ઉપપ્રમુખ)
શ્રી હિરેનભાઈ રાસડીયા (ખજાનચી)
શ્રી જયંતિભાઈ મનાણી (ખજાનચી)
શ્રી મનસુખભાઈ ચૌહાણ (ખજાનચી)
શ્રી જયસુખભાઈ દેવાણી (સહખજાનચી)
શ્રી ચંદુભાઈ ખણેશા (સહખજાનચી)
શ્રી ચંદુભાઈ વોરા (મહામંત્રી)
શ્રી સંજયભાઈ વાગડીયા (મહામંત્રી)
શ્રી દિવ્યેશભાઈ તળાવીયા (મંત્રી)
શ્રી મહેશભાઈ જાપિયા (મંત્રી)
શ્રી પારસભાઈ છત્રોલા (મંત્રી)
શ્રી વિજયભાઈ કાછડીયા (સહમંત્રી)
શ્રી જયસુખભાઈ પાનેલીયા (સહમંત્રી)



Happy Diwali

તેમજ તમામ કારોબારી સદસ્યશ્રીઓ તેમજ તમામ સભ્યશ્રીઓ

શ્રી અમરેલી બિલ્ડર એસોસિએશન- અમરેલી

શુભ દિપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદન

Happy Diwali

આપનારૂ નવલુ વર્ષ આપ સર્વ માટે લાભદાયી,
સુખદાયી, યશદાયી નીવડે
એજ અભ્યર્થનાં સહ નવા વર્ષનાં રામ..રામ.

શુભેચ્છક

શ્રી રાજુભાઈ દોશી

પૂર્વ પ્રમુખઃ સાવરકુંડલા નગરપાલીકા
પૂર્વ પ્રમુખઃ નાગરીક બેંક સાવરકુંડલા
પ્રમુખઃ વેપારી મહામંડળ
પ્રમુખઃ નવનાથ વણીક સમાજ
એક્યુરેટ ઓટો એજન્સી
એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ મોલ
એક્યુરેટર ફર્નિચર મોલ
એક્યુરેટર પેટ્રોલ પંપ



શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

Happy Diwali
FESTIVAL OF LIGHTS

સંવંત ૨૦૨૯ નું નવલું વર્ષ આપને તેમજ આપના પરિવારજનોનું જીવન સુખમય, શાંતિમય તથા સમૃધ્ધિથી ભરપુર રહે એજ અભ્યર્થના.... સાથે નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

: શુભેચ્છક :

Patel Mandap Service

પટેલ મંડપ સર્વિસ અમરેલી

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

શ્રીમતિ ગીતાબેન રમેશભાઈ માંડણકા–પ્રમુખશ્રી
શ્રી અરવિંદભાઈ કાકડીયા–ચેરમેનશ્રી–કારોબારી સમિતિ
શ્રી રાજુભાઈ કાછડીયા–દંડક–તાલુકા પંચાયત
શ્રીમતિ વિલાસબેન જસુભાઈ ખુમાણ–ઉપપ્રમુખશ્રી
શ્રીમતિ સરોજબેન સંદિપભાઈ સોલંકી
ચેરમેનશ્રી–સામાજીક ન્યાય સમિતિ
શ્રીમતિ પાયલબેન વિરમભાઈ મેવાડા–પક્ષના નેતા

સદસ્યશ્રીઓ

શ્રી આશીષભાઈ કિશોરભાઈ દેવમુરારી
શ્રીમતિ મંજુલાબેન પ્રેમજીભાઈ બાવીશી
શ્રી સુરેશભાઈ ખીમજીભાઈ પાયર
શ્રીમતિ ભાવનાબેન નાથાલાલ સુખડીયા
શ્રીમતિ કોમલબેન લક્ષ્મીશંકર તૈરૈયા
શ્રી જયદીપભાઈ નજુભાઈ ધાધલ
શ્રી નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા
શ્રી જગદીશભાઈ મધુભાઈ પોકળ
શ્રીમતિ અંબાબેન મુકેશભાઈ રૂપાવટીયા
શ્રીમતિ અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢિયા

અમરેલી તાલુકા પંચાયત કચેરી અમરેલી

દીપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન



વ્હાલા શહેરીજનો, સ્નેહી મિત્રો, સભાસદો નવલું વર્ષ આપ અને આપના પરિવાર માટે મંગલમય નિવડે અને આપનું સ્વાસ્થ્ય જળવાઈ રહે એજ અભ્યર્થના...

ગુજરાતભરમાં No.1 ધરાવતી શરાફી સહકારી મંડળી લી.

શ્રી રશ્મિનભાઈ ડોડીઆ–ચેરમેન
શ્રી નિતેષ ડોડીઆ–જનરલ એમ.ડી.
શ્રી ડી.જી.મહેતા–જનરલ સેક્રેટરી

બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી., બગસરા

મુખ્ય ઓફીસ : શ્રી અરવિંદભાઈ મણીયાર ભવન, બગસરા, જી. અમરેલી ફોન : (૦૨૭૮૬) ૨૨૨૨૫૮

શુભ દીપાવલી = એવમ્ = નૂતન વર્ષાભિનંદન

Happy Diwali
FESTIVAL OF LIGHTS

આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જનને વધુ પ્રકાશિત કરે એવી હદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રી વિજયસિંહ વાઘેલા

:: પૂર્વ મહામંત્રીશ્રી ::
શહેર ભાજપ - સા.કુંડલા
મુ. સા.કુંડલા, જી.અમરેલી

શુભ દીપાવલી = એવમ્ = નૂતન વર્ષાભિનંદન

Happy Diwali
FESTIVAL OF LIGHTS

આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જનને વધુ પ્રકાશિત કરે એવી હદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રી હિરેનભાઈ પેકરિયા

પ્રમુખશ્રી : પટેલ સમાજ કુંડલા વિભાગ
મુ. સા.કુંડલા, જી.અમરેલી

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

Happy Diwali

સૌને નૂતન વર્ષની ખુબ ખુબ શુભકામના સાથે અભિનંદન પાઠવીએ છીએ.

:: શુભેચ્છક ::

શ્રી અશોકભાઈ બોરીચા

સરપંચશ્રી
લુવારા ગ્રામ પંચાયત
મો. ૭૩૧૬૬૦૪૫૪૪
મુ. લુવારા, તા.સાવરકુંડલા

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

Happy Diwali

સૌને નૂતન વર્ષની ખુબ ખુબ શુભકામના સાથે અભિનંદન પાઠવીએ છીએ.

:: શુભેચ્છક ::

શ્રી લલિતકુમાર જે. મારૂ

સેવાભાવી પ્રખર રાષ્ટ્રવાદી
કર્મનિષ્ઠ ભાજપ કાર્યકર
પ્રમુખશ્રી
સા.કુંડલા શહેર ભાજપ મોરચા
મો. ૮૪૦૧૮ ૮૪૦૧૭

દેશવાસીઓ માટે મોદીનો વીડિયો મેસેજ

હું જવાનો વચ્ચે દિવાળી મનાવવાનો નિત્ય કર્મ જાળવી રાખીશ : વડાપ્રધાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી પર્વ નિમિત્તે વીડિયો સંદેશ દ્વારા દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે

નવી દિલ્હી, તા.૭

દિવાળીના પાવન પર્વ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો સંદેશ દ્વારા દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે જણાવ્યું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ તેઓ દેશના વીર જવાનો સાથે દિવાળી મનાવશે. બીજી તરફ, ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ઐતિહાસિક દીપોત્સવની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે દીપોત્સવમાં ૨૧ ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે.

વડાપ્રધાન મોદીએ વીડિયો સંદેશમાં કહ્યું કે દિવાળીનો પવિત્ર તહેવાર આખા દેશને રોશનીથી ઝગમગાવી રહ્યો છે. પ્રકાશનો આ પર્વ અંધકાર સામેના આપણા સંકલ્પને દર્શાવે છે. તેમણે દેશવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવતાં કહ્યું કે તેઓ પણ લોકોની જેમ ઉત્સાહથી દિવાળી મનાવે છે. વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે દેશના વીર જવાનોની વચ્ચે જઈને દિવાળી મનાવવી તેમનો નિત્યક્રમ છે અને આ વર્ષે પણ તે યથાવત્ રહેશે.

વડાપ્રધાન મોદીએ ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન સાથે શિષ્ટાચાર મુલાકાત કરી હતી અને તેમને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. આ પહેલાં ધનતેરસના અવસરે પણ તેમણે દેશવાસીઓને શુભેચ્છા આપી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની પોસ્ટમાં તેમણે ભગવાન ધન્વંતરિની કૃપાથી સૌના જીવનમાં સુખ, શાંતિ અને ઉત્તમ સ્વાસ્થ્ય રહે તેવી પ્રાર્થના કરી હતી. સાથે જ આયુર્વેદના જનક ભગવાન ધન્વંતરિને નમન કરીને સૌના નિરોગી જીવનની કામના કરી હતી.ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અયોધ્યામાં યોજાનારા ઐતિહાસિક દીપોત્સવની તૈયારીઓ પૂર્ણ થઈ હોવાની જાણકારી આપી છે. તેમણે ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનના અયોધ્યા આગમનને આવકારતાં કહ્યું કે તેમની ઉપસ્થિતિ આ પર્વને વધુ ઐતિહાસિક અને યાદગાર બનાવશે. દીપોત્સવની શરૂઆતના ભાગરૂપે શનિવારે ઉત્તર પ્રદેશના પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગ દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવી હતી. રાજ્યના પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી જયવીર સિંહે સાકેત મહાવિદ્યાલયથી શોભાયાત્રાને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. આશરે ત્રણ કિલોમીટરનું અંતર કાપીને શોભાયાત્રા રામકથા પાર્ક પહોંચી હતી.

રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, આ વર્ષે શોભાયાત્રામાં ૨૧ ઝાંખીઓ સામેલ કરવામાં આવી છે. તેમાં રામચરિતમાનસના વિવિધ પ્રસંગો ઉપરાંત કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકારની જનકલ્યાણકારી યોજનાઓ દર્શાવવામાં આવી છે. જલ જીવન મિશન, એક જિલ્લા એક ઉત્પાદન યોજના, કૃષિ અને પશુપાલન, આયુષ્માન ભારત, મિશન શક્તિ, પ્રધાનમંત્રી આવાસ યોજના, પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના, બેટી બચાવો-બેટી પઢાઓ અને ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર જેવી યોજનાઓની ઝલક પણ આ ઝાંખીઓમાં જોવા મળશે.

દવાના નામે ભેળસેળથી સ્વાસ્થ્ય સામે જોખમ

ગુજરાતમાં આયુષ દવાઓના ૨૧ નમૂના ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ

રાજ્યસભાના અહેવાલમાં ખુલાસો, કેટલીક દવાઓમાં ભારે ધાતુઓ અને એલોપેથિક દવાઓનું મિશ્રણ મળ્યું

નવી દિલ્હી, તા.૭

એલોપેથી દવા કરતાં હવે લોકોને આયુર્વેદ પર માંડ માંડ ભરોસો બેઠો છે ત્યારે જ રાજ્યસભામાં રજૂ કરાયેલા એક રિપોર્ટે ચિંતા જન્માવી છે તેનું કારણ એછેકે, હવે તો આયુષ દવાઓની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થયા છે. ફાર્મા હબ ગણાતાં ગુજરાતમાં આયુર્વેદ અને હોમિયોપેથીક દવાઓના કુલ ૨૧ સેમ્પલ ફેલ થયાં છે. આ જોતાં સરકારે આ આયુષ દવાઓને નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વાલિટી જાહેર કરી છે. આમ, આયુષ દવા પણ ભેળસેળ થઈ રહી છે.લોકો કેમિકલ મુક્ત ઈલાજ માટે આયુર્વેદ તરફ વળી રહ્યા છે, પરંતુ બજારમાં બ્રાન્ડ્સના નામે સ્લો પોઈઝન પીરસાઈ રહ્યું છે.

આયુર્વેદિક દવાઓમાં આર્સેનિક, પારો કે સીસું જેવી ધાતુઓ ભળવાથી દર્દીઓનું લિવર અને કિડની હંમેશા માટે ફેલ થઈ શકે છે. હલકી ગુણવત્તા ધરાવતી આયુષ દવાઓ માનવ શરીર માટે જોખમી પુરવાર થઈ શકે છે.રાજ્યસભામાં રજૂ કરાયેલા અહેવાલ અનુસાર, દેશમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ગુજરાતમાં સૌથી વધુ આયુષ દવાઓ ટેસ્ટિંગમાં ફેલ સાબિત થઈ છે. સરકારી આંકડા દર્શાવે છે કે જ્યાં સૌથી વધુ દવાઓ બને છે, ત્યાં જ ગુણવત્તાના નિયમોના ધાજીયા ઉડી રહ્યા છે. હિમાચલ પ્રદેશમાં સૌથી ખરાબ સ્થિતિ છે જ્યાં સૌથી વધુ ૧૮૫ દવાઓ અપ્રામાણિક હોવાનું સાબિત થયુ છે. આયુર્વેદના ગઢ ગણાતા ઉત્તરાખંડમાં છેલ્લા ૩ વર્ષમાં ૧૫૫ દવાઓ ટેસ્ટિંગમાં ફેલ થઈ છે જ્યારે વિકાસ અને ફાર્માના રોલ મોડેલ ગણાતા ગુજરાતમાં પણ ૨૧ આયુષ દવાઓ હલકી કક્ષાની અને અસુરક્ષિત સાબિત થઈ છે. ગુણવત્તા વિહોણી આયુષ દવાઓમાં પણ ગુજરાત ટોચના નંબરે રહ્યું છે.

મહત્વની વાત એછેકે, મધ્યપ્રદેશ, ઓડિસા, દિલ્હી, કાશ્મીર, મેઘાલય, ગોવા, છત્તીસગઢ, હરિયાણા જેવા રાજ્યોમાં આયુષ દવાનો એકેય સેમ્પલ ફેલ થયુ ન હતું.શુદ્ધતાના દાવા કરતી આયુર્વેદિક અને હોમિયોપેથિક દવાઓમાં માનવ શરીર માટે અત્યંત ઘાતક એવી ભારે ધાતુઓ અને તાત્કાલિક રાહત આપવાના બહાને એલોપેથિક દવાઓનું ગેરકાયદે મિશ્રણ મળી આવ્યું છે. જેને પગલે સરકારે આ તમામ પ્રોડક્ટસને નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વોલિટી જાહેર કરી દીધી છે. સંસદમાં રજૂ થયેલો આ રિપોર્ટ સાબિત કરે છે કે હવે ડ્રગ કંટ્રોલ વિભાગે લેબોરેટરી ટેસ્ટિંગ અને નકલી આયુર્વેદિક કંપનીઓ પર કડક સકંજો કસવાની તાતી જરૂર છે.

મતદારોને નામ ઉમેરવાની ફરી એક તક

સાત રાજ્યોમાં બાકાત મતદારો માટે ચૂંટણી પંચની ખાસ ઝુંબેશ

BLO ફરી એકવાર આવા મતદારોનો સંપર્ક કરશે અને મતદાર યાદીમાં નામ ફરીથી સામેલ કરાવવાની પ્રક્રિયામાં મદદ કરશે

નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય ચૂંટણી પંચે નિર્દેશ આપ્યા છે કે જે રાજ્યોમાં હાલમાં SIR ચાલી રહી છે, ત્યાં ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત થયેલા મતદારોને શોધવા માટે ફરી એકવાર ખાસ ઝુંબેશ ચલાવવામાં આવે.મતદાર માહિતીઆ નિર્દેશ દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ઝારખંડ સહિતના રાજ્યો માટે જારી કરવામાં આવ્યા છે. આ અંતર્ગત જે મતદારોના નામ યાદીમાંથી હટી ગયા છે, BLO ફરી એકવાર આવા મતદારોનો સંપર્ક કરશે અને તેમને જરૂરી ફોર્મ ભરવા તથા મતદાર યાદીમાં નામ ફરીથી સામેલ કરાવવાની પ્રક્રિયામાં મદદ કરશે.

ચૂંટણી પંચે એ પણ આદેશ આપ્યો છે કે જે મતદારોના નામ કપાયા છે, તેમની યાદી સંબંધિત પોલિંગ બૂથો પર જાહેર કરવામાં આવે, જેથી મતદારો પોતાનું નામ ચકાસીને તેને ફરીથી ઉમેરાવી શકે. આ માટે પંચે એક ફોર્મ પણ બહાર પાડ્યું છે. આયોગના જણાવ્યા અનુસાર, આ રાહત તે મતદારોને મળશે જેમને ન્યુમરેશન ફોર્મ આપવામાં આવ્યા હતા, પરંતુ તપાસ દરમિયાન તેમને ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા કે ડુપ્લિકેટ કેટેગરીમાં મૂકીને ડ્રાફ્ટ રોલમાંથી બાકાત કરી દેવાયા હતા.ચૂંટણી પંચે અધિકારીઓને સમગ્ર પ્રક્રિયા પર સખત નજર રાખવા તાકીદ કરી છે.

આનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ પાત્ર મતદાર આખરી મતદાર યાદીમાં જોડાવાના અધિકારથી વંચિત ન રહે અને સાથોસાથ કોઈ બોગસ કે ડુપ્લિકેટ નામ યાદીમાં ન ઘૂસી જાય. પંચના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં બિહાર અને પશ્ચિમ બંગાળ સહિત 20 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. સતત સુધારણા પ્રક્રિયા હેઠળ રહી ગયેલા મતદારોના નામ જોડવામાં આવી શકે છે, જે માટે ECI એ તમામ મુખ્ય ચૂંટણી અધિકારીઓ (CEO) ને સુવિધા પૂરી પાડવા આદેશ આપ્યો છે.મતદાર માહિતીઆ અગાઉ ચૂંટણી પંચે પોતાના સોગંદનામામાં આંતરિક કામકાજની વહેંચણી અને એક અધિકારીની કાર્યપ્રણાલી પર ઉઠેલા સવાલો અંગે પણ સ્થિતિ સ્પષ્ટ કરી હતી. ECI એ જણાવ્યું હતું કે કેબિનેટ સચિવને લખવામાં આવેલો પત્ર પંચ કે તેના IT વિભાગ સંબંધિત કોઈ નીતિગત બાબત અંગે નહોતો, પરંતુ ડેપ્યુટેશન પર તૈનાત એક અધિકારીના કામકાજ સંબંધિત હતો. પંચ મુજબ, સંબંધિત અધિકારી દ્વારા જારી કરાયેલા કામની પુનઃવહેંચણીના આદેશો બંને ચૂંટણી કમિશનરોના નિર્દેશ બાદ અમલમાં મૂકવામાં આવ્યા નહોતા.મતદાર માહિતી

બોપલથી ઘુમા સુધી AQI ૨૩૭ને પાર

દિવાળીના તહેવારે અમદાવાદ શહેરની હવા બની ઝેરી

ફટાકડા અને બાંધકામની ધૂળથી હવાની ગુણવત્તા કથળી; સાઉથ બોપલના વિવિધ વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક

અમદાવાદ, તા.૭

દિવાળીના તહેવાર વચ્ચે અમદાવાદની હવાની ગુણવત્તા ચિંતાજનક સ્તરે પહોંચી છે. એક તરફ શહેરને પ્રદૂષણમુક્ત બનાવવાના દાવા કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ શહેરના કેટલાક વિસ્તારોમાં હવા પ્રદૂષણનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ખાસ કરીને બોપલ, સાઉથ બોપલ અને ઘુમા વિસ્તારમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૨૦૦ને પાર પહોંચતાં પર્યાવરણ અને નાગરિકોના સ્વાસ્થ્ય સામે ચિંતાઓ ઊભી થઈ છે. દિવાળીના ફટાકડા અને બાંધકામ સાઈટ્સ પરથી ઊડતી ધૂળને પ્રદૂષણ વધવાનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા બોપલ, સાઉથ બોપલ અને ઘુમા વિસ્તારમાં હવાની ગુણવત્તા સતત બગડી રહી છે. વિવિધ મોનિટરિંગ સ્ટેશનો પર નોંધાયેલા AQIના આંકડા ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.

- બોપલ : ૨૨૧
- ઘુમા : ૨૧૨
- સાઉથ બોપલ સ્ટેશન-૧ : ૨૩૧
- સાઉથ બોપલ સ્ટેશન-૨ : ૨૧૬
- સાઉથ બોપલ સ્ટેશન-૩ : ૨૩૭
- સાઉથ બોપલ સ્ટેશન-૫ : ૨૧૬

આ આંકડાઓ મુજબ સાઉથ બોપલ સ્ટેશન-૩ પર સૌથી વધુ ૨૩૭ AQI નોંધાયો છે. સામાન્ય રીતે AQI ૨૦૦થી વધુ હોય ત્યારે હવાની ગુણવત્તા સ્વાસ્થ્ય માટે ચિંતાજનક ગણાય છે. બોપલ અને સાઉથ બોપલ વિસ્તારમાં મોટી સંખ્યામાં બાંધકામ સાઈટ્સ આવેલી છે. આ સાઈટ્સ પરથી ઊડતી ધૂળ અને દિવાળીના તહેવાર દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના ધુમાડાને કારણે હવાની ગુણવત્તા વધુ ખરાબ થઈ રહી છે. વાતાવરણમાં પ્રદૂષિત કણોનું પ્રમાણ વધતાં ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વાસની તકલીફ ધરાવતા લોકો માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે.

અમદાવાદની સાથે દેશની રાજધાની દિલ્હી અને NCR વિસ્તારમાં પણ હવા પ્રદૂષણ ગંભીર સમસ્યા બની ગયું છે. દિવાળી પહેલાં જ પ્રદૂષણનું સ્તર વધતાં વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગ (CAQM) દ્વારા ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના ત્રીજા તબક્કા એટલે કે GRAP-3ના પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. શુક્રવારે દિલ્હીમાં સરેરાશ AQI ૩૮૨ નોંધાયો હતો, જે ગંભીર શ્રેણીની નજીક છે. દિલ્હીના પંજાબી બાગમાં ૪૫૩, જહાંગીરપુરીમાં ૪૪૭ અને રોહિણીમાં ૪૪૪ AQI નોંધાયો હતો.

દિલ્હી-NCRમાં પ્રદૂષણને કાબૂમાં લેવા GRAP-3 હેઠળ અનેક નિયંત્રણો લાગુ કરવામાં આવ્યાં છે. જેમાં ધૂળ ફેલાવતી બાંધકામ અને તોડફોડની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકારી અને ખાનગી કચેરીઓમાં ૫૦ ટકા કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ હોમ લાગુ કરવા અંગે નિર્ણય લેવાની સૂચના આપવામાં આવી છે.હવામાનની પ્રતિકૂળ સ્થિતિ અને પવનની ધીમી ગતિને કારણે પ્રદૂષિત કણો વાતાવરણમાં જમીનની નજીક જમા થઈ રહ્યા છે. વાહનોમાંથી નીકળતો ધુમાડો, પડોશી રાજ્યોમાં પરાળી બાળવાની ઘટનાઓ અને દિવાળીના ફટાકડાઓ પણ પ્રદૂષણ વધારવામાં ભાગ ભજવી રહ્યા છે.

ઇસરોની મોટી સિદ્ધિ

NVS-03 સેટેલાઇટ ૩૬,૧૯૬ કિ.મી.ની ભ્રમણ કક્ષામાં સ્થાપિત

GPS માટે ભારતની આત્મનિર્ભરતાને મળશે નવી તાકાત

બેંગલુરુ/મુંબઈ, તા.૭

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO)એ અંતરિક્ષ ક્ષેત્રે વધુ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ઈસરોનો નેવિગેશન સેટેલાઈટ NVS-03 સફળતાપૂર્વક તેની નિર્ધારિત ભ્રમણકક્ષામાં સ્થાપિત થયો છે. ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સેટેલાઇટને પૃથ્વીથી આશરે ૩૫,૭૬૫થી ૩૬,૧૯૬ કિલોમીટરની ઊંચાઈએ આવેલી તેની નિર્ધારિત ભ્રમણકક્ષામાં પહોંચાડવામાં આવ્યો હતો. આ સફળતાથી ભારતની સ્વદેશી નેવિગેશન સિસ્ટમને વધુ મજબૂતી મળશે.

NVS-03 સેટેલાઇટનું પ્રક્ષેપણ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ GSLV-F18 રોકેટની મદદથી કરવામાં આવ્યું હતું. સેટેલાઇટને નિર્ધારિત ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવા માટે ઈસરોએ ચાર વખત સફળ ઓર્બિટ મેન્યુવર હાથ ધર્યા હતા.

આ પ્રક્રિયામાં સેટેલાઇટમાં લગાવવામાં આવેલા લિક્વિડ એપોજી મોટર (LAM) એન્જિનને કુલ ૬,૧૬૪ સેકન્ડ સુધી કાર્યરત રાખવામાં આવ્યું હતું. આ એન્જિનની મદદથી સેટેલાઇટને તેની નિર્ધારિત ભ્રમણકક્ષામાં પહોંચાડવામાં સફળતા મળી હતી.

NVS-03 ભારતની સ્વદેશી નેવિગેશન સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. અત્યાર સુધી નેવિગેશન માટે અમેરિકાની GPS સિસ્ટમનો ઉપયોગ થતો રહ્યો છે. જોકે, ભારતની પોતાની NavIC સિસ્ટમને વધુ સક્ષમ બનાવવાના પ્રયાસોમાં આ સેટેલાઇટ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. આ સેટેલાઇટ કાર્યરત થયા બાદ નાગરિક, વ્યાપારી અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સચોટ લોકેશન, દિશા અને સમયની માહિતી મેળવવામાં મદદ મળશે. NVS-03 સેટેલાઇટની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા તેમાં લગાવવામાં આવેલી સ્વદેશી રૂબીડીયમ એટોમિક ક્લોક છે. આ ઉપરાંત તેમાં પ્રોક્યોર્ડ ક્લોક પણ લગાવવામાં આવી છે.

એટોમિક ક્લોકની મદદથી નેવિગેશન સિગ્નલમાં સમયની ચોકસાઈ જાળવવામાં મદદ મળશે. સેટેલાઇટ આધારિત નેવિગેશનમાં સમયની ચોકસાઈ અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે, કારણ કે તેના આધારે જ સ્થળ અને અંતરની ગણતરી કરવામાં આવે છે. આ ટેકનોલોજીથી કેન્દ્ર સરકારની 'વન નેશન, વન ટાઇમ' પહેલને પણ વધુ મજબૂતી મળી શકે છે.

NVS-03 સેટેલાઇટનો ઉપયોગ અનેક ક્ષેત્રોમાં થઈ શકશે. તેમાં ખાસ કરીને નીચેના ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

- સંરક્ષણ ક્ષેત્રઃ ભારતીય લશ્કરની ત્રણેય પાંખને સચોટ નેવિગેશન અને સમયની માહિતી મેળવવામાં મદદ મળશે.
- રેલવેઃ ટ્રેનોના સંચાલન અને લોકેશન ટ્રેકિંગમાં ચોકસાઈ વધશે.
- હવાઈ સેવાઃ વિમાનોના નેવિગેશન અને સુરક્ષિત સંચાલનમાં મદદ મળશે.
- માર્ગ પરિવહનઃ વાહનોના લોકેશન અને દિશા અંગે વધુ સચોટ માહિતી મળી શકશે.
- સ્માર્ટફોન અને સ્માર્ટવોચઃ લોકેશન આધારિત સેવાઓ વધુ વિશ્વસનીય બનશે.
- આપત્તિ વ્યવસ્થાપનઃ કુદરતી આફત દરમિયાન બચાવ અને રાહત કામગીરીમાં મદદ મળશે.

સેટેલાઇટની મદદથી ભારત પોતાની આસપાસના આશરે ૧,૫૦૦ કિલોમીટરના વિસ્તાર માટે નેવિગેશન સેવાઓ પૂરી પાડવાની ક્ષમતા ધરાવતી સિસ્ટમને વધુ મજબૂત બનાવી શકશે. ખાસ કરીને સરહદી વિસ્તારો અને દરિયાઈ ક્ષેત્રોમાં આ ટેકનોલોજીનું વ્યૂહાત્મક મહત્ત્વ છે. NVS-03ની સફળ સ્થાપના ભારતની સ્વદેશી અંતરિક્ષ અને નેવિગેશન ટેકનોલોજી માટે મહત્ત્વપૂર્ણ પગલું છે. જોકે, સેટેલાઇટની વાસ્તવિક સેવાઓનો લાભ તેની નેવિગેશન કામગીરી શરૂ થયા બાદ તબક્કાવાર મળી શકશે.

૧૨ વર્ષના નુકસાનની ભરપાઈ કરવામાં સમય લાગશે

પુસ્તક રિલીઝ પહેલાં સોનિયા ગાંધીના ભાજપ સરકાર પર આકરા પ્રહાર

સરકાર બદલાયા બાદ દેશમાં સુશાસનની વાપસી થશે

નવી દિલ્હી, તા. ૭

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે છેલ્લા ૧૨ વર્ષમાં દેશની લોકશાહી વ્યવસ્થા, સામાજિક માળખા અને બંધારણીય સંસ્થાઓને ભારે નુકસાન થયું છે. અંગ્રેજી અખબાર 'ધ હિન્દુ'ને આપેલા વિશેષ ઈન્ટરવ્યૂમાં તેમણે આ વાત કહી છે, જે તેમનું આગામી પુસ્તક **'Belonging: A Journey of Love'** (હાર્પરકોલિન્સ ઈન્ડિયા દ્વારા ૧૦ નવેમ્બરે પ્રકાશિત થનાર)ના પ્રકાશન પહેલાં સામે આવ્યું છે.

સોનિયા ગાંધીએ ઉમેર્યું હતું કે હવે સામાન્ય લોકોને પણ આ નુકસાનનો અહેસાસ થવા લાગ્યો છે અને વર્તમાન પરિસ્થિતિને લઈને તેમનામાં બેચેની વધી રહી છે. સરકાર બદલાયા બાદ દેશમાં સુશાસનની વાપસી થશે તેવી આશા વ્યક્ત કરતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે લોકશાહી સંસ્થાઓને ફરીથી પૂર્વવત અને મજબૂત બનાવવામાં સમય લાગશે, જેના માટે તમામ રાજકીય પક્ષોએ સામૂહિક પ્રયાસો કરવા પડશે.

ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર સરકાર આવ્યા બાદ વિપક્ષને ચૂંટણી લડવા માટે સમાન તક મળી રહી નથી અને ચૂંટણી પંચ તથા મુખ્યધારાના મીડિયા પર સરકારનું સંપૂર્ણ નિયંત્રણ છે. તેમ છતાં, કોંગ્રેસ પાર્ટી ગામડાંથી લઈને જિલ્લા સ્તર સુધી મક્કમતાથી સંઘર્ષ કરી રહી છે અને સમાન વિચારધારા ધરાવતા પક્ષો સાથે મળીને કામ કરી રહી છે. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે કોંગ્રેસે ભાજપ અને RSS સાથે ક્યારેય સમજૂતી કરી નથી અને ભવિષ્યમાં પણ નહીં કરે. આ ઉપરાંત, તેમણે ૨૦૦૪માં વડાપ્રધાન પદ ન સ્વીકારવાનો નિર્ણય, મનમોહન સિંહ સાથેની ટીમ વર્કવાળી કાર્યશૈલી, ઈન્દિરા અને રાજીવ ગાંધી પાસેથી શીખેલા મૂલ્યો તેમજ ઇમરજન્સીના કાળા અધ્યાય અંગે પણ પોતાના વિચારો ખુલ્લા મનથી રજૂ કર્યા હતા.

૭ હજાર પરિવારોને મળશે પોતાના ઘરની ચાવી

૯ નવેમ્બરે સરખેજ-ઈસ્કોન એલિવેટેડ બ્રિજનું લોકાર્પણ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદમાં રૂ. ૧,૫૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપશે

અમદાવાદ, તા.૭

દિવાળીના તહેવાર વચ્ચે અમદાવાદ શહેરના નાગરિકો માટે બે મોટા વિકાસલક્ષી સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ અમદાવાદમાં રૂ. ૧,૫૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપવાના છે.

આ કાર્યક્રમમાં એસ.જી. હાઈવે પર તૈયાર થયેલા સરખેજ-ઈસ્કોન એલિવેટેડ બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગના ૭,૦૦૦ પરિવારોને ઘર ફાળવવા માટે કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો પણ યોજાશે.

અમદાવાદના સૌથી વ્યસ્ત માર્ગોમાંના એક એવા એસ.જી. હાઈવે પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે સરખેજ-ઈસ્કોન એલિવેટેડ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. ૯ નવેમ્બરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે તેનું સત્તાવાર લોકાર્પણ કરવામાં આવશે. આશરે રૂ. ૪૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો આ બ્રિજ લગભગ ૪ કિલોમીટર લાંબો છે. બ્રિજ શરૂ થયા બાદ સરખેજથી ગાંધીનગર તરફ જતા અને આવતા વાહનચાલકોને ટ્રાફિકમાં મોટી રાહત મળવાની અપેક્ષા છે. હાલમાં એસ.જી. હાઈવે પર અનેક સ્થળોએ ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડે છે. ખાસ કરીને પીક અવર્સ દરમિયાન વાહનોની લાંબી કતારો લાગી જાય છે.

એલિવેટેડ બ્રિજ શરૂ થયા બાદ વાહનચાલકોને માર્ગમાં આવતા અનેક ચાર રસ્તા અને સિગ્નલ ટાળીને મુસાફરી કરવાની સુવિધા મળશે. તેના કારણે મુસાફરીનો સમય અને ઈંધણ બંનેની બચત થવાની આશા છે. આ કાર્યક્રમની બીજી મહત્ત્વપૂર્ણ જાહેરાત આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે છે. અમદાવાદમાં પ્રથમ વખત એકસાથે ૭,૦૦૦ EWS આવાસ માટે કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો યોજાવાનો છે.

આ યોજના હેઠળ ઘર મેળવવા માટે ૯૭ હજારથી વધુ અરજીઓ મળી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. હવે કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા ૭,૦૦૦ લાભાર્થી પરિવારોની પસંદગી કરવામાં આવશે. પોતાના ઘરનું સપનું જોતા હજારો પરિવારો માટે આ ડ્રો મહત્ત્વપૂર્ણ બની રહેશે. પારદર્શક કમ્પ્યુટરાઈઝ્ડ પ્રક્રિયા દ્વારા પસંદ થયેલા લાભાર્થીઓને મકાન ફાળવવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન પસંદ થયેલા લાભાર્થીઓને ઘરની ચાવીઓ પણ સોંપવામાં આવશે. આ પહેલથી આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોને પાકા મકાનમાં રહેવાની તક મળશે. અમદાવાદના અલગ-અલગ ૧૧ વિસ્તારોમાં આ આધુનિક આવાસ તૈયાર કરવામાં આવ્યા છે. તેમાં નરોડા, નિકોલ અને ઓઢવ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રામાપીરના ટેકરા પાસે પણ આશરે ૧,૨૫૦ આવાસ તૈયાર કરવામાં આવ્યા છે. આ આવાસ દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા પરિવારોને પણ પાકા મકાનની સુવિધા આપવાનો હેતુ છે. એક તરફ એસ.જી. હાઈવે પર એલિવેટેડ બ્રિજ શરૂ થવાથી ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થવાની અપેક્ષા છે, તો બીજી તરફ ૭ હજાર EWS આવાસના ડ્રો દ્વારા અનેક પરિવારોનું ઘરનું સપનું સાકાર થવાની તક મળશે. ૯ નવેમ્બરના કાર્યક્રમમાં આ બંને પ્રકલ્પો અમદાવાદના શહેરી વિકાસ અને આવાસ સુવિધા સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ મુદ્દા બની રહેશે.

ધો. ૫ સુધીની શાળાઓમાં હાઇબ્રિડ શિક્ષણ ફરજિયાત

દિલ્હી-NCRમાં પ્રદૂષણનો પ્રકોપ હવા બની ઝેરી, GRAP-3 લાગુ

દિલ્હી સહિત નોઇડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને ફરીદાબાદમાં ઓનલાઈન-ઓફલાઈન શિક્ષણનો વિકલ્પ

નવી દિલ્હી, તા.૭

દેશની રાજધાની દિલ્હી સહિત સમગ્ર NCR વિસ્તારમાં હવા પ્રદૂષણની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. હવામાં પ્રદૂષિત કણોનું પ્રમાણ વધતાં નાગરિકોને શ્વાસ લેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) દ્વારા ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના ત્રીજા તબક્કા એટલે કે GRAP-3નો અમલ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ધોરણ ૫ સુધીના વિદ્યાર્થીઓ માટે હાઈબ્રિડ શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જૂનાં પેટ્રોલ-ડીઝલ વાહનો અને બાંધકામ પ્રવૃત્તિઓ પર પણ કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં છે.

દિલ્હી-NCRમાં વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને શાળાઓમાં નાના બાળકોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવામાં આવી છે. દિલ્હી, નોઇડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ, ફરીદાબાદ અને સોનીપતમાં ધોરણ ૫ સુધીના વિદ્યાર્થીઓ માટે હાઈબ્રિડ શિક્ષણ વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ વિદ્યાર્થીઓ શાળામાં જઈને ઓફલાઈન અભ્યાસ કરી શકશે અથવા ઘરે રહીને ઓનલાઈન શિક્ષણ મેળવી શકશે.

શાળાઓ સંપૂર્ણપણે બંધ કરવામાં આવી નથી, પરંતુ વાલીઓ અને વિદ્યાર્થીઓને પોતાની અનુકૂળતા મુજબ અભ્યાસનો વિકલ્પ પસંદ કરવાની છૂટ આપવામાં આવી છે.

દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ વીડિયો સંદેશ દ્વારા આ નિર્ણયની જાણકારી આપી હતી. તેમણે વાલીઓને બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ઓનલાઈન શિક્ષણના વિકલ્પનો ઉપયોગ કરવા અપીલ કરી છે. પ્રદૂષણની ગંભીર સ્થિતિમાં બાળકોને બિનજરૂરી રીતે બહાર જવાનું ટાળવા માટે પણ સૂચન કરવામાં આવ્યું છે.

પ્રદૂષણ ઘટાડવા માટે વાહનવ્યવહાર પર પણ કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં છે. દિલ્હી ઉપરાંત ગુરુગ્રામ, ફરીદાબાદ, સોનીપત, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં BS-III અને તેનાથી જૂનાં પેટ્રોલ વાહનો તેમજ BS-IV અને તેનાથી જૂનાં ડીઝલ વાહનોના સંચાલન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત દિલ્હીમાં BS-IV અને તેનાથી જૂનાં ડીઝલથી ચાલતાં મધ્યમ માલવાહક વાહનોના સંચાલન પર પણ રોક લગાવવામાં આવી છે. અન્ય વિસ્તારોમાં નોંધાયેલા જૂનાં ડીઝલ મધ્યમ અને હળવા માલવાહક વાહનોને દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જોકે, દિવ્યાંગ વ્યક્તિઓના વ્યક્તિગત ઉપયોગ માટે ખાસ અનુકૂલિત કરાયેલા વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

દિલ્હીમાં શુક્રવારે સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૮૨ નોંધાયો હતો. આ આંકડો અત્યંત ખરાબ શ્રેણીમાં આવે છે અને ગંભીર પ્રદૂષણની સ્થિતિ તરફ સંકેત આપે છે. પવનની ગતિ ધીમી પડવાની શક્યતાને કારણે પ્રદૂષિત કણો વાતાવરણમાં લાંબા સમય સુધી જમા રહેવાની આશંકા છે. તેના કારણે આગામી દિવસોમાં પણ હવાની ગુણવત્તા કથળી શકે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

દક્ષિણ ભારતમાં મેઘતાંડવની આગાહી

દિવાળી પહેલાં દેશના હવામાનમાં પલટો આવ્યો

તમિલનાડુ, પુડુચેરી અને કેરળમાં ભારે વરસાદનું એલર્ટ; પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતનાં રાજ્યોમાં વરસાદની શક્યતા

નવી દિલ્હી, તા.૭

દેશના વિવિધ ભાગોમાં હવામાનની સ્થિતિમાં ફેરફાર થવાની સંભાવના વચ્ચે ભારતીય હવામાન વિભાગે દક્ષિણ ભારતનાં કેટલાંક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ૮થી ૧૧ નવેમ્બર દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને કેરળ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. બીજી તરફ ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૮થી ૧૦ નવેમ્બર દરમિયાન તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. જ્યારે કેરળ અને માહેમાં ૮ નવેમ્બર સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં ગાજવીજ સાથે ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. કેટલાક સ્થળોએ પવનની ગતિ ૫૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.

દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમમાં પણ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જોકે, ૮ નવેમ્બર માટે અહીં ભારે વરસાદની સત્તાવાર આગાહી કરવામાં આવી નથી. દક્ષિણ ભારત ઉપરાંત દેશના પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભાગોમાં પણ વરસાદી ગતિવિધિઓ જોવા મળી શકે છે. ૯થી ૧૧ નવેમ્બર દરમિયાન ઓડિશા, આંદામાન અને નિકોબાર ટાપુઓ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે.

હવામાનમાં થઈ રહેલા ફેરફાર પાછળ અનેક હવામાન પ્રણાલીઓ સક્રિય હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રથી કેરળ નજીક થઈ દક્ષિણ આંતરિક કર્ણાટક સુધી નીચલા વાતાવરણમાં પૂર્વીય પવનોનો ટ્રફ રચાયો છે. આ સિસ્ટમ દક્ષિણ ભારતના વિસ્તારોમાં વરસાદ લાવી રહી છે.

આ ઉપરાંત પૂર્વ બાંગ્લાદેશ અને ઉત્તર-પૂર્વ આસામ નજીક બે ચક્રવાતી પરિભ્રમણ સક્રિય છે. તેની અસરથી ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક રાજ્યોમાં પણ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે, ૧૦ નવેમ્બરથી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ શકે છે. તેના પ્રભાવથી જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદની શક્યતા છે.

આમ, દિવાળી આસપાસ દેશના વિવિધ ભાગોમાં હવામાનની સ્થિતિ અલગ-અલગ રહેવાની સંભાવના છે. દક્ષિણ અને પૂર્વ ભારતમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે, જ્યારે ઉત્તર ભારતમાં મોટાભાગે હવામાન સૂકું રહેવાનું અનુમાન છે.

મોબાઇલ એપથી જ થશે ઓળખની ચકાસણી

હવે હોટલ-હોસ્પિટલમાં આધાર કાર્ડની ઝેરોક્ષ આપવાની ઝંઝટ ખતમ

UIDAIએ ડિજિટલ આધાર વેરિફિકેશનને આપ્યું પ્રોત્સાહન; જાન્યુઆરીથી ૩૦૦ સંસ્થાઓ ઓફલાઇન વેરિફિકેશન સિસ્ટમ સાથે જોડાઈ

નવી દિલ્હી, તા.૭

આધાર કાર્ડ આજના સમયમાં સૌથી મહત્ત્વના ઓળખ દસ્તાવેજોમાંનું એક બની ગયું છે. હોટલમાં રૂમ બુક કરાવવો હોય, હોસ્પિટલમાં સારવાર લેવી હોય કે અન્ય કોઈ સંસ્થામાં ઓળખનો પુરાવો આપવાનો હોય, ત્યારે આધાર કાર્ડની ઝેરોક્ષ માગવામાં આવે છે.

જોકે, હવે આ પ્રક્રિયામાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દ્વારા ડિજિટલ આધાર વેરિફિકેશનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. નવી વ્યવસ્થા હેઠળ હોટલ, હોસ્પિટલો સહિતની સંસ્થાઓમાં મોબાઈલ એપ દ્વારા જ વ્યક્તિની ઓળખની ચકાસણી કરી શકાશે. એટલે કે આધાર કાર્ડની ફોટોકોપી આપવાની જરૂરિયાત ઘટશે. UIDAIનો મુખ્ય હેતુ ઓળખની ચકાસણી માટે ભૌતિક દસ્તાવેજો અને તેમની ફોટોકોપીનો ઉપયોગ ઘટાડવાનો છે. ઘણી વખત હોટલ, હોસ્પિટલ અને અન્ય સંસ્થાઓમાં આધાર કાર્ડની ઝેરોક્ષ લેવામાં આવે છે. આ રીતે વ્યક્તિની અંગત માહિતી અન્ય લોકો સુધી પહોંચવાની અને તેનો દુરુપયોગ થવાની શક્યતા રહે છે. આ સમસ્યાના ઉકેલ માટે UIDAI ડિજિટલ આધાર વેરિફિકેશનની વ્યવસ્થાને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેના માધ્યમથી વ્યક્તિ પોતાની ઓળખ મોબાઈલ એપ દ્વારા સાબિત કરી શકશે.

નવી વ્યવસ્થામાં વ્યક્તિ આધાર એપનો ઉપયોગ કરીને પોતાની ઓળખની પુષ્ટિ કરી શકશે. હોટલમાં ચેક-ઈન કરતી વખતે અથવા હોસ્પિટલમાં સારવાર માટે નોંધણી કરાવતી વખતે મોબાઈલ એપ દ્વારા ઓળખ ચકાસવાની સુવિધા મળશે. આ પ્રક્રિયામાં વ્યક્તિની સંમતિ મહત્ત્વપૂર્ણ રહેશે. યુઝર પોતાની જરૂરિયાત મુજબ કઈ માહિતી શેર કરવી તે નક્કી કરી શકશે. એટલે કે ઓળખ સાબિત કરવા માટે તમામ વ્યક્તિગત વિગતો આપવાની જરૂર નહીં રહે.

અહેવાલો અનુસાર, UIDAIએ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં આશરે ૩૦૦ સંસ્થાઓને પોતાની ઓફલાઇન વેરિફિકેશન સિસ્ટમ સાથે જોડી છે. આમાં હોટલ અને હોસ્પિટલો સહિત વિવિધ ક્ષેત્રોની સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ વ્યવસ્થાના કારણે સંસ્થાઓ આધાર એપ દ્વારા ગ્રાહકો અને મુલાકાતીઓની ઓળખ ચકાસી શકશે. જોકે, આ સુવિધા સંબંધિત સંસ્થાઓમાં ઉપલબ્ધ હોય ત્યારે જ તેનો લાભ લઈ શકાશે.

આ ડિજિટલ વ્યવસ્થાની સૌથી મહત્ત્વની વિશેષતા વ્યક્તિગત માહિતીની સુરક્ષા છે. આધાર એપ દ્વારા વેરિફિકેશન દરમિયાન વ્યક્તિનો આધાર નંબર હોટલ કે હોસ્પિટલ સાથે સીધો શેર કરવાની જરૂર રહેશે નહીં. આ ઉપરાંત, સંસ્થાઓને ઓળખ ચકાસવા માટે UIDAIના મુખ્ય ડેટાબેઝ સાથે સીધું જોડાવાની જરૂર નહીં રહે. આથી વ્યક્તિની સંવેદનશીલ વિગતો સુરક્ષિત રાખવામાં મદદ મળી શકે છે.

ટ્રમ્પ, પુતિન, જિનપિંગની ઐતિહાસિક બેઠકની તૈયારીઓ

ચીનમાં ત્રણ મહાશક્તિઓના વડા એક મંચ ઉપર આવશે

શેનઝેન ખાતે યોજાનારી APEC સમિટ દરમિયાન મુલાકાતની શક્યતા; ચીને ત્રણેય દેશો સાથે વાતચીત ચાલતી હોવાની કરી પુષ્ટિ

બેઈજિંગ, તા.૭

વિશ્વની ત્રણ મહત્ત્વપૂર્ણ મહાસત્તાઓ અમેરિકા, રશિયા અને ચીનના વડાઓ એક જ મંચ પર જોવા મળે તેવી શક્યતા ઊભી થઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે નવેમ્બર મહિનામાં ચીનના શેનઝેન શહેરમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ શકે છે. ચીનના વિદેશ મંત્રાલયે ત્રણેય દેશોના વડાઓની સંભવિત મુલાકાત અંગે સંબંધિત પક્ષો સાથે વાતચીત ચાલી રહી હોવાની પુષ્ટિ કરી છે. જોકે, બેઠક અંગે હજુ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

આ સંભવિત બેઠક એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન (APEC)ના નેતાઓના સંમેલન દરમિયાન યોજાઈ શકે છે. આ સંમેલન ૧૮ અને ૧૯ નવેમ્બરે ચીનના શેનઝેન શહેરમાં યોજાવાનું છે. તેમાં અમેરિકા અને રશિયા સહિત ૨૧ સભ્ય અર્થતંત્રોના નેતાઓ ભાગ લેવાના છે. ચીનના વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે ત્રણેય દેશોના રાષ્ટ્રાધ્યક્ષોની બેઠક અંગે સંબંધિત પક્ષો સાથે સંપર્ક અને ચર્ચા ચાલી રહી છે. જોકે, હજુ સુધી બેઠકનો સમય, સ્વરૂપ અને એજન્ડા નક્કી કરવામાં આવ્યા નથી.

આ સંભવિત બેઠકમાં અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર સંબંધો પણ મહત્વનો મુદ્દો બની શકે છે. બંને દેશો વચ્ચે તાજેતરમાં થયેલી વેપાર સમજૂતી જાન્યુઆરીમાં પૂર્ણ થવાની હોવાથી તેને આગળ વધારવા અંગે ચર્ચા થઈ શકે છે. અમેરિકા અને ચીન વચ્ચે વેપાર, ટેરિફ, કૃષિ ઉત્પાદનોની ખરીદી અને દુર્લભ ખનિજોના મુદ્દે મતભેદો યથાવત્ છે. આવી સ્થિતિમાં ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચેની મુલાકાત બંને દેશોના આર્થિક સંબંધો માટે મહત્વપૂર્ણ બની શકે છે. સંભવિત ત્રિપક્ષીય બેઠકમાં પરમાણુ હથિયારો પર નિયંત્રણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ ચર્ચામાં આવી શકે છે. ટ્રમ્પ પરમાણુ હથિયારોના નિયંત્રણ અંગે વાતચીત કરવા ઈચ્છુક હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. બીજી તરફ, રશિયાના રાષ્ટ્રપતિ પુતિન યુક્રેન યુદ્ધનો મુદ્દો ઉઠાવી શકે છે. રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને ધ્યાનમાં રાખતાં આ મુદ્દો બેઠકમાં મહત્વનો બની શકે છે. જોકે, ત્રણેય દેશો વચ્ચે આ મુદ્દે સમાન અભિગમ હોવાની શક્યતા અંગે કોઈ સ્પષ્ટતા નથી. આ બેઠક યોજાય તો આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ક્ષેત્રે તેને મહત્વપૂર્ણ ઘટના માનવામાં આવશે. જોકે, અમેરિકા, રશિયા અને ચીનના વ્યૂહાત્મક તથા આર્થિક હિતો અલગ-અલગ છે. વેપાર વિવાદ, યુક્રેન યુદ્ધ, પરમાણુ સુરક્ષા અને વૈશ્વિક રાજકીય પ્રભાવ જેવા મુદ્દાઓ પર ત્રણેય દેશોના અભિગમમાં તફાવત છે.

નિષ્ણાતોના મતે, ત્રણેય નેતાઓ એકસાથે મળે તો પણ કોઈ મોટી સમજૂતી પર પહોંચવું સરળ નહીં હોય. હાલ તમામની નજર ચીનના શેનઝેનમાં યોજાનારી APEC સમિટ અને ત્રણેય મહાશક્તિઓના વડાઓ વચ્ચે સંભવિત મુલાકાત પર ટકેલી છે.

ભાવુક વીડિયો શેર કરી નિવૃત્તિની જાહેરાત

મોહમ્મદ શમીએ ટેસ્ટ ક્રિકેટને કહ્યું અલવિદા

મોહમ્મદ શમીએ વર્ષ ૨૦૧૩માં વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું : ૬૪ ટેસ્ટમાં ૨૨૯ વિકેટ ઝડપી

નવી દિલ્હી, તા.૭

ભારતીય ક્રિકેટ જગતમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાના અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. શમીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો શેર કરીને પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે ટેસ્ટ ક્રિકેટની સફર દરમિયાન મળેલા સાથ, સમર્થન અને યાદો બદલ સાથી ખેલાડીઓ, કોચ, પરિવાર, ભારતીય ક્રિકેટ બોર્ડ અને ચાહકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

મોહમ્મદ શમીએ પોતાના X એકાઉન્ટ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે તે હવે ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી રહ્યો છે. તેણે પોતાની ભાવુક પોસ્ટમાં લખ્યું હતું કે, જ્યારે પહેલીવાર ભારતની ટેસ્ટ જર્સી પહેરી હતી ત્યારે દેશ માટે કંઈક ખાસ કરવાની ઈચ્છા હતી. ટેસ્ટ ક્રિકેટ દરમિયાન મળેલી દરેક વિકેટ, સંઘર્ષ, ઈજા અને વાપસીએ તેને ઘણું શીખવ્યું છે.

શમીએ વધુમાં જણાવ્યું કે ટેસ્ટ ક્રિકેટ તેના માટે માત્ર એક ફોર્મેટ નહોતું, પરંતુ તેના જીવનનો અત્યંત ખાસ હિસ્સો રહ્યું છે. ભારે હૃદય અને સુંદર યાદો સાથે તેણે આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે.

નિવૃત્તિની જાહેરાત કરતી વખતે શમીએ પોતાના સાથી ખેલાડીઓ, કોચ, પરિવાર અને લાખો ભારતીય ચાહકોનો વિશેષ આભાર માન્યો હતો. તેણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (CAB)નો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આ સંસ્થાઓએ તેની પ્રતિભા પર વિશ્વાસ મૂક્યો અને કારકિર્દીમાં આગળ વધવાની તકો આપી હોવાનું તેણે જણાવ્યું હતું. શમીએ ભાવુક સંદેશમાં કહ્યું હતું કે ભલે તેણે ટેસ્ટ ક્રિકેટમાં પોતાનો છેલ્લો બોલ ફેંકી દીધો હોય, પરંતુ ભારત માટે રમ્યાનો ગર્વ હંમેશાં તેના હૃદયમાં જીવંત રહેશે.

મોહમ્મદ શમીએ વર્ષ ૨૦૧૩માં વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. ખાસ વાત એ છે કે આ જ શ્રેણીમાં મહાન ક્રિકેટર સચિન તેંડુલકરે પોતાની અંતિમ ટેસ્ટ મેચ રમી હતી. શમીએ ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરતાં કુલ ૬૪ ટેસ્ટ મેચ રમી હતી. આ દરમિયાન તેણે ૧૨૨ ઈનિંગ્સમાં ૨૭.૭૧ની સરેરાશથી કુલ ૨૨૯ વિકેટ ઝડપી હતી. એક ઈનિંગ્સમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન ૫૭ રન આપીને ૭ વિકેટ લેવાનું રહ્યું હતું.

શમીએ ભારત માટે છેલ્લી ટેસ્ટ મેચ વર્ષ ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમી હતી. આ મુકાબલામાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ તેને ટેસ્ટ ફોર્મેટમાં રમવાની તક મળી નહોતી. હાલમાં શમી વન-ડે અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ટીમોમાં પણ સ્થાન મેળવી શક્યો નથી. જોકે, ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિના તેના નિર્ણય સાથે ભારતીય ક્રિકેટમાં તેની સફરનો એક મહત્વપૂર્ણ અધ્યાય પૂર્ણ થયો છે.

સોશિયલ મીડિયા પર છવાઈ સુંદર તસવીરો

આલિયા-રણબીરની લાડલી રાહાનો ધામધૂમથી ઉજવાયો ચોથો જન્મદિવસ

સોનુ સૂદ સહિત અનેક સેલેબ્સે પાઠવી શુભેચ્છાઓ

મુંબઈ, તા.૭

બોલિવૂડના લોકપ્રિય સ્ટાર કપલ આલિયા ભટ્ટ અને રણબીર કપૂરની લાડલી દીકરી રાહા કપૂરે પોતાનો ચોથો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો હતો. આ ખાસ પ્રસંગની સુંદર તસવીરો આલિયાએ સોશિયલ મીડિયા પર શેર કરી છે. તસવીરોમાં આખો પરિવાર ખુશીથી જન્મદિવસની ઉજવણી કરતો જોવા મળી રહ્યો છે. રાહાના જન્મદિવસની આ તસવીરો સામે આવતાં જ ચાહકો અને ફિલ્મી સિતારાઓ તરફથી શુભેચ્છાઓનો વરસાદ શરૂ થયો છે.

આલિયાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી તસવીરોમાં રણબીર અને આલિયા પોતાની દીકરી રાહાને ખોળામાં લઈને બર્થડે કેક કાપતા જોવા મળે છે. આ પ્રસંગે ખાસ ટૂ-ટિયર કેક તૈયાર કરવામાં આવ્યો હતો. કેક પર આલિયા, રણબીર અને રાહાની તસવીરો પણ બનાવવામાં આવી હતી. આ ઉપરાંત રાહા જન્મદિવસની ઉજવણી દરમિયાન મસ્તી કરતી અને અહીં-તહીં દોડતી પણ જોવા મળી રહી છે. જન્મદિવસની તસવીરોમાં એક તસવીર ખાસ ધ્યાન ખેંચી રહી છે, જેમાં આલિયા પોતાની લાડલીને ભેટીને કિસ કરતી જોવા મળે છે. બીજી તસવીરમાં રાહા રંગો વડે મેઘધનુષ્ય બનાવતી જોવા મળે છે, જ્યારે આલિયા તેને પ્રોત્સાહિત કરતી નજરે પડે છે. પાછળ લાગેલા બેનર પર રાહાના ચોથા જન્મદિવસનો ઉલ્લેખ પણ જોવા મળે છે. રાહાના જન્મદિવસની તસવીરો સોશિયલ મીડિયા પર શેર થતાં જ ચાહકોએ શુભેચ્છાઓ આપવાનું શરૂ કર્યું હતું. સોનુ સૂદથી લઈને દિશા પરમાર સહિત અનેક જાણીતા કલાકારોએ કમેન્ટ કરીને રાહાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. ચાહકોએ પણ આલિયા, રણબીર અને રાહાની તસવીરો પર પ્રેમ વરસાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે એપ્રિલ ૨૦૨૨માં લગ્ન કર્યા હતા. લગ્નના થોડા મહિના બાદ નવેમ્બર ૨૦૨૨માં તેમના ઘરે દીકરી રાહાનો જન્મ થયો હતો. બંને ઘણીવાર સોશિયલ મીડિયા પર દીકરી સાથેની ખાસ પળો શેર કરતા રહે છે. જોકે, તેઓ રાહાની પ્રાઈવસીનું પણ ખાસ ધ્યાન રાખે છે.

રાહાના જન્મદિવસની ઉજવણીમાં આલિયા ભટ્ટનો અંદાજ પણ ચર્ચાનો વિષય બન્યો હતો. આ પ્રસંગે તેણે સમર અવે બ્રાન્ડનો મિરાબેલ ફ્લોરલ ડ્રેસ પહેર્યો હતો. વી-નેકલાઈન, થ્રી-ક્વાર્ટર સ્લીવ્ઝ અને રફલ ડિઝાઈન ધરાવતા આ ડ્રેસ સાથે તેણે સ્કાર્ફ પણ પહેર્યો હતો. વેવી હેરસ્ટાઈલ, ન્યૂડ મેકઅપ અને પિંક લિપસ્ટિક સાથે આલિયાએ પોતાનો લુક સાદો અને આકર્ષક રાખ્યો હતો.

રોહિત શર્માએ રચ્યો ઈતિહાસ

રોહિતે બે સિક્સ ફટકારી શાહિદ આફ્રિદીનો વર્ષો જૂનો રેકોર્ડ તોડ્યો

બે સિક્સ ફટકારતાં જ તેની કુલ સંખ્યા ૫૧ થઈ ગઈ છે, આ સાથે તેણે શાહિદ આફ્રિદીને પાછળ છોડી દીધો છે

નવી દિલ્હી, તા.૭

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન રોહિત શર્માએ ન્યૂઝીલેન્ડ સામેની બીજી વનડે મેચમાં ભલે માત્ર ૨૩ રનની ઈનિંગ રમી હોય, પરંતુ આ દરમિયાન તેણે એક મોટો વિશ્વ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. રોહિતે આ મેચમાં બે શાનદાર સિક્સ ફટકારીને પાકિસ્તાનના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર શાહિદ આફ્રિદીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. હવે તે વનડે ક્રિકેટમાં ન્યૂઝીલેન્ડ સામે સૌથી વધુ સિક્સ ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. ન્યૂઝીલેન્ડ સામેની બીજી વનડે પહેલાં રોહિત શર્માના નામે ૪૯ સિક્સ નોંધાયેલી હતી. બીજી મેચમાં બે સિક્સ ફટકારતાં જ તેની કુલ સંખ્યા ૫૧ થઈ ગઈ છે. આ સાથે તેણે શાહિદ આફ્રિદીને પાછળ છોડી દીધો છે. આફ્રિદીએ પોતાની વનડે કારકિર્દીમાં ન્યૂઝીલેન્ડ સામે કુલ ૫૦ સિક્સ ફટકારી હતી. હવે આ રેકોર્ડ રોહિત શર્માના નામે નોંધાયો છે.

વનડેમાં એક ટીમ સામે સૌથી વધુ સિક્સ ફટકારનારા બેટ્સમેન

- ૯૩ સિક્સ – રોહિત શર્મા વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા
- ૮૫ સિક્સ – ક્રિસ ગેઈલ વિરુદ્ધ ઈંગ્લેન્ડ
- ૬૩ સિક્સ – શાહિદ આફ્રિદી વિરુદ્ધ શ્રીલંકા
- ૫૮ સિક્સ – રોહિત શર્મા વિરુદ્ધ શ્રીલંકા
- ૫૩ સિક્સ – સનથ જયસૂર્યા વિરુદ્ધ પાકિસ્તાન
- ૫૧ સિક્સ – શાહિદ આફ્રિદી વિરુદ્ધ ભારત
- ૫૧ સિક્સ – રોહિત શર્મા વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ

રોહિત શર્માએ બીજી વનડેમાં માત્ર આફ્રિદીનો રેકોર્ડ જ તોડ્યો નથી, પરંતુ એક અન્ય ઐતિહાસિક સિદ્ધિની પણ બરાબરી કરી છે. રોહિત હવે વનડે ક્રિકેટમાં ત્રણ અલગ-અલગ ટીમ સામે ૫૦ કે તેથી વધુ સિક્સ ફટકારનાર બેટ્સમેન બન્યો છે. આ પહેલાં પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી આ સિદ્ધિ મેળવી ચૂક્યા હતા. રોહિતે ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા અને હવે ન્યૂઝીલેન્ડ સામે ૫૦થી વધુ સિક્સ ફટકારી છે. ન્યૂઝીલેન્ડ સામેની બીજી વનડેમાં રોહિત શર્મા ૨૩ રન બનાવીને આઉટ થયો હતો. તેની ઈનિંગમાં બે સિક્સનો સમાવેશ થયો હતો. જોકે, આ નાની ઈનિંગ પણ તેના નામે એક મોટી સિદ્ધિ નોંધાવવા માટે પૂરતી સાબિત થઈ.

રોહિત શર્માની આ સિદ્ધિ ફરી એકવાર સાબિત કરે છે કે વનડે ક્રિકેટમાં તેની છગ્ગા ફટકારવાની ક્ષમતા કેટલી વિશેષ છે. ભારતીય ક્રિકેટ ચાહકો માટે આ રેકોર્ડ ગૌરવની વાત બની રહ્યો છે.

રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને ઘેરી

પેટ્રોલમાં ૨૦ નહીં, ૩૧.૨ ટકા સુધી ઈથેનોલ ભેળવાતું હોવાનો દાવો

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર E20 પેટ્રોલને ૪૨૦ ગણાવી સરકાર પાસે જવાબ માગ્યો છે

નવી દિલ્હી, તા.૭

પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણને લઈને દેશમાં નવો વિવાદ ઊભો થયો છે. કર્ણાટક સરકાર દ્વારા પેટ્રોલનાં સેમ્પલની તપાસ કરાવ્યા બાદ સામે આવેલા તારણોને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે પેટ્રોલમાં નિર્ધારિત ૨૦ ટકાને બદલે કેટલાક સેમ્પલમાં ૩૦ ટકાથી વધુ ઈથેનોલ મળી આવ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર E20 પેટ્રોલને ૪૨૦ ગણાવી સરકાર પાસે જવાબ માગ્યો છે. જોકે, બીજી તરફ ઓઈલ કંપનીઓએ કર્ણાટક સરકારના તપાસના તારણો સામે વાંધો ઉઠાવ્યો છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, કર્ણાટક સરકારે રાજ્યના સાત જિલ્લાઓમાંથી પેટ્રોલનાં સેમ્પલ એકત્ર કરીને માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં તપાસ કરાવી હતી. તેમના જણાવ્યા અનુસાર, તપાસવામાં આવેલા ૧૪ સેમ્પલમાંથી ૧૧માં ઈથેનોલનું પ્રમાણ ૨૦ ટકાથી વધુ નોંધાયું હતું.

રાહુલ ગાંધીએ રજૂ કરેલા આંકડા પ્રમાણે, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL)ના એક સેમ્પલમાં ૩૧.૨ ટકા અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL)ના સેમ્પલમાં ૩૦.૫ ટકા ઈથેનોલ મળ્યું હતું. આ ઉપરાંત BPCLમાં ૨૬.૫ ટકા, નાયરા એનર્જીમાં ૨૬.૧ ટકા અને શેલના સેમ્પલમાં ૨૫.૫ ટકા ઈથેનોલ હોવાનું જણાવાયું છે.

રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવતાં કહ્યું કે, સરકાર પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ હોવાનો દાવો કરે છે, પરંતુ કર્ણાટકમાં કરવામાં આવેલી તપાસમાં અલગ જ ચિત્ર સામે આવ્યું છે. તેમના મતે, ગ્રાહકો પેટ્રોલના પૂરા ભાવ ચૂકવે છે, પરંતુ વાહનોમાં નિર્ધારિત પ્રમાણ કરતાં વધુ ઈથેનોલ ભરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદ ગંભીર છે.

તેમણે એવો પણ દાવો કર્યો કે ઈથેનોલનું પ્રમાણ વધવાથી વાહનોની માઈલેજ ઘટી શકે છે અને વારંવાર મરામતની જરૂર પડી શકે છે. પેટ્રોલ પંપ પર પેટ્રોલમાં કેટલા પ્રમાણમાં ઈથેનોલ ભેળવવામાં આવ્યું છે તેની સ્પષ્ટ માહિતી ગ્રાહકોને મળવી જોઈએ તેવી માગ પણ તેમણે કરી હતી.

કર્ણાટક સરકારે રાજ્યના બેંગલુરુ, કોલાર, ચિક્કાબલ્લાપુરા, બેંગલુરુ રૂરલ, રામનગર, મેંગલુરુ અને તુમકુર સહિતના સાત જિલ્લાઓમાંથી વિવિધ પેટ્રોલિયમ કંપનીઓનાં કુલ ૬૩ સેમ્પલ એકત્ર કર્યા હતા. પ્રારંભમાં આ સેમ્પલ ઓઈલ માર્કેટિંગ કંપનીઓની પોતાની લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જોકે, ઈથેનોલના ચોક્કસ પ્રમાણ અંગે સ્પષ્ટ માહિતી ન મળતાં રાજ્ય સરકારે સેમ્પલ ખાનગી માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યાં હતાં. ત્યારબાદ કેટલાક સેમ્પલમાં નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ઈથેનોલ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે કર્ણાટક સરકારના તારણો સામે વાંધો ઉઠાવ્યો છે. કંપનીઓના જણાવ્યા અનુસાર, પેટ્રોલનાં સેમ્પલની તપાસ નિર્ધારિત કાયદાકીય અને ટેકનિકલ પ્રક્રિયા પ્રમાણે કરવામાં આવી નહોતી. કંપનીઓએ દાવો કર્યો છે કે BISના IS ૧૭૦૨૧ ધોરણ મુજબ E20 પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ ૧૯થી ૨૧ ટકાની વચ્ચે હોવું જોઈએ. પેટ્રોલિયમ મંત્રાલયે પણ જણાવ્યું છે કે કેન્દ્રના મોનિટરિંગ હેઠળ દેશભરમાં તપાસવામાં આવેલા ૮૯૩ સેમ્પલ અને કર્ણાટકના ૫૬ સેમ્પલમાં ઈથેનોલનું પ્રમાણ નિર્ધારિત મર્યાદામાં નોંધાયું હતું.

આ વિવાદને પગલે પેટ્રોલની ગુણવત્તા, ઈથેનોલના મિશ્રણના પ્રમાણ અને ગ્રાહકોના હિત અંગે ચર્ચા તેજ બની છે. એક તરફ કર્ણાટક સરકારના તપાસ અહેવાલમાં નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ઈથેનોલ હોવાનો દાવો કરવામાં આવ્યો છે, તો બીજી તરફ ઓઈલ કંપનીઓએ આ તારણોને પડકાર્યા છે. હવે સમગ્ર મામલે પારદર્શક અને સંયુક્ત તપાસ થાય છે કે નહીં તથા કેન્દ્ર સરકાર શું પગલાં લે છે તેના પર સૌની નજર છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનું મોટું નિવેદન

યુદ્ધ હવે માત્ર સરહદો પર નહીં, સોશિયલ મીડિયા પર પણ લડાય છે

રાજનાથ સિંહે સિલીગુડીમાં સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી; ડ્રોન હુમલા, સાયબર એટેક અને દુશ્મન દેશોની ભ્રામક માહિતી સામે સતર્ક રહેવા આપી સલાહ

સિલીગુડી, તા.૭

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સિલીગુડી ખાતે ભારતીય સેના અને વાયુસેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. આ પ્રસંગે બાગડોગરા એરફિલ્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે બદલાતા વૈશ્વિક સુરક્ષા પરિદૃશ્ય અને યુદ્ધની નવી વ્યૂહરચનાઓ અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં યુદ્ધ માત્ર સરહદો સુધી સીમિત રહ્યું નથી, પરંતુ સોશિયલ મીડિયા, સાયબર જગત અને આધુનિક ટેકનોલોજી પણ યુદ્ધના નવા મોરચા બની રહ્યાં છે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં પ્રોક્સી વોર, નેરેટિવ મેનેજમેન્ટ, ડ્રોન હુમલા અને સાયબર એટેક જેવા પડકારો સતત વધી રહ્યા છે. દુશ્મન દેશો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને ભ્રામક માહિતી અને અફવાઓ ફેલાવવાનો પ્રયાસ કરે છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં ગેરસમજ અને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હવે સુરક્ષાના પડકારોનો સામનો કરવા માટે પરંપરાગત સૈન્ય તાકાતની સાથે માહિતી અને ટેકનોલોજીના ક્ષેત્રમાં પણ સજ્જ રહેવું જરૂરી છે. સંરક્ષણ મંત્રીએ જવાનોને દરેક પરિસ્થિતિમાં સતર્ક રહેવાની સલાહ આપી હતી. તેમણે ડ્રોન ઓપરેશન શીખવા અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કેળવવા માટે જવાનો દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી.

તેમણે વધુમાં કહ્યું હતું કે ટેકનોલોજી ભલે ગમે તેટલી વિકસિત થાય, પરંતુ તે સૈનિકોના શિસ્ત, સમર્પણ અને હિંમતનું સ્થાન ક્યારેય લઈ શકે નહીં. દેશની સુરક્ષામાં જવાનોની ભૂમિકા હંમેશાં સર્વોપરી રહેશે. રાજનાથ સિંહે સિલીગુડી અને પૂર્વોત્તર ભારતના વિસ્તારને દેશની સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ વિસ્તારમાં તૈનાત ભારતીય વાયુસેનાના જવાનો સમગ્ર પ્રદેશની સુરક્ષા માટે મજબૂત ઢાલ સમાન છે. તેમણે જવાનોને સ્થાનિક નાગરિકો સાથે સતત સંપર્ક અને સારો તાલમેલ જાળવી રાખવા પણ અપીલ કરી હતી. સ્થાનિક લોકો સાથે મજબૂત જોડાણ રાખવાથી આસપાસની શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને સુરક્ષાને લગતી માહિતી સમયસર મળી શકે છે.

દિવાળીના આ કાર્યક્રમ દરમિયાન રાજનાથ સિંહે જવાનો અને તેમના પરિવારોને તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે તેમણે એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિતને નવા પદભાર માટે અભિનંદન પણ પાઠવ્યા હતા.સંરક્ષણ મંત્રીનું આ નિવેદન સ્પષ્ટ કરે છે કે આધુનિક યુગમાં દેશની સુરક્ષા માટે સરહદોની રક્ષા કરવાની સાથે ડિજિટલ અને માહિતીના મોરચે પણ સજ્જ રહેવું એટલું જ જરૂરી બની ગયું છે.

૧૩૫ રનના ટાર્ગેટ સામે સંઘર્ષ, DLS પદ્ધતિથી મળી જીત

યૂઝીલેન્ડ સામેની બીજી વન-ડેમાં ભારતે વિજય મેળવ્યો

ન્યૂઝીલેન્ડે ભારત સામે માત્ર ૧૩૫ રનનો ટાર્ગેટ રાખ્યો હતો, પરંતુ ભારતીય બેટ્સમેનોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા

નવી દિલ્હી, તા.૭

યૂઝીલેન્ડ સામેની બીજી વન-ડેમાં ભારતીય ક્રિકેટ ટીમે વરસાદના સહારે ૪ રને જીત મેળવી હતી. ન્યૂઝીલેન્ડે ભારત સામે માત્ર ૧૩૫ રનનો ટાર્ગેટ રાખ્યો હતો, પરંતુ આ સરળ લાગતો લક્ષ્યાંક હાંસલ કરવામાં ભારતીય બેટ્સમેનોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. ભારતીય ટીમે ૨૬ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૧૩ રન બનાવ્યા હતા, ત્યારે જ વરસાદ શરૂ થયો હતો. રમત ફરી શરૂ ન થઈ શકતાં ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (DLS) પદ્ધતિના આધારે ભારતને ૪ રનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. બીજી વન-ડેમાં વરસાદના કારણે મેચ ૪૭-૪૭ ઓવરની કરવામાં આવી હતી. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી નહોતી અને ૪૧ ઓવરમાં ૧૩૪ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. આમ ભારતને જીતવા માટે ૧૩૫ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો. જોકે, ભારતીય ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. કેપ્ટન શુભમન ગિલ ખાતું ખોલાવ્યા વગર આઉટ થયો હતો, જ્યારે રોહિત શર્મા ૨૩ અને વિરાટ કોહલી માત્ર ૭ રન બનાવી પેવેલિયન ભેગા થયા હતા. એક સમયે ભારતે માત્ર ૪૭ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

ભારતીય ટીમ મુશ્કેલીમાં હતી ત્યારે કેએલ રાહુલ અને શ્રેયસ અય્યરે ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. બંને વચ્ચે પાંચમી વિકેટ માટે ૩૯ રનની ભાગીદારી થઈ હતી. શ્રેયસ અય્યરે ૪૬ બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૩૦ રન બનાવ્યા હતા. જોકે, ૮૬ રનના સ્કોરે તેની વિકેટ પડતાં ભારતની મુશ્કેલી ફરી વધી હતી. ત્યારબાદ રાહુલે નમન ધીર સાથે મળીને છઠ્ઠી વિકેટ માટે ૨૨ રનની ભાગીદારી કરી હતી. નમન ધીરે ૧૨ રનનું યોગદાન આપ્યું હતું. આ પછી અંશુલ કંભોજ માત્ર એક રન બનાવી આઉટ થયો હતો.

ભારતીય ટીમ ૨૬ ઓવરમાં ૭ વિકેટના નુકસાન પર ૧૧૩ રન બનાવી ચૂકી હતી. કેએલ રાહુલ ૨૬ રન અને આકિબ નબી એક રન બનાવી ક્રીઝ પર હતા. ભારતને જીતવા માટે હજુ ૨૨ રનની જરૂર હતી અને ૧૫ ઓવર બાકી હતી. આ જ સમયે વરસાદ શરૂ થતાં રમત અટકાવી દેવામાં આવી હતી. લાંબા સમય સુધી વરસાદ ન અટકતાં મેચ ફરી શરૂ થઈ શકી નહોતી. DLS પદ્ધતિ પ્રમાણે ભારત નિર્ધારિત સ્કોર કરતાં ચાર રન આગળ હોવાથી તેને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. આ પહેલાં ન્યૂઝીલેન્ડની બેટિંગમાં ડેરિલ મિચેલે સૌથી વધુ ૫૫ રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગ્સમાં પાંચ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. કેપ્ટન મિચેલ સેન્ટનરે ૩૧ રનનું યોગદાન આપ્યું હતું. અન્ય કોઈ બેટ્સમેન ૧૫ રનનો આંકડો પાર કરી શક્યો નહોતો.

ભારત તરફથી ગુરનૂર બ્રારે શાનદાર બોલિંગ કરતાં ચાર વિકેટ ઝડપી હતી. આકિબ નબી, અંશુલ કંભોજ અને અક્ષર પટેલે બે-બે વિકેટ મેળવી હતી. ન્યૂઝીલેન્ડ તરફથી કાયલ જેમિસન અને જેકબ ડફીએ શાનદાર બોલિંગ કરતાં ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે મેથ્યુ ફિશરને એક વિકેટ મળી હતી. ભારતીય બેટ્સમેનો ન્યૂઝીલેન્ડના બોલરો સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. બીજી વન-ડેમાં વરસાદના કારણે મળેલી જીત સાથે ભારતીય ટીમે ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦થી અજેય સરસાઈ મેળવી લીધી છે. હવે શ્રેણીની ત્રીજી અને અંતિમ વન-ડે ૧૦ નવેમ્બરના રોજ રમાશે.

દિવાળીનાં તહેવારમાં બઘડાટી બોલી

ઉનાનાં મોણ ગામમાં જૂની બોલાચાલીનું મનદુઃખ રાખીને બે જુથ વચ્ચે માથાકૂટ

બંને પક્ષેથી સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ

ઉના, તા. ૭

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મેણ ગામમાં મારામારી અને હુમલાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. ચાર દિવસ પહેલાં એક મહિલા ઉપર તેના જ કૌટુંબિક દિયરે દાતરડા વડે હુમલો કરતાં મહિલા લોહીલુહાણ હાલતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી અને તેમને વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યા હતા. ત્યારે હવે ફરી ગામમાં બે જૂથો વચ્ચે છરી અને લોખંડના પાઈપ વડે મારામારીની ઘટના સામે આવતાં સ્થાનિક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા થયા છે. ગામમાં એક પછી એક હુમલાની ઘટનાઓ બનતી હોવા છતાં અસામાજિક તત્વોમાં પોલીસનો કોઈ ડર ન હોય તેમ લાગી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર રાત્રિના આશરે ૯થી ૯:૩૦ વાગ્યાના અરસામાં મેણ ગામના સ્ટેશન વિસ્તારમાં ભડીયાદર ગામ તરફ જતા રસ્તા પાસે બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. આ ઘટનામાં છરી, લોખંડના પાઈપ અને લોખંડના બકલવાળા બેલ્ટ વડે હુમલા કરવામાં આવ્યા હોવાની બંને પક્ષની ફરિયાદમાં વિગતો સામે આવી છે. બંને જૂથના યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતાં ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રથમ ફરિયાદી રાકેશભાઈ લાખાભાઈ ગોરડિયા (ઉ.વ. ૨૩) ની ફરિયાદ મુજબ, તેઓ પોતાના મિત્રો વજીરભાઈ હકીમભાઈ નાયા, ભરતભાઈ હનુભાઈ બારૈયા, નિખિલભાઈ રતિલાલભાઈ કવા, મુકેશભાઈ ડાયાભાઈ મકવાણા અને સુમિતભાઈ લાખાભાઈ ગોરડિયા સાથે ચાચકવડ ગામે માંડવામાં જવા માટે મિત્રની રાહ જોઈ મેણ ગામના સ્ટેશન વિસ્તારમાં ઊભા હતા. તે દરમિયાન ગામના મોહિતભાઈ ભરતભાઈ વાળા, રોહિતભાઈ ભરતભાઈ વાળા અને અનિભાઈ ભીખાભાઈ વાળા ત્યાં આવી ગાળો બોલી મારામારી કરવા લાગ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ મેહુલભાઈ નાનુભાઈ ડાભી, ઉત્તમભાઈ કનુભાઈ ડાભી, ગૌતમભાઈ માલાભાઈ ડાભી અને જયદીપભાઈ બાબુભાઈ ચાવડા પણ ત્યાં આવી મારામારીમાં જોડાયા હોવાનો આક્ષેપ કરાયો છે.

ફરિયાદ મુજબ, લાલજીભાઈ નાનુભાઈ ડાભીએ છરી વડે રાકેશભાઈ ગોરડિયાના કમરના ભાગે હુમલો કરતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જયારે વજીરભાઈ નાયાને લોખંડનું ચકરડું લગાવેલા પાઈપ વડે માથાના ભાગે માર મારવામાં આવતાં તેમને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત નિખિલભાઈ કવાને લોખંડના બકલવાળા બેલ્ટ વડે કાનના ભાગે માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

બીજી તરફ મોહિતભાઈ ભરતભાઈ વાળા (ઉ.વ. ૨૧)એ પણ સામા જૂથના લોકો સામે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, તેઓ અનિભાઈ ભીખાભાઈ વાળા, પ્રકાશભાઈ જાદવભાઈ વાળા અને લાલજીભાઈ નાનુભાઈ ડાભી સાથે ચાચકવડ ગામે માંડવામાં જઈ રહ્યા હતા. દરમિયાન મેણ ગામના સ્ટેશન વિસ્તારમાં પહોંચતાં ત્યાં વજીરભાઈ હકીમભાઈ નાયા, ભરતભાઈ હનુભાઈ બારૈયા, સુમિતભાઈ લાખાભાઈ ગોરડિયા અને રાકેશભાઈ લાખાભાઈ ગોરડિયા સહિતના લોકો ઊભા હતા.

ફરિયાદ મુજબ, સામા જૂથના લોકોએ તેમને જોઈ બોલાચાલી શરૂ કરી હતી અને ત્યારબાદ ગાળો બોલી મારામારી શરૂ કરી હતી. આ દરમિયાન નિખિલભાઈ રતિલાલભાઈ કવા અને વનરાજભાઈ ઓઢુભાઈ બારૈયા પણ ત્યાં આવી મારામારીમાં જોડાયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ મારામારી દરમિયાન રાકેશભાઈ ગોરડિયાએ છરી વડે મોહિતભાઈ વાળાના ડાબા હાથની આંગળી પર હુમલો કરતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી તેમજ તેમના મિત્ર પ્રકાશભાઈ વાળાને પણ ડાબા હાથની આંગળીના ભાગે છરીનો ઘા વાગતાં ઈજાઓ પહોંચી હતી. બંનેને સારવાર માટે ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બંને પક્ષની ફરિયાદોમાં મારામારી પાછળનું કારણ ત્રણ દિવસ અગાઉ મેહુલભાઈ ડાભી સાથે મજાક મસ્તી દરમિયાન થયેલી બોલાચાલી હોવાનું જણાવાયું છે. આ જૂની બાબતનું મનદુઃખ રાખીને બંને જૂથો વચ્ચે બોલાચાલી થઈ હતી, જે અંતે મારામારીમાં ફેરવાઈ હતી.

મેણ ગામમાં ચાર દિવસ પહેલાં એક મહિલા ઉપર તેના કૌટુંબિક દિયરે દાતરડા વડે હુમલો કર્યો હતો. હુમલામાં મહિલા લોહીલુહાણ હાલતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની ચર્ચા હજુ શમી નથી ત્યાં ફરી બે જૂથો વચ્ચે છરી અને લોખંડના પાઈપ વડે મારામારીની ઘટના સામે આવી છે.

એક પછી એક આવી ગંભીર ઘટનાઓ બનતાં ગામના લોકોમાં ચિંતા જોવા મળી રહી છે. સામાન્ય બોલા ચાલી અને જૂની અદાવતના મામલાઓમાં પણ હિંસક હુમલા થવા લાગતાં લોકોમાં પોલીસનો કોઈ ડર જ ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે મેણ ગામમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકે તે માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ અને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠીછે.

આ બનાવ અંગે બંને પક્ષ દ્વારા ઉના પોલીસ મથકમાં સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદની વિગતો મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨ અને ૫૪ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધાયો છે.

પૂર્વ મંત્રી દિલીપ સંઘાણીનાં અધ્યક્ષ સ્થાને

અમરેલી ખાતે મંગળવારે સ્નેહમિલન સમારોહ

લેઉવા પટેલ કન્યા છાત્રાલય ખાતે સવારે ૧૦ કલાકે કાર્યક્રમ

અમરેલી, તા. ૭

વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ લેઉવા પટેલ સમાજનો સ્નેહમિલન સમારંભ તા. ૧૦/૧૧/૨૦૨૬, મંગળવારનાં રોજ સવારનાં ૧૦ કલાકે લેઉવા પટેલ કન્યા છાત્રાલય, કેરીયા રોડ, અમરેલી ખાતે યોજાશે.

આ સ્નેહમિલનમાં સમાજનાં સૌ પરિવારજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાનાં પ્રમુખ દિલીપ સંઘાણી, લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ ડી.કે. રૈયાણી તથા અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિનાં કન્વિનર



રમેશભાઈ કાથરોટીયાએ જાહેર નિમંત્રણ પાઠવે હોવાનું અખબારી યાદીમાં જણાવાયેલછે.

૧૦૮ સેવા દર્દીનારાયણ માટે આશીર્વાદ ૧૫ બની અમરેલી : ૧૦૮ની ટીમે મહિલાની પ્રસૂતિ વાડી વિસ્તારમાં કરાવી વ્યક્તિઓના જીવ બચાવ્યા

મહિલાનાં સગા–સંબધીએ ૧૦૮ ટીમનો આભાર માન્યો



અમરેલી, તા. ૭

૧૦૮ની ટીમ દ્વારા પર પ્રાંતિય મહિલાની ડિલિવરી વાડી વિસ્તારમાં કરાવી ૨ લોકોના જીવ બચાવ્યા.

અમરેલી ૧૦૮ની ટીમને તારીખ ૦૪/૧૧/૨૦૨૬ ના રાત્રીના ૦૯:૩૫ કલાકે કોલડા ગામના વાડી વિસ્તારનો ડિલિવરી નો કોલ મળતા તુરંતજ સ્થળ પર પહોંચી ગયા હતા. અને પ્રસુતાં માતાને તપાસ કરતા તથા રિપોર્ટ તપાસ કરતા લોહીના ટકા ઓછા હતા. તથા અસહ્ય પ્રસૂતિની પીડા હતી. તેથી દર્દીને સ્થળ પર જ ડિલિવરી કરાવવી પડે તેવી સ્થિતિ હતી. ૧૦૮ ના ઈએમટી સાગરભાઈ મકવાણા અને પાયલોટ યોગેશભાઈ દ્વારા અનુભવના આધાર ડિલિવરી કરવાની ફરજ પડી હતી. ડિલિવરી પછી ગર્ભનાળ બાળકના ગાળામાં વિટળાયેલી હતી જે ઈએમટી ની સૂઝબૂઝ દ્વારા નીકાળી અને બાળકને ઓકિસજન દ્વારા સારવાર આપીને માતાને અને બાળક ને બંનેના જીવ બચાવી અને સિવિલ હોસ્પિટલ કુકાવાવ ખાતે વધુ સરવાર માટે દાખલ કરેલ હતા. આમ ફરી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા જીવાદોરી સમાન બની હતી. આ ઉત્કૃષ્ટ કાર્ય બદલદર્દીના સગાએ ૧૦૮ ટીમ નો આભાર માન્યો હતો.

દિવાળીનાં તહેવારમાં પરિવાર મુશ્કેલીમાં મુકાયો

ઉના : ચીખલી ગામનાં એક જ પરિવારનાં ૪ સભ્યો પેટ્રોલનાં કેનમાં બ્લાસ્ટથી ઈજાગ્રસ્ત

બાઈકમાં પેટ્રોલ ભરતી વખતે દિવો અડતા ભડકો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૭

ગીર સોમનાથ : આવતીકાલે દિવાળીનાં પવિત્ર તહેવારની ઉજવણી થવાની છે, ત્યારે આજે સવારે ઉના તાલુકાનાં ચીખલી ગામે બનેલી આગની ગંભીર દુર્ઘટનાએ એક પરિવારની ખુશીઓ પર પાણી ફેરવી દીધું છે. કોબ રોડ ઉપર આવેલા નવાપરા વિસ્તારમાં રહેતા દિનેશભાઈ પરબતભાઈ ચૌહાણનાં ઘરે પેટ્રોલનાં કેનમાં બ્લાસ્ટ થતાં એક જ પરિવારના ચાર સભ્યો દાઝી ગયા હતા. ઘરની ઓસરીમાં બાઈકમાં પેટ્રોલ ભરતી વખતે પેટ્રોલ દિવાળી નિમિત્તે પ્રગટાવેલા દીવા પર પડતાં આગ લાગી હતી. ત્યારબાદ નજીકમાં રાખેલા અંદાજે ૨૦ લીટર પેટ્રોલનાં કેનમાં બ્લાસ્ટ થતાં આગ ઘરનાં રૂમ સુધી પ્રસરી હતી. આ દુર્ઘટનામાં પિતા, માતા, ૧૪ વર્ષિય પુત્રી અને બે વર્ષનો માસૂમ પુત્ર દાઝી ગયા હતા. પિતા–પુત્રની હાલત ગંભીર હોવાથી બંનેને વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યા છે.

બાઈકમાં પેટ્રોલ ભરતી વખતે પેટ્રોલ દીવા પર પડતાં આગ લાગી

પ્રાપ્ત માહિતી અનુસાર, દિનેશભાઈ પરબતભાઈ ચૌહાણ કોબ રોડ ઉપર આવેલા નવાપરા વિસ્તારમાં પરિવાર સાથે રહેતા હતા. તેમના ઘરનાં આગળના ભાગમાં જ દુકાન આવેલી છે. આજે સવારે તેમની ૧૪ વર્ષિય પુત્રી દર્શનાબેન ઘરની ઓસરીમાં બાઈકમાં પેટ્રોલ ભરી રહી હતી. આ દરમિયાન નજીકમાં દિવાળી નિમિત્તે પ્રગટાવેલો દીવો અને અન્ય વસ્તુઓ રાખવામાં આવી હતી. બાઈકમાં પેટ્રોલ ભરવાની પ્રક્રિયા દરમિયાન પેટ્રોલ દીવા પર પડતાં અચાનક આગ લાગી હતી. આગ લાગતાં દર્શનાબેન ત્યાંથી બહાર નીકળી ગઈ હતી.

૨૦ લીટર પેટ્રોલનાં કેનમાં બ્લાસ્ટ થતાં આગ ઘરમાં પ્રસરી

ઓસરીમાં લાગેલી આગ નજીકમાં રાખેલા અંદાજે ૨૦ લીટર પેટ્રોલ ભરેલા કેન સુધી પહોંચી હતી. કેનમાં અચાનક બ્લાસ્ટ થતાં આગ વધુ વિકરાળ બની હતી અને ઘરનાં રૂમ સુધી પ્રસરી ગઈ હતી. તે સમયે રૂમમાં હાજર બે વર્ષનો માસૂમ દક્ષ આગની લપેટમાં આવી ગયો હતો. અચાનક બનેલી આ ઘટનાથી ઘરમાં અફરા તફરી મચી ગઈ હતી.

બે વર્ષનાં પુત્રને બચાવવા પિતા આગવાળા રૂમમાં દોડી ગયા

પોતાનો માસૂમ પુત્ર આગની લપેટમાં આવી ગયો હોવાની જાણ થતાં દિનેશભાઈ દુકાનેથી તાત્કાલિક દોડી આવ્યા હતા. પુત્રને બચાવવા માટે તેઓ આગવાળા રૂમમાં પ્રવેશ્યા હતા અને દક્ષને બહાર લઈ આવ્યા હતા. આ દરમિયાન માતા સમજુબેન પણ પોતાના બાળકને બચાવવા જતાં આગની લપેટમાં આવી ગયાં હતાં. આમ, આ દુર્ઘટનામાં પિતા દિનેશભાઈ પરબતભાઈ ચૌહાણ, માતા સમજુબેન દિનેશભાઈ, ૧૪ વર્ષિય પુત્રી દર્શનાબેન અને બે વર્ષનો પુત્ર દક્ષ એમ એક જ પરિવારનાં ચારેય સભ્યો દાઝી ગયા હતા.

પિતા–પુત્રની હાલત ગંભીર, ભાવનગર ખસેડાયા

ઘટના બાદ ચારેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પરનાં તબીબે પિતા દિનેશભાઈ અને બે વર્ષનાં પુત્ર દક્ષની હાલત ગંભીર જણાતાં બંનેને વધુ સારવાર માટે ભાવનગર ખસેડ્યા હતા. જયારે માતા સમજુબેન અને ૧૪ વર્ષિય પુત્રી દર્શનાબેનની ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આગમાં ઘરની ઘરવખરી સહિત અનેક વસ્તુઓ બળીને ખાક

પેટ્રોલનાં કેનમાં બ્લાસ્ટ બાદ લાગેલી આગના કારણે ઘરની મોટાભાગની ઘરવખરી સહિત અનેક વસ્તુઓ બળીને ખાક થઈ ગઈ હતી. ઘરમાં રહેલી વિવિધ ચીજવસ્તુઓને નુકસાન થતાં પરિવારને મોટું આર્થિક નુકસાન પણ થયું છે. ઘટનાની જાણ થતાં ચીખલી ગામનાં લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જિલ્લા પંચાયત સદસ્યના પતિ ધીરૂભાઈ સોલંકી, ગામના સરપંચ સહિત સ્થાનિક આગેવાનો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પરિવારની સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી.

દિવાળીનાં એક દિવસ પહેલાં જ પરિવારની ખુશીઓ પર પાણી ફરી વળ્યું

ઉલ્લેખનીય છે કે, આવતીકાલે દિવાળીનો પવિત્ર તહેવાર છે. પરિવારોમાં દિવાળીની તૈયારીઓ અને ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે ચૌહાણ પરિવાર માટે આજે સવારનો દિવસ કાળમુખો સાબિત થયો છે. એક તરફ ઘરની મોટાભાગની ઘરવખરી બળીને ખાક થઈ ગઈ છે, તો બીજી તરફ પરિવારનાં ચાર સભ્યો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ખાસ કરીને પિતા અને બે વર્ષનાં માસૂમ પુત્રની ગંભીર સ્થિતિને પગલે પરિવારજનો ચિંતિત બન્યા છે.

જે ઘરમાં આવતીકાલે દિવાળીનાં દીવા પ્રગટાવવાની અને તહેવારની ખુશીઓ મનાવવાની તૈયારીઓ થવાની હતી, ત્યાં આજે આગની દુર્ઘટનાએ પરિવારને ભારે મુશ્કેલીમાં મૂકી દીધો છે. ચીખલી ગામના નવાપરા વિસ્તારમાં બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

દિવાળીનાં તહેવારને લઈને અનોખી ભેટ આપી

ઉના : ભેભા પ્રાથમિક શાળાનાં આચાર્યએ બાળકો માટે રૂપિયા ૧ લાખનો કર્યો ખર્ચ

ફટાકડા, મિઠાઈ સાથે પર્યાવરણ અને પક્ષીપ્રેમનો સંદેશ આપેલ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૭

દિવાળીનાં પર્વને લોકો પોતાની રીતે ઉજવતા હોય છે, પરંતુ કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ પોતાની ખુશીઓની સાથે અન્યના જીવનમાં પણ આનંદનો પ્રકાશ ફેલાવે છે. ગીર સોમનાથ જિલ્લાનાં ઉના તાલુકાનાં ભેભા ગામની પ્રાથમિક શાળાનાં આચાર્યએ આવું જ એક પ્રેરણાદાયીકાર્ય કરી શિક્ષણ જગતની સાથે સમગ્ર સમાજમાં અનોખું ઉદાહરણ પૂરૂ પાડયું છે. પોતાના રજાનાં દિવસોનાં પગાર માંથી બાળકો માટે દર વર્ષે તહેવારોની ખુશીઓ વહેંચતા આચાર્યએ આ વર્ષે પણ દિવાળી નિમિત્તે શાળાનાં તમામ વિદ્યાર્થીઓને લાખો ખુશીઓની ભેટ આપી છે.

ઉનાનાં ભેભા ગામે આવેલી ભેભા પ્રાથમિક શાળાનાં આચાર્ય કિશોરસિંહ જેમુભા રાઠોડ દ્વારા દર વર્ષની પરંપરા જાળવી રાખીને આ વર્ષે પણ શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોને દિવાળીનાં પર્વ નિમિત્તે ફટાકડા અને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્યની આ પહેલથી શાળાનાં બાળકોમાં દિવાળીનાં પર્વને લઈને વિશેષ ઉત્સાહ અને ખુશી જોવા મળી હતી.

આ સમગ્ર કાર્યક્રમમાં સૌથી નોંધનીય બાબત એ રહી કે આચાર્યએ બાળકોને માત્ર ફટાકડા અને મીઠાઈ જ નહીં, પરંતુ ચકલીનાં માળા પણ ભેટ સ્વરૂપે આપ્યા હતા. આજના સમયમાં પર્યાવરણનું જતન અને પક્ષીઓનું સંરક્ષણ અત્યંત જરૂરી બન્યું છે, ત્યારે બાળકોમાં નાનપણથી જ પ્રકૃતિ અને પક્ષીઓ પ્રત્યે પ્રેમની ભાવના વિકસે તેવા ઉમદા હેતુથી ચકલીનાં માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બાળકો પોતાના ઘરે ચકલીનાં માળા લગાવી શકે અને પક્ષીઓ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરી શકે તેવો સંદેશ પણ આ પહેલ દ્વારા આપવામાં આવ્યો હતો. આમ, દિવાળીની ઉજવણીને માત્ર મનોરંજન પૂરતી મર્યાદિત ન રાખતાં તેમાં પર્યાવરણ જાગૃતિનો ઉમદા વિચાર પણ જોડવામાં આવ્યો હતો.

આચાર્ય કિશોરસિંહ રાઠોડની સેવાભાવનાની વિશેષતા એ છે કે તેઓ પોતાની ફરજ દરમિયાન મળતા રજાનાં દિવસોનાં પગારની રકમનો અંગત ઉપયોગ કરતા નથી. આ રકમ શાળાનાં બાળકોની ખુશીઓ અને તેમના માટે વિવિધ તહેવારોની ઉજવણી પાછળ ખર્ચે છે. દર વર્ષે પોતાની રજાનાં દિવસોનાં પગારમાંથી બાળકોને અલગ–અલગ તહેવારો નિમિત્તે ભેટ–સોગાદો આપીને તેમની સાથે ખુશીઓ વહેંચે છે.

આ વર્ષે પણ દિવાળીનાં પર્વ નિમિત્તે શાળાનાં તમામ બાળકો માટે ફટાકડા, મીઠાઈ અને ચકલીનાં માળા સહિતની ભેટ–સોગાદો પાછળ અંદાજે રૂા. એક લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આચાર્ય કિશોરસિંહ રાઠોડની આ પહેલ શિક્ષકની ફરજ માત્ર વર્ગખંડમાં શિક્ષણ આપવા પૂરતી સીમિત નથી, પરંતુ બાળકોમાં સંસ્કાર, સેવાભાવ, પ્રકૃતિપ્રેમ અને સામાજિક જવાબદારીનું સિંચન કરવાનું પણ મહવનું કાર્ય છે તે વાતને સાર્થક કરે છે.

આ પ્રેરણાદાયી સેવાકાર્ય બદલ ભેભા પ્રાથમિક શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિનાં સભ્યો તેમજ સમગ્ર ભેભા ગામના ગ્રામજનોએ આચાર્ય કિશોરસિંહ રાઠોડનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

લીલી પરિક્રમામાં પાણી બચાવવા હરભોલે મિત્ર મંડળની અનોખી પહેલ

જુનાગઢ સેવાભાવી સ્વયંસેવકોને ત્રણથી ચાર દિવસ નાહવાનું ટાળવા ભાવભરી અપીલ

બચાવેલું પાણી પરિક્રમાર્થીઓના પીવાના ઉપયોગમાં લઈ શકાશે

અમરેલી, તા. ૭

જૂનાગઢના પવિત્ર ગિરનારની લીલી પરિક્રમા એ માત્ર ધાર્મિક આસ્થા અને શ્રદ્ધાનો મહોત્સવ નથી, પરંતુ માનવસેવા, સમર્પણ અને સેવાભાવનું પણ એક અનોખું ઉદાહરણ છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ પરિક્રમામાં જોડાય છે, જયારે અસંખ્ય સેવાભાવી સંસ્થાઓ અને સ્વયંસેવકો બહારગામથી આવીને દિવસ–રાત નિઃસ્વાર્થ સેવા આપે છે.

પરંતુ જો દુષ્કાળની વિષમ પરિસ્થિતિને કારણે પરિક્રમા દરમિયાન પાણીની ભારે તંગી સર્જાય, તો આવી સ્થિતિમાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો એ સેની નૈતિક જવાબદારી બને છે.

આ બાબતે હરભોલે મિત્ર મંડળના આયોજક ભીખુભાઈ વોરાએ તમામ પરિક્રમા કેમ્પના આયોજકો, સેવાભાવી સંસ્થાઓ અને બહારગામથી સેવા આપવા આવતા સ્વયંસેવક મિત્રોને એક ભાવભરી અપીલ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે પરિક્રમા દરમિયાન અનેક સેવાભાવી મિત્રો ત્રણથી ચાર દિવસ સુધી કેમ્પમાં રોકાઈને સેવા આપતા હોય છે. જો આવા સ્વયંસેવકો પોતાની વ્યક્તિગત સુવિધામાં થોડો ત્યાગ કરીને ત્રણથી ચારદિવસ નાહવાનું સ્વૈચ્છિક રીતે ટાળે, તો મોટી માત્રામાં પાણીની બચત થઈ શકે છે. આ બચાવેલું પાણી પરિક્રમાર્થીઓ માટે પીવાના પાણી તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સેવા કરવા માટે આવતા સ્વયંસેવકો જો ત્રણ–ચાર દિવસ નાહવાનું ટાળે તો તેમાં કોઈ સંકોચ કે ખોટું માનવાની જરૂર નથી. કારણ કે હાલની પરિસ્થિતિમાં આપણી થોડી વ્યક્તિગત સુવિધાનો ત્યાગ અનેક તરસ્યા પરિક્રમાર્થીઓ માટે મોટી રાહત બની શકે છે.

આપણે યાદ રાખવું જોઈએ કે પરિક્રમામાં સેવા કરવી એ માત્ર ભોજન કે અન્ય સુવિધાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ જરૂરિયાતના સમયે પાણીના એક–એક બુંદની કિંમત સમજીને તેનો બચાવ કરવો એ પણ સાચી માનવસેવા છે. ભીખુભાઈ વોરાએ તમામ કેમ્પ સંચાલકો અને સેવાભાવી મિત્રોને અપીલ કરી છે કે પાણીની તંગી હોય ત્યારે સે સાથે મળીને પાણીનો બગાડ અટકાવીએ, પીવાના પાણીની વ્યવસ્થાને પ્રથમ પ્રાથમિકતા આપીએ અને વહીવટી તંત્રને પણ સહકાર આપીએ. આપણી થોડી સુવિધાનો ત્યાગ કોઈની તરસ છિપાવી શકે, તો એનાથી મોટી સેવા બીજી કઈ હોઈ શકે? પાણી બચાવવું એ પણ પરિક્રમાની એક મહાન સેવા છે.

એડવોકેટ મહેતા અને પંડયાની દલીલો સફળ

સાવરકુંડલા : વીરડી ગામે બનેલ હુમલાના ગુન્હાનાં કેસમાં આરોપીઓનાં જામીન મંજુર

૨૧ સપ્ટેમ્બરનાં રોજ હુમલાનો બનાવ બનેલ

સાવરકુંડલા, તા. ૭

એડવોકેટ સંજય મહેતા અને સંદીપ પંડયાની દલીલોન આધારે મંજુર કરવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, આરોપીઓને સાવરકુંડલા તાલુકાના વંડા પોલીસ સ્ટેશન દ્વારા ગુનાનાં કામે અટક કરવામાં આવેલા. આ કામની ફરિયાદ હકીકત ધ્યાનમાં લેતા તેનો ટુંકસાર એવો છે કે, વીરડી ગામના અવેડાની મોટર પંદરેક દિવસ પહેલા ખરાઈ થઈ ગયેલ હોય જની જાણ આ કામના ફરિયાદીએ વીરડી ગામના સરપંચને કરેલ તેમ છતાં સરપંચે મોટર રીપેર નહી કરાવેલ. જેથી ફરીયાદીએ મોટર રીપેર કરાવી તેનો જાણ કરતો વિડીયો ફેસબુક ઉપર અપલોડ કરેલ હોય જેનું મન દુઃખ રાખી ફરિયાદી પોતે ભાગવી રાખેલ વાડીએથી તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ સાંજના સાતેક વાગે પોતાનુ મોટરસાયકલ લઈને ઘરે આવતા હતા તે દરમ્યાન વિરડી ગામ નજીક નેરામાં પહોંચતા આ ગુનાના આરોપી નં.૧–ભાવચંદભાઈ ગણેશભાઈ લોદરિયા લોખંડની પાઈપ લઈ આવી તથા આરોપી નં.૨ રાહુલ રમેશભાઈ ડાભીના ઓ છરી લઈ આવી તથા આરોપી નં. ૩ ગોપાલભાઈ ભરતભાઈના એ મારો તેમ કહી



આરોપી નં.૧ નાએ ફરીયાદીને લોખંડના પાઈપથી જમણા હાથ તથા જમણા પગે મારી મુંઢ ઈજાઓ કરી તથા આરોપી નં.૨ નાએ ફરીયાદીને મારી નાખવાના ઈરાદે છરીનો એક ઘા ફરીયાદીને માથાના ભાગે મારી તથા બીજો ઘા ફરીયાદીના માથાના ભાગે મારવા જતા ફરીયાદીએ પોતાનો ડાબો હાથ આડો કરતા ફરીયાદીને હથેળીના ભાગે ચાર ટાકાની ઈજા કરી તથા આરોપી નં.૩ નાએ ફરીયાદીને લાકડી થી ડાબા ખંભા ઉપર તથા શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજા કરેલ તે દરમ્યાન આરોપી નં.૪ રાણાભાઈ ગણેશભાઈ લોદરીયા પણ લાકડી લઈ આવી ફરીયાદીને ગાળો આપી માથાના ભાગે તથા શરીરે આડેધડ લાકડી વતી માર મારી આ કામના આરોપીઓએ



ફરીયાદીને માથાના ભાગે મારી નાખવાના ઈરાદે ૧૨ ટાંકાની જીવલેણ ગંભીર ઈજા કરેલ અને ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી મે.અધિક જીલ્લા મેજી. અમરેલીનાઓના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલો ત્યારબાદ આ કામના ત્રણેય આરોપી ને સાવરકુંડલા જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરાતા ત્રણેય આરોપીને જેલ હવાલે કરાયા ત્યારબાદ આરોપી તરફે એડવોકેટ દ્વારા ત્રણેય આરોપીની જામીન અરજી સાવરકુંડલાના ફોર્થ એડિશનલ સેશન્સ એન્ડ ડિસ્ટ્રિક જજ ની કોર્ટમાં ચાલી જતા કાયદાકીય રજૂઆતોના અંતે કોર્ટ દ્વારા ત્રણેય આરોપીના રેગ્યુલર જામીન મંજુર કરેલ છે.

મહિલાઓને તેમના બંધારણીય, કાનૂની, સામાજિક અને આર્થિક અધિકારો અંગે જાગૃત કરવા રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવાની જરૂરિયાત

ભારતનું બંધારણ દેશનો સર્વોચ્ચ કાયદો છે. ભારતીય બંધારણ માત્ર શાસન વ્યવસ્થાનો દસ્તાવેજ નથી, પરંતુ ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને વ્યક્તિગત ગૌરવના મૂલ્યો પર આધારિત સામાજિક પરિવર્તનનું મહત્વપૂર્ણ સાધન છે.

ભારતના બંધારણ દ્વારા મહિલાઓને સમાન નાગરિક તરીકે માનવીય ગૌરવ, સ્વતંત્રતા, સમાન તક અને કાયદાકીય રક્ષણની ખાતરી આપવામાં આવી છે.

ભારતીય સમાજમાં મહિલાઓએ લાંબા સમયથી જાતિભેદ, લિંગભેદ, આર્થિક અસમાનતા, ઘરેલુ હિંસા, સામાજિક શોષણ, શિક્ષણથી વંચિતતા, દહેજપ્રથા, બાળલગ્ન અને વિવિધ પ્રકારના ભેદભાવનો સામનો કરવો પડયો છે. આ ઐતિહાસિક અને સામાજિક અસમાનતાઓ દૂર કરવા ભારતીય બંધારણમાં સમાનતાના અધિકારો ઉપરાંત મહિલાઓના હિતમાં વિશેષ કાયદાકીય અને નીતિગત જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતીય બંધારણની રચનામાં ડો. બાબાસાહેબ આંબેડકરનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમણે બંધારણીય લોકશાહી, સામાજિક ન્યાય, સમાનતા અને માનવીય ગૌરવના મૂલ્યોને મજબૂત બનાવવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી.

મહિલાઓના અધિકારોની જાગૃતિ એ માત્ર મહિલાઓનો પ્રશ્ન નથી, પરંતુ સમગ્ર સમાજના વિકાસ, લોકશાહી અને બંધારણીય મૂલ્યોના રક્ષણનો પ્રશ્ન છે.

૨. મહિલાઓના અધિકારો માટે ભારતીય બંધારણની મહત્વપૂર્ણ જોગવાઈઓ ભારતીય બંધારણમાં મહિલાઓના અધિકારોના રક્ષણ માટે નીચેની જોગવાઈઓ અત્યંત મહત્વપૂર્ણ છે.

કલમ ૧૪ – કાયદા સમક્ષ સમાનતા, ભારતના તમામ નાગરિકોને કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ મેળવવાનો અધિકાર છે. મહિલાઓને પણ આ અધિકાર પ્રાપ્ત છે.

કલમ ૧૫(૧) – લિંગના આધારે ભેદભાવનો પ્રતિબંધ, રાજય કોઈ નાગરિક સામે માત્ર ધર્મ, જાતિ, વર્ણ, લિંગ અથવા જન્મસ્થળના આધારે ભેદભાવ કરી શકતું નથી.

કલમ ૧૫(૩) – મહિલાઓ માટે વિશેષ જોગવાઈ, રાજય મહિલાઓ અને બાળકોના હિતમાં વિશેષ જોગવાઈઓ કરી શકે છે. આ કલમ મહિલા સશક્તિકરણ માટે મહત્વપૂર્ણ બંધારણીય આધાર છે.

કલમ ૧૬ – સરકારી રોજગારમાં સમાન તક સરકારી નોકરી અને જાહેર રોજગારમાં તમામ નાગરિકોને સમાન તકનો અધિકાર છે. લિંગના આધારે ગેરકાયદેસર ભેદભાવપ્રતિબંધિત છે.

કલમ ૧૯ – અભિવ્યક્તિ અને સ્વતંત્રતાના અધિકારો બંધારણની કલમ ૧૯ હેઠળ નાગરિકોને અભિવ્યક્તિ, શાંતિપૂર્ણ સભા, સંગઠન અને અવરજવર સહિતના અધિકારો આપવામાં આવ્યા છે, જે કાયદેસરની મર્યાદાઓને આધીન છે.

કલમ ૨૧ – જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર, દરેક વ્યક્તિને જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ દ્વારા આ અધિકારમાં માનવીય ગૌરવ, વ્યક્તિગત સ્વાયત્તતા, ખાનગીપણું અને જીવનસાથી પસંદ કરવાની સ્વતંત્રતા જેવા મહત્વપૂર્ણ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કલમ ૨૧અ – શિક્ષણનો અધિકાર, ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર છે. આ અધિકાર દીકરીઓના શિક્ષણ માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે.

કલમ ૨૩ – શોષણ સામે રક્ષણ, માનવ વેપાર, બળજબરીથી કામ કરાવવું અને અન્ય પ્રતિબંધિત પ્રકારના શોષણ સામે બંધારણીય રક્ષણ આપવામાં આવ્યું છે.

કલમ ૩૯(ફ)–જીવન નિર્વાહના સાધનોની સમાન તક
રાજયની નીતિ એવી હોવી જોઈએ કે પુરૂષો અને મહિલાઓ બંનેને જીવનનિર્વાહ માટે પૂરતા સાધનો મેળ વવાની સમાન તક મળે.

કલમ ૩૯(મ) – સમાન કામ માટે સમાન વેતન, પુરૂષો અને મહિલાઓને સમાન કામ માટે સમાન વેતન મળે તે માટે રાજયએ નીતિ ઘડવીજોઈએ.

કલમ ૩૯(ય) – આરોગ્ય અને શક્તિનું રક્ષણ, પુરૂષો, મહિલાઓ અને બાળકોના આરોગ્ય તથા શક્તિનો દુરપયોગ ન થાય અને આર્થિક મજબૂરીને કારણે તેઓ અયોગ્ય કામમાં ન ધકેલાય તે માટે રાજયએ પ્રયત્ન કરવો જોઈએ.

કલમ ૪૨ – પ્રસૂતિ રાહત અને માનવીય કામકાજની પરિસ્થિતિ
રાજયએ કામના સ્થળે ન્યાયપૂર્ણ અને માનવીય પરિસ્થિતિ તથા પ્રસૂતિ રાહત માટે જોગવાઈ કરવી જોઈએ.

કલમ ૫૧અ(ય) – મહિલાઓના ગૌરવનું રક્ષણ, દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે કે મહિલાઓના ગૌરવને હાનિ પહોંચાડતી પ્રથાઓનો ત્યાગ કરે અને મહિલાઓના સન્માન તથા સમાનતાને પ્રોત્સાહન આપે.

કલમ ૨૪૩ડી અને ૨૪૩ટી – સ્થાનિક સ્વરાજયમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ, પંચાયતો અને નગરપાલિકાઓમાં મહિલાઓ માટે ઓછામાં ઓછી એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની બંધારણીય જોગવાઈ છે. તેમાં સંબંધિત અધિનિયમો અનુસાર એસી/એસટી મહિલાઓ માટે પણ અનામતનો સમાવેશ થાય છે.

આ જોગવાઈઓ મહિલાઓને રાજકીય નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવવામાં મહત્વપૂર્ણ છે.

૩. મહિલાઓના અધિકારો માટે મહત્વપૂર્ણ કાયદાઓ, મહિલાઓના અધિકારોના રક્ષણ માટે સંસદ દ્વારા અનેક કાયદાઓ બનાવવામાં આવ્યા છે.

૧. ઘરેલુ હિંસાથી મહિલાઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫
Protection of Women from Domestic Violence Act. ૨૦૦૫.
આ કાયદા હેઠળ શારીરિક, માનસિક, મૌખિક, ભાવનાત્મક, જાતીય અને આર્થિક હિંસા સામે રક્ષણ મેળવવાની જોગવાઈ છે.

મહિલાને નીચે મુજબની રાહત મળી શકે છે:
ઘરેલુ હિંસાથી રક્ષણનો આદેશ., રહેઠાણ સંબંધિત અધિકાર., ભરણપોષણ અને આર્થિક રાહત., બાળકોની કસ્ટડી અંગે આદેશ., વળ તર મેળવવાની રાહત.

તાત્કાલિક અને વચ ગાળાની રાહત.

૨. કાર્યસ્થળે મહિલાઓના જાતીય સતામણી સામે રક્ષણ અધિનિયમ, ૨૦૧૩ Sexual Harassment of Women atWorkplzce (Prevention, Prohibition and Redressal) Act, ૨૦૧૩.આ કાયદો કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાવવા અને ફરિયાદોના નિવારણ માટે બનાવવામાં આવ્યો છે., ૧૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતા કાર્યસ્થળે આંતરિક ફરિયાદ સમિતિ (Internal Committee) રચવાની જોગવાઈ છે.
અન્ય યોગ્ય પરિસ્થિતિઓમાં જિલ્લા સ્તરે સ્થાનિક ફરિયાદ સમિતિ (Local Committee) દ્વારા ફરિયાદ કરી શકાય છે.

૩. દહેજ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૬૧ Dowry Prohibition Act,૧૯૬૧.
દહેજ આપવું, લેવું અથવા માંગવું કાયદેસર રીતે પ્રતિબંધિત છે. દહેજની માંગ અને દહેજ સંબંધિત હિંસા સામે કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે.

૪. ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ Bharatiya Nyay Sanhita, ૨૦૨૩.
૧ જુલાઈ ૨૦૨૪થી અમલમાં આવેલી ભારતીય ન્યાય સંહિતામાં મહિલાઓ સામેના વિવિધ ગુનાઓ માટે જોગવાઈઓ કરવામાં આવી છે.

તેમાં બળાત્કાર, જાતીય સતામણી, છેડતી, પીછો કરવો, મહિલાની ગેરવને ઠેસ પહોંચાડવી, લગ્ન સંબંધિત ગુનાઓ, પતિ અથવા સાસરિયાઓ દ્વારા ક્રૂરતા વગેરે સંબંધિત ગુનાઓનો સમાવેશ થાય છે.
નોંધ: ભારતીય દંડ સંહિતા (ઈંઙઈ), ૧૮૬૦ને ૧ જુલાઈ ૨૦૨૪થી ભારતીય ન્યાય સંહિતા (IPC), ૨૦૨૩ દ્વારા બદલવામાં આવી છે. જૂના કેસોમાં લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અલગ હોઈ શકે છે.

૫. બાળલગ્નપ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ Prohibition of Child Marriage Act, ૨૦૦૬.
આ કાયદા હેઠળ ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના છોકરાના લગ્નને બાળલગ્ન તરીકે ગણવામાં આવે છે.
બાળલગ્ન અટકાવવા, બાળલગ્ન કરાવનાર વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવા અને કાયદા મુજબ લગ્ન રદ કરવાની રાહત મેળવવા જોગવાઈઓ છે.

૬. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ અને ૨૦૦૫નો સુધારો Hindu Succession Act, ૧૯૫૬.
૨૦૦૫ના સુધારા દ્વારા મિતાક્ષરા સંયુક્ત હિંદુ કુટુંબની દીકરીને જન્મથી દીકરાની જેમ સહભાગી મિલકતમાં સમાન અધિકાર આપવામાં આવ્યો છે.

દીકરીને દીકરા સમાન હક, જવાબદારી અનેમિલકતમાં હિસ્સો મેળ વવાની જોગવાઈ છે., આ અધિકાર સંબંધિત કાયદાકીય શરતો અને મિલકતના પ્રકારને આધીન છે.

૭. ભરણપોષણનો અધિકાર
મહિલાઓને લાગુ પડતા વ્યક્તિગત કાયદાઓ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૪૪ હેઠળ કાયદાની શરતો મુજબ ભરણપોષણ મેળવવાનો અધિકાર છે.
પત્ની, બાળકો અને માતા–પિતા માટે ભરણપોષણની જોગવાઈ કરવામાં આવી છે.

૮. મફત કાનૂની સહાયનો અધિકાર
બંધારણની કલમ ૩૯અ અને Legal Services Authorities Act, ૧૯૮૭ હેઠળ મહિલાઓને મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર છે. આ કાયદાની કલમ ૧૨(સી) હેઠળ તમામ મહિલાઓ આવકની મર્યાદાને ધ્યાનમાં લીધા વિના મફત કાનૂની સહાય માટે પાત્ર છે.

મહિલાઓ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA), રાજય કાનૂની સેવા સત્તામંડળ (SLSA) અથવા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરી શકે છે.

૪. મહિલાઓના વ્યક્તિગત અને સામાજિક અધિકારો
મહિલાઓને લાગુ પડતા કાયદાઓ અને બંધારણીય સિદ્ધાંતોના આધારે નીચેના અધિકારોનું રક્ષણ કરવામાં આવે છે.
ગૌરવપૂર્ણ અને સન્માનપૂર્ણ જીવન જીવવાનો અધિકાર.
કાયદા સમક્ષ સમાનતા અને સમાન કાનૂની રક્ષણનો અધિકાર.
પુખ્ત વયે કાયદેસર લગ્ન કરવાનો અધિકાર.
પોતાની પસંદગીના જીવનસાથી સાથે લગ્ન કરવાનીસ્વતંત્રતા.
લાગુ પડતા લગ્ન કાયદા અનુસાર છૂટાછેડા મેળવવાનો અધિકાર.
કાયદાની શરતો અનુસાર પુનર્લગ્ન કરવાનો અધિકાર.
લાગુ પડતા વારસાઈ કાયદા મુજબ મિલકતમાં હિસ્સો મેળવવાનો અધિકાર.
પતિ પાસેથી કાયદાની શરતો મુજબ ભરણપોષણ મેળવવાનો અધિકાર.
ઘરેલુ હિંસાથી રક્ષણ મેળવવાનો અધિકાર.
પોતાના સ્ત્રીધન અને વ્યક્તિગત મિલકત પર કાયદેસર હક મેળવવાનો અધિકાર.
મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર.
માનવ વેપાર અને શોષણ સામે રક્ષણ મેળવવાનો અધિકાર.
શિક્ષણ મેળવવાનો અને વ્યવસાય પસંદ કરવાનો અધિકાર.
રોજગાર અને સરકારી નોકરીમાં સમાન તક મેળવવાનો અધિકાર.
સમાન કામ માટે સમાન વેતન મેળ વવાના બંધારણીય સિદ્ધાંતનું રક્ષણ.
માતૃત્વ અને પ્રસૂતિ સંબંધિત કાયદાકીય લાભ મેળવવાનો અધિકાર.
કાર્યસ્થળે જાતીય સતામણી સામે રક્ષણ મેળવવાનો અધિકાર.
પોતાની વ્યક્તિગત સ્વતંત્રતા અને ગૌરવનું રક્ષણ મેળવવાનો અધિકાર.
મૂળભૂત અધિકારોના ભંગ સામે ન્યાયાલયનો આશ્રય લેવાનો અધિકાર.

પંચાયત અને નગરપાલિકામાં મહિલાઓ માટેની અનામત બેઠકો દ્વારા રાજકીય પ્રતિનિધિત્વ મેળવવાનો અધિકાર.

૫. મહિલાઓના અધિકારો અને સામાજિક ન્યાય
ભારતમાં મહિલાઓના અધિકારોનો પ્રશ્ન માત્ર લિંગભેદ પૂરતો મર્યાદિત નથી.
દલિત, આદિવાસી, લઘુમતી, દિવ્યાંગ, આર્થિક રીતે નબળી અને સામાજિક રીતે વંચિત મહિલાઓ અનેક પ્રકારના સંયુક્ત ભેદભાવનો સામનો કરે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ સામે જાતિ આધારિત અત્યાચાર, સામાજિક બહિષ્કાર, જાતીય હિંસા, જમીન અને મિલકતના અધિકારોનું ઉલ્લંઘન તથા શિક્ષણ અને રોજગારમાં અસમાનતા જેવી સમસ્યાઓ જોવા મળ ે છે.

આવા કિસ્સાઓમાં ભારતીય બંધારણની કલમ ૧૪, ૧૫, ૧૭ અને ૨૧ ઉપરાંત લાગુ પડતી પરિસ્થિતિઓમાં SC/ST (Preventon of Atrocities) Act, ૧૯૮૯ તથા અન્ય સંબંધિત કાયદાઓ હેઠળ રક્ષણ અને ન્યાય મેળ વવાની જોગવાઈઓ છે.

મહિલાઓના અધિકારોનું રક્ષણ એ સામાજિક ન્યાય, જાતિભેદના અંત અને સમાનતાપૂર્ણ સમાજના નિર્માણ માટે અનિવાર્ય છે.

૬. મહિલાઓના અધિકારો અંગે જાગૃતિ કેમ જરૂરી છે?
આજે પણ અનેક મહિલાઓ પોતાના બંધારણીય અને કાનૂની અધિકારો વિશે પૂરતી જાણકારી ધરાવતી નથી.
ઘરેલુ હિંસા, દહેજની માંગ, બાળલગ્ન, જાતીય સતામણી, મિલકતના અધિકારોનો ઈનકાર, શિક્ષણથી વંચિતતા અને સામાજિક ભેદભાવ જેવી સમસ્યાઓના નિવારણ માટે મહિલાઓને કાયદાકીય જાણકારી આપવી જરૂરી છે.

માત્ર કાયદાઓ બનાવવાથી સામાજિક ન્યાય સ્થાપિત થતો નથી. કાયદાઓનો અસરકારક અમલ,ન્યાયની ઉપલબ્ધતા, પોલીસ અને વહીવટી તંત્રની જવાબદારી તથા સમાજમાં જાગૃતિ જરૂરી છે.

મહિલાઓને પોતાના અધિકારોની જાણકારી હોય તો તેઓ અન્યાય સામે અવાજ ઉઠાવી શકે છે, યોગ્ય કાનૂની મદદ મેળવી શકે છે અને પોતાના તથા અન્ય મહિલાઓના અધિકારોનું રક્ષણ કરી શકે છે.

૭. રાજયવ્યાપી મહિલા બંધારણીય અધિકાર જાગૃતિ અભિયાન
મહિલાઓના બંધારણીય અધિકારોની જાણકારી દરેક ગામ, શહેર, શાળા, કોલેજ, મહોલ્લા અને સમાજ સુધી પહોંચે તે માટે રાજયવ્યાપી જાગૃતિ અભિયાન શરૂ કરવાની જરૂર છે.
આ અભિયાનના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે:
મહિલાઓને ભારતીય બંધારણ અને મૂળભૂત અધિકારો અંગે શિક્ષિત કરવી.
ઘરેલુ હિંસા અને જાતીય સતામણી સામે કાયદાકીય જાગૃતિ ફેલાવવી.

મહિલાઓને મફત કાનૂની સહાયની માહિતી આપવી.
મહિલાઓના શિક્ષણ, રોજગાર અને મિલકતના અધિકારો અંગે જાગૃતિ લાવવી.

દહેજપ્રથા, બાળલગ્ન અને લિંગભેદ સામે સામાજિક અભિયાન ચલાવવું.

દલિત અને આદિવાસી મહિલાઓના અધિકારોનું વિશેષ રક્ષણ કરવું.

મહિલાઓને પંચાયત, નગરપાલિકા અને લોકશાહી પ્રક્રિયામાં ભાગીદાર બનાવવી.

બંધારણીય મૂલ્યો આધારિત સમાનતાપૂર્ણ અને ન્યાયપૂર્ણ સમાજનું નિર્માણ કરવું.

૮. સરકાર સમક્ષ માંગણીઓ
મહિલાઓના બંધારણીયઅધિકારોનું અસરકારક રક્ષણ થાય તે માટે સરકાર સમક્ષ નીચેની માંગણીઓ કરવામાં આવે છે:

ગુજરાત રાજયમાં મહિલાઓના બંધારણીય અધિકારો અંગે રાજયવ્યાપી જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવે.

શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓમાં બંધારણીય અધિકારો તથા મહિલા અધિકારો અંગે નિયમિત કાર્યક્રમો યોજવામાં આવે.

ગ્રામ પંચાયત અને નગરપાલિકા સ્તરે મહિલા કાનૂની જાગૃતિ શિબિરો યોજવામાં આવે.

દરેક જિલ્લામાં મફત કાનૂની સહાયની માહિતી અને ઉપલબ્ધ સેવાઓ મહિલાઓ સુધી પહોંચાડવામાં આવે.

ઘરેલુ હિંસા અને કાર્ય સ્થળે જાતીય સતામણીના કાયદાઓનો અસરકારક અમલ કરવામાં આવે.

મહિલા પોલીસ સ્ટેશન અને સંબંધિત ફરિયાદ વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવે.

દલિત, આદિવાસી અને વંચિત મહિલાઓ માટે વિશેષ કાનૂની સહાય અને સામાજિક સુરક્ષા કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવે.

મહિલાઓ સામેના ગુનાઓમાં સમયસર FIR, તપાસ, ચાર્જશીટ અને ન્યાયિક કાર્યવાહી થાય તેની દેખરેખ રાખવામાં આવે.

મહિલાઓના મિલકત, વારસાઈ અને ભરણપોષણના અધિકારો અંગે કાનૂની માર્ગદર્શન આપવામાં આવે.

મ હિ લા ઓ ના અધિકારોના ભંગ અંગે ફરિયાદ નિવારણ વ્યવસ્થા વધુ અસરકારક બનાવવામાં આવે.

રાજય સરકાર મહિલા અધિકારોના અમલીકરણ અંગે સમયાંતરે જાહેર અહેવાલરજૂ કરે.

બંધારણીય જાગૃતિ અને મહિલા સશક્તિકરણ માટે સામાજિક સંસ્થાઓ તથા માનવ અધિકાર કાર્યકરોને સહયોગ આપવામાં આવે.

૯. મહિલાઓને અભિયાનમાં જોડાવા આહવાન
ભારતીય બંધારણે મહિલાઓને સમાનતા, સ્વતંત્રતા, ગૌરવ અને ન્યાયના અધિકારો આપ્યા છે.

આ અધિકારોનું રક્ષણ કરવું એ સરકાર, સમાજ અને દરેક નાગરિકની જવાબદારી છે.

મહિલાઓએ પોતાના અધિકારો જાણવાં જોઈએ, અન્ય મહિલાઓને જાગૃત કરવી જોઈએ અને બંધારણીય મૂલ્યોના આધારે અન્યાય સામે શાંતિપૂર્ણ તથા કાયદેસર રીતે અવાજ ઉઠાવવો જોઈએ.

મ હિ લા ઓ ના અધિકારોની જાગૃતિ એ મહિલા સશક્તિકરણનું પ્રથમ પગથિયું છે.

ચાલો, બંધારણને જાણીએ – મહિલાઓના અધિકારોને ઓળ ખીએ – સમાનતાપૂર્ણ સમાજનું નિર્માણ કરીએ.

શિક્ષિત બનો – સંગઠિત બનો – સંઘર્ષ કરો!

મહિલા અધિકારોનું રક્ષણ – બંધારણનું સન્માન!

આભડ છેટ મુક્ત ભારત – સમાનતાપૂર્ણ ભારત – મિશન ૨૦૪૭

રાજયવ્યાપી અભિયાનમાં જોડાવા આહવાન

આપનો શુભેચ્છક,
કાંતિલાલ પરમાર
સામાજિક કાર્યકર્તા / માનવ અધિકાર કાર્યકર્તા
અમદાવાદ, ગુજરાત, ભારત
Human Rights for All.
જય ભીમ – જય સંવિધાન– નમો બુદ્ધાય

ભાજપનાં સહસંગઠન મહામંત્રીની આગેવાનીમાં

અમરેલી જિલ્લા ભાજપનાં પાયાના પથ્થર સમાન અગ્રણી દિનેશ પોપટનાં આંગણે પહોંચ્યા આગેવાનો

રાજયમંત્રી કૌશિક વેકરિયા, ભાજપ પ્રમુખ અતુલ કાનાણી પણ જોડાયા



અમરેલી, તા. ૭

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીનાં સહ સંગઠન મહામંત્રી અઢણ ગુજરાત /બિન્નાડીજીએ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ જેમણે પક્ષ માટે ઘણોં સંઘર્ષ કર્યો છે એવાં જનસંઘ સમયથી મૂળ વિચારધારાને વરેલા દિનેશભાઈ પોપટનાં નિવાસસ્થાને આત્મીય મુલાકાત કરી હતી. પોપટ પરિવારને મળીને બિન્નાડીજીએ આનંદની લાગણી અનુભવી હતી.

સૌરાષ્ટ્રમાં પાર્ટી સંગઠનને મજબૂત બનાવવા સતત પ્રવાસ ખેડતા સહ સંગઠન મહામંત્રી સાથે અમરેલીનાં ધારાસભ્ય અને રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી, પૂર્વ પ્રમુખ અને પ્રદેશ કારોબારી સભ્ય શરદભાઈ લાખાણી, પ્રભારી અભયસિંહ ચૌહાણ, મહામંત્રી મયુરભાઈ માંજરિયા, તેમશ્સ મેહુલભાઈ ધોરાજીયાએ વરિષ્ઠ આગેવાન તિઓનુ અનુભવ સિદ્ધ માર્ગદર્શન મેળવ્યું હતું તેમ મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

ઉત્તર પ્રદેશના સીતાપુરમાં ગમખ્વાર અકસ્માત

ટ્રેક્ટર ટ્રોલી પલટી જતાં પાંચ મહિલાઓના કરુણ મોત

બાબરી સંસ્કારથી પરત ફરતા શ્રદ્ધાળુઓની ટ્રોલીને પાછળથી ટ્રકે ટક્કર મારતાં ૧૭ ઘાયલ થયા

નવી દિલ્હી, તા.૭

ઉત્તર પ્રદેશના સીતાપુરમાં શુક્રવારે સર્જાયેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૫ મહિલાઓના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે અન્ય ૧૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટના ત્યારે બની જ્યારે બાબરી સંસ્કાર કરાવીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી ટ્રેક્ટર-ટ્રોલીને પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રેક્ટર-ટ્રોલી રોડ પર ઊંધી વળી ગઈ હતી અને તેમાં સવાર લોકો નીચે દબાઈ ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે ભારે ચીસાચીસ અને નાસભાગ મચી ગઈ હતી.સમગ્ર મામલો સીતાપુર જિલ્લાના પિસાવાં પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના હિમ્મતનગર વિસ્તારનો છે. મળતી વિગતો અનુસાર, હરદોઈ તરફથી બાબરી કરાવીને લોકોનો એક સમૂહ ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર થઈને પોતાના ઘરે પાછો ફરી રહ્યો હતો. આ દરમિયાન પાછળથી આવેલા બેકાબૂ ટ્રકે ટ્રોલીને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માતના કારણે ટ્રોલી પલટી જતાં તેમાં સવાર તમામ લોકો નીચે ફસાઈ ગયા હતા, જેના લીધે ૫ મહિલાઓના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા અને ૧૭ લોકો ઘાયલ થયા હતા.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રની ટીમો તરત જ ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિક લોકોની મદદથી નીચે દબાયેલા લોકોને બહાર કાઢીને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા તમામ ઈજાગ્રસ્તોને સમયસર અને યોગ્ય તબીબી સારવાર મળી રહે તે માટે ઝડપી વ્યવસ્થા હાથ ધરવામાં આવી હતી.અકસ્માતની ગંભીરતાને જોતાં જિલ્લા મેજિસ્ટ્રેટ રાજા ગણપતિ આર અને જિલ્લા પોલીસ વડા અંકુર અગ્રવાલ તાબડતોબ હોસ્પિટલ પહોંચ્યા હતા. બંને વરિષ્ઠ અધિકારીઓએ દર્દીઓની સ્થિતિની સમીક્ષા કરી હતી તેમજ ગંભીર ઈજાગ્રસ્તોને જિલ્લા હોસ્પિટલ ખસેડી ઉત્તમ તબીબી સુવિધા પૂરી પાડવા ડોકટરોને જરૂરી સૂચનાઓ આપી હતી.આ કરુણ અકસ્માતમાં ૫ મહિલાઓના અકાળે અવસાનથી મૃતકોના પરિવારોમાં આક્રંદ છવાઈ ગયો છે અને સમગ્ર વિસ્તારમાં ગમગીની વ્યાપી ગઈ છે. હાલમાં તમામ ૧૭ ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યાં તેમની સ્થિતિ પર તબીબો નજર રાખી રહ્યા છે.

દિવાળીનાં તહેવારને ધ્યાનમાં લઈ

લીલીયા મોટામાં પી.આઈ. પી.જે. રામાણીનું ફટાકડાના સ્ટોલો પર સરપ્રાઈઝ ચેકિંગ

આગ સામે સુરક્ષાના પગલાં અંગે સ્ટોલ સંચાલકોને માર્ગદર્શન અપાયું

લીલીયા મોટા, તા. ૭

લીલીયા મોટા ખાતે દિવાળીના તહેવારને પ્રયાનમાં રાખીને જાહેર સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે લીલીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.જે. રામાણી દ્વારા બગીચા વિસ્તારમાં કાર્યરત ફટાકડાના સ્ટોલોનું સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.આ મુલાકાત દરમિયાન પી.આઈ. રામાણીએ ફટાકડાના સ્ટોલ સંચાલકો સાથે સુરક્ષાને લગતી વિવિધ બાબતો અંગે ચર્ચા કરી હતી. ખાસ કરીને ફટાકડાના સ્ટોલ પર આગ લાગવાની સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓની તપાસ કરવામાં આવી હતી.

આ ઉપરાંત પોલીસ દ્વારા આગ સામે રક્ષણ મેળવવા અને આગ બુઝાવવાની યોગ્ય પદ્ધતિ અંગે સ્ટોલ માલિકોને પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગ બુઝાવવાના સાધનોનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને ત્યારે તાત્કાલિક કઈ રીતે સાવચેતી રાખવી તે અંગે પણ સમજઆપવામાં આવી હતી. તહેવાર દરમિયાન નાગરિકોની સલામતી જળવાઈ રહે અને કોઈ દુર્ઘટના ન સર્જાય તે હેતુથી લીલીયા પોલીસ દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીને જાહેર સુરક્ષા ને ધ્યાને લઈ કામગીરી મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.



દિવાળી નિમિત્તે કવિતા

આવી દિવાળી આવી દિવાળી
જે ના બોલે એને દયો બોલાવી
ઢબે એને દયો તમે હસાવી
ગીત ગાઓ સૌ મંગળ મંગળ
આવી દિવાળી આવી દિવાળી
અંધારાને દયો જોરથી હટાવી
આવી છે જોને રાત અજવાળી
પ્રગટાવો સેનાં હૈયે દીપ પ્રેમનાં
પ્રકાશની સર્વત્ર કરો લ્હાણી
ચારિત્ર્યવાન બને સૌ ગૃહસ્થ
સેને ગમે માત્ર પોતાની ઘરવાળી
ભૂલકાંની નિર્દોષતા પ્રગટે બધે
કપટની કરી દયો તમે તડીપારી
સતયુગનાં મંડાણ કરો સ્વયંથી
પાપ ખુણા ખાચરાંનાં પડકારી
આવી દિવાળી આવી દિવાળી



મિત્તલ ખેતાણી–રાજકોટ
મો.૯૮૨૪૨૨૧૯૯૯)
નાં કાવ્ય સંગ્રહ
'શબ્દ ઘેર આનંદ ભયો'માં થી

સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા મેગા રંગોળી સ્પર્ધા યોજાઇ






સેવાનાં સપ્તરંગોને સાર્થક કરતી સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા દર વર્ષે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણીએ આ સ્પર્ધામાં જોડાયેલા સ્પર્ધકોને અભિનંદન અને આવકાર્યા હતાં. આ પ્રસંગે અમરેલીનાં સાંસદ ભરતભાઈ સુતરીયા, મધુવન ગોલ્ડ આર્ટનાં ચંદ્રેશભાઈ ધોળકિયા, અમરેલી જિલ્લા ભાજપનાં પુર્વ પ્રમુખ અને લોહાણા સમાજનાં પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર, પુર્વ શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, લેઉવા પટેલ સમાજનાં આગેવાન કાંતિભાઈ વઘાસીયા, ખોડલધામ સમિતિ અમરેલી પ્રમુખ રમેશભાઈ કાથરોટીયા સાથે ગણપતભાઈ સેંજળીયા , સારહી યુથ કલબનાં સુરેશભાઈ શેખવા, તુષારભાઈ જોશી, ભગીરથ ત્રિવેદી, હસમુખભાઈ દુધાત ,રાજેશભાઈ માંગરોળીયા, સંજયભાઈ વણજારા, સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન ડેનિભાઈ પરમાર, નગરપાલિકાનાં કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાય, નગરપાલિકાનાં નગરસેવક અલ્કાબેન ગોંડલીયા, હરીભાઈ કાબરીયા, નિખીલ આશર સહિત તમામ મહાનુભાવો અને મહેમાનોની વિશેષ ઉપસ્થિતમાં રંગોળી સ્પર્ધામાં પ્રથમ, દ્વીતીય અને તૃતીય નંબરને પ્રોત્સાહિત કરવામાં આવેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગર નાગલા કરેલું આ તકે નિરીક્ષક તરીકે મકવાણા, નિધીબેન, ડી.જી. મહેતા રંગોળી સ્પર્ધા દરમિયાન સ્પર્ધકે યોગ્ય ન્યાય આપી પસંદગી કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કિશન શીલુ, હિરેનભાઇ રાઠોડ, ચંદુભાઇ રામાણી, જીજ્ઞેશ દાફડા, મયુરભાઇ ખાનપરા, દિલીપસિંહ ઠાકોર, સાગર ગેડીયા, સહદેવ મકવાણા, રાજન પટેલ, કમલેશભાઈ, હિતેષભાઇ પરમાર, અજય રાઠોડ, ગૌરવ મહેતા, જીતુભાઈ બથવાર, ભાવેશભાઈ વાળોદરા સહિત ભારે જહેમત ઉઠાવી હતી. તેમ કિશન શીલુ અને જીજ્ઞેશ દાફડાની પત્રકાર યાદીમાં જણાવ્યું હતું.

શુભેચ્છા મુલાકાત માટે આગમન

બાબરા ભાજપ અગ્રણી જગદીશ નાકારણીનાં કાર્યાલયે પ્રદેશ અગ્રણી પ્રશાંત કોરાટ

ધારાસભ્ય તળાવીયા સહિતનાં આાગેવાનો ઉપસ્થિત રહયા

બાબરા, તા. ૭

બાબરા શહેરમાં ભાજપના અગ્રણીઅને બાબરા તાલુકા કૃષિ સહકારી મંડળીના ચેરમેન જગદીશભાઈ નાકરાણીના કાર્યાલય ખાતે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સ્થાનિક ભાજપના અગ્રણીઓ અને આગેવાનો દ્વારા તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ શુભેચ્છા મુલાકાત દરમિયાન બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, યાર્ડના ડિરેક્ટર લલિતભાઈ આંબલિયા, હરેશભાઈ આખજા, રણમલભાઈ કોઠીવાળ, જગદીશભાઈ વાવડીયા, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, ઘોહાભાઈ રાતડીયા, મનીષભાઈ મકવાણા, અજિતભાઈ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ખોખરીયા, મુકેશભાઈ ખોખરીયા, ચંદુભાઈ સાવલીયા, યાજ્ઞિકભાઈ ધાંધલ સહિત સ્થાનિક ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બાબરા તાલુકા કૃષિ સહકારી મંડળીના ચેરમેન અને ભાજપ અગ્રણી જગદીશભાઈ નાકરાણી દ્વારા પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટનું શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ શુભેચ્છા મુલાકાત દરમિયાન સ્થાનિક સંગઠનના અગ્રણીઓની ઉપસ્થિતિએ ભાજપના સંગઠનાત્મક એકતા અને પરસ્પર સંકલનનો માહોલ સજર્યો હતો. કાર્યકરો અનેઆગેવાનોમાં પણ આ મુલાકાતને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું પત્નીની નજર સામે પતિનું મોત

અને ધ્રફણીયા ગામેથી દામનગર તરફ જવાના રોડ ઉપર આવેલ છગનભાઈ ગોયાણીની વાડી પાસે પહોંચતા તે જ ગામે રહેતા આરોપી દર્શ ઉર્ફે કાનો ભરતભાઈ ગોયાણીએ પોતાના હવાલાવાળુ ટ્રેકટર નં. જી.જે.–૦૪ એ–૯૬૫૪નું બેફીકરાઈથી રીતે ચલાવી પ્રવિણભાઈ રાઠોડના મોટર સાયકલની સાથે ભટકાવી દેતા મોટર સાયકલની પાછળ બેસેલ પ્રવિણભાઈ રાઠોડનાં પત્ની રૂપલબેન તથા તેમનાં પુત્ર દેવાંશુને શરીરે તથા માથાનાં ભાગે ઈજા કરી તથા મરણ જનાર પ્રવિણભાઈને આંતરીક ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૧ ઉપરનું ચાલું ૪ કરોડનાં ખર્ચે બનશે ટાઉન હોલ

કૌશિક વેકરિયાએ ''અમરેલી એકસપ્રેસ'' સાથેની ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું કે, અમરેલીનાં ૨ લાખ નાગરિકોની વર્ષો જુની આધુનિક સુવિધાસભર ટાઉન હોલની ઈચ્છાને પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂપિયા ૧૪ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરી હોય અને ટાઉન હોલ વરસડા રોડ ઉપર મેડિકલ કોલેજ સામે ટેકનિકલ સ્કૂલનાં વિશાળ પટાંગણમાં બનાવવામાંઆવશે.

વધુમાંજણાવ્યું કે, ટાઉનહોલ બનવાથીસમગ્રવિસ્તારનાંકલાપ્રેમીઓને નાટક, મ્યુઝિકલ નાઈટ, કવિ સંમેલન, લોકડાયરો સહિતનાં કાર્યક્રમ માણવાની મોજ મળશેઅનેવિશાળ પાર્કિંગસહિતની સુવિધા ઉભી કરવામાં આવશે અને આગામીદિવસોમાંવહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીનેઝડપથીટાઉનહોલનાંનિર્માણનુંકાર્ય શરૂ કરવામાંઆવશે.

અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

મેલડીમાંના ઉપાસક રાજુભાઈ જેઠવાનું આયોજન

બાબરાનાં વડલીવાળી મેલડીમાં ધામે ધનતેરસની પાવન રાત્રિએ દિવ્ય માંડવો યોજાયો

ડાક–ડમરૂનાં નાદ અને મેલડીમાંનાં ગુણગાનથી સમગ્ર વાતાવરણ ભકિતમય બન્યું


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબર, તા. ૭

બાબરા શહેરમાં આવેલા વડલીવાળી મેલડીમાં ધામ ખાતે ધનતેરસનાં પવિત્ર પર્વની રાત્રિએ મેલડીમાં માતાજીનો ભવ્ય અને દિવ્ય માંડવો યોજાયો હતો. મેલડીમાંના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવાનાં આયોજન હેઠળ યોજાયેલા આ ધાર્મિક પ્રસંગમાં ભકિત, શ્રધ્ધા અને આસ્થાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે હિતેશભાઈ રાવલદેવ તથા વિજયભાઈ રાવલદેવ દ્વારા પરંપરાગત ડાક–ડમરૂનાં નાદ સાથે મેલડીમાંનાં ભકિતભાવપૂર્ણ ગુણગાન ગાવામાં આવ્યાં હતાં. માતાજીનાં ગુણગાન અને ડાક– ડમરૂનાં ગુંજતા નાદથી સમગ્ર વડલીવાળી મેલડીમાં ધામ ભકિતમય બની ગયું હતું. ઉપસ્થિત ભાવિકો માતાજીની ભકિતમાં તલ્લીન બન્યા હતા.

રાત્રિનાં ૯ વાગ્યાથી શરૂ થયેલો આ દિવ્ય ધાર્મિક કાર્યક્રમ વહેલી રાત્રિનાં ૧ વાગ્યા સુધી શ્રધ્ધા અને ભકિતભાવપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે સાધુ–સંતો, ભુવાઓ, મોટી સંખ્યામાં ભાવિક ભકતો તેમજ સેવકો ઉપસ્થિત રહી માતાજીનાં માંડવાનો લ્હાવો લીધો હતો.

મેલડીમાંના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવાનાં માર્ગદર્શન અને આયોજન હેઠળ યોજાયેલા આ ધાર્મિક પ્રસંગે વડલીવાળી મેલડીમાં ધામમાં ધર્મ અને ભકિતની અલૌકિક છટા જોવા મળી હતી. માતાજીનાં આશીર્વાદ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ અને મંગલમયતા લાવે તેવી ભાવના સાથે સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

જાહેર નોટિસ

// મામલતદાર અને એક્ઝિકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૦૦/૨૦૨૬

અરજદારશ્રી : ૧. ખુમાણ ચંપુભાઈ દેવાતભાઈ તા. ૦૪/૧૧/૨૦૨૬
રહે.આદસંગ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

// વિરૂધ્ધ //

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી, આદસંગ, તા. સાવરકુંડલા

જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પુત્રી ખુમાણ ઉપાસનાબેન ચંપુભાઈનો જન્મ તા. ૧૧/૦૧/૧૯૯૭ના રોજ મુ. આદસંગ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાકે પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૪/૧૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

જાહેર નોટિસ

// મામલતદાર અને એક્ઝિકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૦૮/૨૦૨૬

અરજદારશ્રી : ૧. કવાડ દેવાતભાઈ પુનાભાઈ તા. ૦૪/૧૧/૨૦૨૬
રહે.લુવારા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

// વિરૂધ્ધ //

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી, લુવારા, તા. સાવરકુંડલા

જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પિતાશ્રી કવાડ પુનાભાઈ દેવશીભાઈનું મરણ તા. ૦૮/૦૫/૧૯૬૬ના રોજ મુ. લુવારા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાકે પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૪/૧૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

જાહેર નોટિસ

// મામલતદાર અને એક્ઝિકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૯૯/૨૦૨૬

અરજદારશ્રી : ૧. ખુમાણ ચંપુભાઈ દેવાતભાઈ તા. ૦૪/૧૧/૨૦૨૬
રહે.આદસંગ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

// વિરૂધ્ધ //

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી, આદસંગ, તા. સાવરકુંડલા

જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પુત્રી ખુમાણ ચેતનાબેન ચંપુભાઈનો જન્મ તા. ૦૫/૦૫/૧૯૯૬ના રોજ મુ. આદસંગ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાકે પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૪/૧૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

જાહેર નોટિસ

// મામલતદાર અને એક્ઝિકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૦૧/૨૦૨૬

અરજદારશ્રી : ૧. ખુમાણ ચંપુભાઈ દેવાતભાઈ તા. ૦૪/૧૧/૨૦૨૬
રહે.આદસંગ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

// વિરૂધ્ધ //

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી, આદસંગ, તા. સાવરકુંડલા

જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પુત્રી ખુમાણ ભાગ્યશ્રીબેન ચંપુભાઈનો જન્મ તા. ૦૪/૦૫/૨૦૦૨ના રોજ મુ. આદસંગ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાકે પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૪/૧૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

અમરેલીના માળીલા ગામે રામજી મંદિર અને શિવ મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન






ઈફકો અને ગુજકો માસોલના ચેરમેન અને સહકાર ક્ષેત્રના શિરોમણી ગણાતા સહકારી નેતા દિલીપ સંઘાણીના માદરે વતન અમરેલી તાલુકાના માળીલા ગામે આસ્થા, ભક્તિ અને સામાજિક સમરસતાનો અનોખો સંગમ સર્જાયો હતો. ગામમાં નવનિર્મિત ભવ્ય રામજી મંદિર અને શિવ મંદિરમાં વિવંદનીય સંત મોરારીબાપુના વરદહસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ઉપરાંત સંતો–મહંતો, રાજકીય આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ધાર્મિક મહોત્સવમાં સર્વ સમાજના લોકોને એક સાથે યજ્ઞકુંડમાં બેસાડી પૂજા–અર્ચના કરાવવાની પહેલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ધાર્મિક ઉત્સવના માધ્યમથી સામાજિક એકતા અને સમરસતાનો સંદેશ માળીલા ગામેથી સમગ્ર સમાજમાં વહેતો થયો હતો. અમરેલી તાલુકાનું માળીલા ગામ આ ઐતિહાસિક ધાર્મિક પ્રસંગે નવોઢાની જેમ શણગારવામાં આવ્યું હતું. ગામમાં ભવ્ય રીતે નિર્માણ પામેલા રામજી મંદિર અને શિવ મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બંને મંદિરોના ખાતમુહૂર્તનો પ્રસંગ પણ અગાઉ સંત મોરારીબાપુના વરદહસ્તે યોજાયો હતો અને હવે તેમના જ હસ્તે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થતાં ગ્રામજનોમાં ભારે આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે રાજયના ઊર્જામંત્રી કૌશિક વેકરિયા, રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલા, અમરેલીના સાંસદ ભરત સુતરીયા સહિતના રાજકીય આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સંતો–મહંતોના સાનિધ્યમાં યજ્ઞ, બીડું હોમવા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.આ અગાઉ માળીલા ગામે યોજાયેલા ધુવાડા બંધ જમણવારના આયોજનમાં પણ અનુસૂચિત જાતિની બહેનોએ એક જ રસોડામાં આખા ગામ માટે ભોજન તૈયાર કરી ગ્રામજનોને પીરસ્યું હતું. ગામના તમામ સમાજના લોકોએ એકસાથે બેસીને ભોજનપ્રસાદ ગ્રહણ કર્યો હતો. હવે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ સર્વ સમાજને સમાન રીતે ધાર્મિક વિધિમાં સ્થાન આપીને માળીલા ગામે સામાજિક એકતાની પરંપરાને વધુ મજબૂત બનાવી છે. અગાઉના રાજા–રજવાડાના સમયમાં મંદિરોના પૂજારીઓની આજીવિકા માટે રાજાઓ દ્વારા જમીનો આપવામાં આવતી હતી. જયારે આજના સમયમાં મંદિરના પૂજારીઓની આજીવિકા સુનિશ્ચિત કરવા માટે ફિકસ ડિપોઝિટની વ્યવસ્થા ઊભી કરવી એ અનોખીપહેલ છે. સંત મોરારીબાપુએ પણ આ પ્રયાસની સરાહના કરતાં અન્ય મંદિરોના પૂજારીઓની આજીવિકા માટે પણ દાતાઓ અને સમાજસેવકો આ પ્રકારનું પગલું ભરે તેવી ભાવના વ્યક્ત કરી હતી. આમ, માળીલા ગામે યોજાયેલો રામજી મંદિર અને શિવ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ બનીને રહ્યો નહોતો, પરંતુ સામાજિક સમરસતા, સર્વધર્મીય સહભાગિતા અને મંદિરના પૂજારીઓની આર્થિક સુરક્ષા જેવા ત્રણ મહત્વના સંદેશ આપતો પ્રેરણાદાયી પ્રસંગ બની રહ્યો હતો. યજ્ઞકુંડમાં સર્વ સમાજને સ્થાન આપી સમરસતાનું ઉદાહરણ પુરૂ પાડયું આ સમગ્ર મહોત્સવમાં સૌથી વિશેષ અને ઉડીને આંખે વળગે તેવી બાબત એ રહી કે અનુસૂચિત જાતિના લોકો સહિત તમામ સમાજના લોકોને યજ્ઞશાળામાં સાથે બેસાડી ધાર્મિક વિધિ અને પૂજા–અર્ચનામાં સહભાગી બનાવવામાં આવ્યા હતા. સમાજમાં ઊંચ–નીચના ભેદભાવથી પર રહીને સે એકસાથે ધાર્મિક પરંપરામાં જોડાય તેવો અનોખો સંદેશ આ આયોજન દ્વારા આપવામાં આવ્યો હતો. પૂજારીઓની આજીવિકા માટે રૂ. ૪૦ લાખની ફિકસ ડિપોઝિટ ધાર્મિક મહોત્સવમાં દિલીપ સંઘાણી દ્વારા લેવાયેલો બીજો એક પ્રેરણાદાયી નિર્ણય પણ ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. રામજી મંદિર અને શિવ મંદિરનાપૂજારીઓને આજીવિકા માટે નિયમિત આવક મળી રહે તે હેતુથી બંને મંદિરોના પૂજારીઓ માટે રૂ. ૨૦–૨૦ લાખ મળી કુલ રૂ. ૪૦ લાખની રકમ બેંકમાં ફિકસ ડિપોઝિટ મૂકવામાં આવી હતી. આ વ્યવસ્થા થકી બંને પૂજારીઓને માસિક અંદાજે રૂ. ૧૦ હજારની આવક મળી રહે તેવો નવતર પ્રયાસ કરવામાં આવ્યો છે.

શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

ADITYA BIRLA

UltraTech

પ્રકાશના આ પર્વ દીપાવલી તેમજ
નૂતન વર્ષની અમરેલી જીલ્લાની
જાહેર જનતાને હાર્દિક શુભકામનાઓ...
આ પર્વ આપ સૌના માટે
સ્વાસ્થ્ય સહ સુખ, સમૃધ્ધિ લાવે માં
લક્ષ્મીજીની કૃપા સર્વે આત્મીયજનો
પર સદૈવ વિદ્યમાન રહે તેવી
અંતઃકરણ પૂર્વકની અભ્યર્થના...



શુભેચ્છક

અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ
ગુજરાત સીમેન્ટ વર્કસ - કોવાયા

અર્જુન ગ્રુપ ઓફ કંપનીઝ

- સાવજ એન્ડ કું.
- અર્જુન રોડવેઝ
- એમ.ડી. ટ્રાન્સપોર્ટ
- માધવ એન્ટરપ્રાઈઝ

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ



શ્રી ગાંડાભાઈ જીણાભાઈ લાખણોત્રા - કોવાયા
શ્રી મીઠાભાઈ સાર્દુળભાઈ લાખણોત્રા - કોવાયા
(પ્રમુખશ્રી, તાલુકા પંચાયત-રાજુલા)
શ્રી જીણાભાઈ રામભાઈ લાખણોત્રા - કોવાયા
શ્રી નિમ્બેશ્વર દેસાઈ - કોવાયા
મુ. કોવાયા, તા. રાજુલા, જી. અમરેલી. (ગુજરાત)

: અમદાવાદ ઓફીસ :
૧૦૨-ડી, પહેલા માળે, બી. બ્લોક, ગણેશ મેરીબીયન,
હાઈકોર્ટ પાસે, સોલા-અમદાવાદ.

શુભ દિપાવલી
એવમ્ નૂતન વર્ષાભિનંદન

દીપાવલીના પાવન પર્વે સુખ, શાંતિ અને સમૃદ્ધિનો પ્રકાશ
તમારા જીવનમાં પથરાય, નૂતન વર્ષાભિનંદન!
આપનું આવનારું વર્ષ આનંદ, આરોગ્ય અને સફળતાથી ભરપૂર રહે.

સંગઠન હોદેદારોની યાદી

હોદો (પદ)	નામ
અધ્યક્ષ	શ્રી અતુલ બી. કાનાણી
પ્રભારીશ્રી	શ્રી અભયસિંહ ચૌહાણ
ઉપાધ્યક્ષ	શ્રી મેહુલભાઈ ધનજીભાઈ ધોરાજીયા
ઉપાધ્યક્ષ	શ્રી મનોજભાઈ દેવજીભાઈ મહીડા
ઉપાધ્યક્ષ	શ્રી શરદભાઈ મોહનભાઈ પંડ્યા
ઉપાધ્યક્ષ	શ્રી દીપકભાઈ પરશોત્તમભાઈ વઘાસીયા
ઉપાધ્યક્ષ	શ્રી ગીતાબેન પ્રકાશભાઈ કારિયા
ઉપાધ્યક્ષ	શ્રી જયાબેન મધુભાઈ ગેલાણી
ઉપાધ્યક્ષ	શ્રી દિલીપભાઈ વિનુભાઈ જોષી
ઉપાધ્યક્ષ	શ્રી ધર્મેન્દ્રગીરી લાલગીરી ગૌસ્વામી
મહામંત્રી	શ્રી મયુરભાઈ દાનાભાઈ માંજરીયા
મહામંત્રી	શ્રી ચેતનભાઈ ચંદ્રકાંતભાઈ શિયાળ
મહામંત્રી	શ્રી રાજુભાઈ મુળુભાઈ ભૂતૈયા
મંત્રી	શ્રી પ્રવીણભાઈ બાબુભાઈ સાવજ
મંત્રી	શ્રી પ્રાગજીભાઈ વલ્લભભાઈ વસાણી
મંત્રી	શ્રી વ્રિજેશભાઈ પ્રવીણચંદ્ર કુરૂંદલે
મંત્રી	શ્રી રંજનબેન પ્રવીણભાઈ ડાભી
મંત્રી	શ્રી કોમલબેન સરમણભાઈ બારૈયા
મંત્રી	શ્રી લીલાબેન રાજુભાઈ ભૂવા
મંત્રી	શ્રી કૃિષ્ણાબેન અનિલભાઈ નાંઢા
કોષાધ્યક્ષ	શ્રી મહેશભાઈ ભોળાભાઈ જાવીયા
કાર્યાલયમંત્રી	શ્રી મહેન્દ્રભાઈ જીવાભાઈ ચાવડા

• શુભ દીપાવલી • નૂતન વર્ષ ૨૦૨૬ •

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન

શુભમ્ કરોતિ કલ્યાણં આરોગ્યમ્
ધનસંપદા, શત્રુબુદ્ધિ વિનાશાય્
દીપજ્યોતિ નમોસ્તુતે, શુભ દિપાવલી
એવમ્ નૂતન વર્ષાભિનંદન..



શુભેચ્છક
શ્રી ભરતભાઈ સુતરીયા
સાંસદશ્રી, અમરેલી

શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન

દીપો નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ
અપાર, લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર,અમારી શુભકામનાઓ કરો
સ્વીકાર, શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...



... શુભેચ્છક ...
શ્રી મહેશ કસવાલા
ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા

Happy Diwali

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - અમરેલી

સાવરકુંડલા રોડ - અમરેલી. મુખ્યયાર્ડ ફોન નં. (ઓ.) (૦૨૭૯૨) ૨૬૫૫૫૫ :
૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪, સબયાર્ડ ફોન : (ઓ.) (૦૨૭૯૨) ૨૬૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૬૪૧

ખુલ્લી હરરાજી.. ખરો તોલ.. રોકડા નાણાં...

નવા માર્કેટયાર્ડમાં સુવિધાઓ :-

- ૧૦૦ ફુટ પહોળાઈનો મુખ્ય રસ્તો તથા ૫૦ ફુટ પહોળાઈના તમામ આંતરીક રસ્તાઓ
- ૨ (બે) લાખ ચો.ફુટનો વિરાટ ઓકશન શેડ
- ૧૦ મે. ટનના ૨ (બે) તથા ૫૦ મે. ટન ક્ષમતાના વે-બ્રિજની સુવિધા
- ૨૫,૦૦૦ ચો.ફુટનો એક એવા ૯ વિશાળ ઓકશન (હરરાજી) શેડ સુવિધા
- ૫૦૦૦ મેટ્રીક ટન ક્ષમતાના વિશાળ ૪ (ચાર) વેરહાઉસ ગોડાઉનની સુવિધા
- ૮ વીઘા જેટલી વિશાળ જગ્યામાં ઓપન પ્લેટફોર્મની સુવિધા
- ખેડૂતોને જમવા માટે રાહતદરે પાસની વ્યવસ્થા તથા રાત્રી રોકાણ માટે સુંદર મજાના આરામ ગૃહની સુવિધા
- સમગ્ર કેમ્પસને સી.સી.ટી.વી. સર્વેલન્સ (કેમેરા) થી આવરી લેવામાં આવેલ છે.
- મોબાઈલ એપ્લીકેશન : ખેડૂતો તથા તમામ વ્યક્તિઓ માર્કેટયાર્ડમાં આવતી જણસીઓની વિગત તથા દૈનિક ભાવ તેમજ અગાઉના સમયના ભાવ તથા સંસ્થાની અદ્યતન માહિતી ઉપલબ્ધ સુવિધા

સબ માર્કેટયાર્ડમાં સુવિધાઓ :-


- શાકમાર્કેટ - ફુટમાર્કેટના સ્ટોલધારકને સ્ટોલમાંજ પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- શાકમાર્કેટમાં શાક - ફુટ ખરીદવા આવતા ગ્રાહકો માટે લાઈટની સુવિધા તેમજ ટોયલેટની સુવિધા ઉપરાંત પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.
- સમગ્ર કેમ્પસમાં અન્ડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રીફીકેશનથી આવરી લેવામાં આવેલ છે.
- સમગ્ર કેમ્પસમાં રોજે-રોજ સફાઈ કામગીરી કરાવી સ્વચ્છ રાખવામાં આવે છે.

...તા. ૨૧ થી ૨૩ દિવાળી...

તુષાર એચ. હપાણી - સેક્રેટરી | ચંદુભાઈ બી. પોલરા - વાઈસ ચેરમેન | ભાવિનભાઈ જે. સોજીત્રા - ચેરમેન

સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રી

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - અમરેલી



શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
તમને અને તમારા સંપૂર્ણ પરિવારને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છા પ્રકાશનું
આ પર્વ આપના જીવનમાં આનંદ, સુખ અને શાંતિ લાવે
એવી ભગવાનને પ્રાર્થના..
ABAK
CONSTRUCTION
ENGINEERING & CONTRACTORS
C/o. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Ta. Rajula, Dist. Amreli


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
પ્રકાશનો પર્વ એટલે 'દિવાળી' મન ભરીને માણી લેવાનો
અને સહુ સાથે મળીને ઉજવી લેવાનો ઉત્સવ
આવા આનંદથયી ઉત્સવ પર આપ
સહુને દિવાળીની શુભકામના...
M/S. RAVINDRA PRABHU
Civil & Maintenance Contractor
Work Office : Behind Township Maintenance Office
C/o. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Ta. Rajula, Dist : Amreli (Gujarat)
Mo. No. +912794-283314, E-Mail : rpcivilgcw@gmail.com


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
આવી રે આવી દિવાની આવી, હર્ષ ઉલ્લાસ અને અજવાળા લાવી સાથે,
નાના ને મોટા સૌ કરે મોજ, ભાઈ આતો દિવાળીનો ત્યોહાર છે.
QUALITY
CONSTRUCTION CO.
CIVIL
C/o. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Ta. Rajula, Dist. Amreli (Gujarat)
Ph.no. (02794) 283586, Fax no. (02794) 283961
E-Mail : qualitygcw@rediffmail.com


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની
શુભેચ્છાઓ
દીપોનો આ પાવન તહેવાર, આપને માટે લાવે ખુશીઓ
હજાર લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર,
અમારી શુભકામનાઓ કરો
સ્વીકાર દિવાળીની શુભકામનાઓ..
PARTH FURNITURE
ALL KIND OF WOODEN & ALUMINIUM WORK
PARESHBHAI : Mo.No. 99040 61021
:: Work site office ::
GIRLS SCHOOL NO-3, MAHUVA ROAD, RAJULA CITY
C/O. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Tal : Rajula, Dist : Amreli (Gujarat)


શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન
આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને
સુખદાયી નીવડે અને આપનો પરિવાર હર હંમેશ સુખમય
રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે
એવી શુભકામનાઓ.
એસ.કે. કોન્ટ્રાક્ટર
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા
શ્રી મુકેશભાઈ કે. રાજ્યગુરુ - શ્રી રમેશભાઈ વી. મકવાણા
શ્રી ચીથરભાઈ ડી. પરમાર - શ્રી જીતેન્દ્રસિંહ પરમાર
શ્રી અશોકભાઈ ડી. પીઠવા - શ્રી રાકેશભાઈ આર. જુંજવાડીયા
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા
મુ. કોવાયા, તા.રાજુલા જિ.અમરેલી. (ગુજરાત)


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
તમને અને તમારા સંપૂર્ણ પરિવારને
દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છા પ્રકાશનું
આ પર્વ આપના જીવનમાં આનંદ, સુખ અને શાંતિ
એવી ભગવાનને પ્રાર્થના..
A ONE
ENGINEERING
OPERATION & MAINTENANCE CONTRACTORS
:: Work Site Office ::
NEAR MAIN GATE. C/o. ULTRA TECH CEMENT LTD.
GCW - KOVAYA, DIST. AMRELI (GUJARAT)
C/o. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Tal. Rajula, Dist : Amreli (Gujarat)
ABDULBHAI NARPALI : Mo. no. 99041 45742
KALUBHAI LAKHANOTRA : Mo. no. 96240 43438
E-Mail : aoneeng.01@gmail.com


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
VertiGo
Integrated Access Solutions Pvt Ltd
Complete Work At Height Solutions
VertiGo
Integrated Access Solutions Pvt Ltd
Company Name: VertiGo Integrated Access Solutions Pvt Ltd.
Address: 38-40-104/2/1, Main Road, Marripalem,
Visakhapatnam, Andhra Pradesh, India
PIN: 530018
Mobile: +91-99481 22334
GSTN: 37AAKCV5503A1ZK


શુભ દીપાવલી એવમ્ નૂતન
વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
તમને અને તમારા સંપૂર્ણ પરિવારને દિવાળીની
ખૂબ ખૂબ શુભેચ્છા પ્રકાશનું આ પર્વ આપના જીવનમાં
આનંદ,સુખ અને શાંતિ લાવે એવી ભગવાનને પ્રાર્થના..
Shashi Catering Services
Private Limited
201, Alaknanda Commercial Complex
Opp- Petrol Pump. Mujmahuda,
Vadodara - 390 020
GSTIN/UIN : 24AAZCS8659R 1ZT
State Name : Gujarat. Code : 24
E-Mail : Shashicateringpvtltd@yahoo.com


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
HAJEE A P BAVA & Co.
CONSTRUCTIONS PVT LTD
HAPBCO TOWER
Regd Office: HAPBCO TOWER, #32, 9th Main
Road, Near Murishware Temple, RPC Lay Out,
Vijaya Nagar, Bangalore - 560104
Ph. 080 23500022/51/42/52/92,
FAX: 080 23900002
E-mail: apbbavabangalor@hapbco.co.in
Corporate Office: HAPBCO Tower, Plot No. 3, 7-
-1-27/1, 2nd Floor, Ameerpet, Hyderabad - 500 016.
Ph. +91 40 67194445,
E Mail: corporateoffice@hapbco.co.in
CIN: U45209KA2008PTC045551


શુભ દીપાવલી એવમ્ નૂતન
વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
CPS
CONTROL PANEL
SYSTEMS
ELECTRICAL AND INSTRUMENT PROJECT WORK
WORK OFFICE: GCW KOVAYA PLANT
C/O. UTCL GUJARAT CEMENT WORKS-KOVAYA,
Dist-Amreli (Gujarat)
Mo.No. 9977919980
Email ID: infra@controlpanelsystems.co.in
CONTROL PANEL SYSTEMS


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
KBM
K B MEHTA
CONSTRUCTION
PRIVATE LIMITED
ISO - 9001/2015 COMPANY
508-509-510, Milestone, Near Drive In Cinema,
Thaltej, Ahmedabad - 380054.
Phone: 079-27497427, 40057437, 27498679


શુભ દીપાવલી નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
આવી રે આવી દિવાની આવી,
હર્ષ ઉલ્લાસ અને અજવાળા લાવી સાથે,
નાના ને મોટા સૌ કરે મોજ,
ભાઈ આતો દિવાળીનો ત્યોહાર છે.
: શુભેચ્છક :
Sitaram Suppliers
Authorised Transporters and all Type of
Materials Suppliers
At. Kovaya, Tal. Rajula - 365560, Dist. Amreli. (Guj.)
Umeshbhai B. Lakhanotra
Ultra tech Cement Ltd. Kovaya
(Mob.) 9737879777 Office No. 9574377277
E-Mail : sitaramsuppliers.9797@gmail.com


આયુર ગ્લો
Dr. Bina Rabadiya
દિવાળી સુધી
Festival Camp
7
DAYS
REMAINING
Festival
Facial
માત્ર
₹999
Laser Hair
Reduction
Treatments અને
Packages પર
Flat 50% OFF
We Offer These Facials
Benefits of Our Facials
Hydra Facial
Carbon Peeling
Hydra + Carbon
Face PRP
Instant Glow & Radiance
Deep Cleansing & Pore Care
Hydration & Skin Revitalization
Dullness & Uneven Skin Tone Improvement
Appointment આજે જ Book કરો!
+91 91060 20550
HDFC BANK Same, Manekpara, Amreli.


શુભ દીપાવલી એવમ્ નૂતન
વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
PRIME GROUP
QUALITY | ACCURACY | PUNCTUALITY
PRIME GROUP
QUALITY | ACCURACY | PUNCTUALITY
Prime Erector
Fabricators Pvt. Ltd.
F-124-D, Road No. 5
Indraprastha Industrial Area,
Kota-324005 (Rajasthan)


શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
WELL - FABS
ENGINEERING CONTRACTORS
C/o. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Ta. Rajula, Dist. Amreli. E-Mail : wellfabskovaya@gmail.com

ગુજરાત સરકારના કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ - કાયદાકીય અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી

શ્રી કૌશિકભાઇ વેકરીયા

તરફથી આપને દિવાળી એવમ્ નૂતનવર્ષાભિનંદન ની ખુબ ખુબ શુભેચ્છાઓ

દિવાળીથી આપ સૌના દિલમાં માનવતાના દીપ પ્રગટે,
નૂતનવર્ષથી આપના જીવન નવે પલ્લવીત થાય
એજ અભ્યર્થના સહ શુભકામનાઓ...



એક જ ધ્યેય, એક જ લક્ષ્ય, એક જ સંકલ્પ

સુવિધા સંપન્ન અમરેલી

શુભ દીપાવલી

એવમ્

નૂતન વર્ષાભિનંદન

આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ તમને અને
તમારા પરિવારના જીવનને
વધુ પ્રકાશિત કરે એવી હદયપૂર્વક શુભકામનાઓ.....



સર્વે સમાજના હૃદયમાં વસેલા

સૌના સરદાર, જય સરદાર

ગોપાલભાઈ પી. વસ્તપરા
ચમારડી

પ્રદેશ અધ્યક્ષ– ગુજરાત રાજય અખીલ
ભારતીય કર્મી ક્ષત્રિય મહાસભા

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)